CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 16

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 106, Dt. 01-09-2026 (TUESDAY) Rs. 02/- Page : 34, RNI No. GUJGUJ/2023/84789

## આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારને 90 દિવસમાં સરકાર વળતર ચૂકવે

## નવી FIR પણ નોંધાશે નહીં

### સુપ્રીમ કોર્ટનો 'સુપર' નિર્ણય



# જંતર-મંતરના વિરોધ પ્રદર્શનની તમામ FIR રદ્દ



## કોકરોચ જનતા પાર્ટીએ 5 સપ્ટેમ્બર માર્ચ પાછો ખેંચ્યો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંગળવારે કોકરોચ જનતા પાર્ટીના આંદોલન સાથે જોડાયેલી તમામ FIRને રદ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય માટે બંધારણની કલમ ૧૪૨માં આપેલી સત્તાઓનો ઉપયોગ કર્યો. જોકે, સરકારે કહ્યું કે પ્રદર્શન દરમિયાન ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા ૨,૮૭૩ લોકો ત્યાં પહોંચ્યા હતા. આમાંથી જે લોકોએ તે દરમિયાન મારપીટ અથવા સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હોય તો તેમના પર આ કેસ ચાલુ રહેશે.

સુનાવણી પહેલાં કોકરોચ જનતા પાર્ટીએ ૫ સપ્ટેમ્બરના માર્ચને પાછો ખેંચી લીધો. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પછી CJP નેતાઓ સાથે કરવામાં આવેલા ત્રણેય વચનો પૂરા કરવા માટે સરકાર વચનબદ્ધ છે.

NEET પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ પર નોંધાયેલી ૧૩ FIR રદ કરવાની દિલ્હી પોલીસની અરજી ૩૧ ઑગસ્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દાખલ કરી હતી. SG મહેતાએ કહ્યું હતું- અમે એક IA (ઈન્ટરલોક્યુટરી એપ્લિકેશન) દાખલ કરવા માંગીએ છીએ. આ પ્રદર્શન સાથે જોડાયેલું છે અને FIR રદ કરવા માટે છે.

અરજીમાં કહેવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકારના ૨૫ જુલાઈના નિર્ણય અનુસાર, દિલ્હી પોલીસ કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શનો સાથે જોડાયેલી ૧૩ FIR આગળ ચલાવવા નથી માંગતી.

૨૦ જુલાઈએ CJPના નેતૃત્વમાં દિલ્હીમાં યોજાયેલા માર્ચ દરમિયાન પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સંસદ તરફ આગળ વધી રહેલી ભીડને રોકવા માટે સુરક્ષાકર્મીઓએ લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો.

આ પછી વિદ્યાર્થીઓનું આંદોલન ઘણા શહેરો સુધી ફેલાઈ ગયું. તેમની મુખ્ય માગ તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધામનું રાજીનામું હતું. આંદોલન ૨૦ જૂને જંતર-મંતરથી શરૂ થયું હતું. પ્રધાનના રાજીનામા અને સરકાર તરફથી CJPની બીજી માગણીઓ સ્વીકાર્યા પછી ૨૫ જુલાઈએ આંદોલન સમેટી લેવામાં આવ્યું હતું.

## હું ભાજપ મહામંત્રી છું લોકોને ફરાળ કરવા દો પણ એ ડિવિઝન PI ટસના મસ થયા નહીં લોકોને દૂર કરી વાહનો હટાવી પસાર થયા

# રામનાથ મહાદેવ મંદિરે PIએ ફરાળ કરતા ભક્તો વચ્ચે ગાડી ઘુસાડી 'દાદાગીરી'નો આરોપ



## ભાજપ આગેવાન જીતુ મહેતાએ શહેર પ્રમુખને કહ્યું પોલીસ અધિકારીનું વર્તન શોભે તે પ્રકારનું ન હતું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રાવણ માસના ત્રીજા સોમવારે રામનાથ મહાદેવ મંદિર પાસે રાત્રિના સમયે હજારો ભાવિકો ફરાળ કરી રહ્યા હતા ત્યારે એ ડિવિઝનના પી.આઈ.એ તેઓની વચ્ચેથી ધરારથી પોતાની પોલીસ જીપ કાઢી હતી.

આ સમયે ત્યાં ઉપસ્થિત શહેર ભાજપ આગેવાન જીતુ મહેતા અને રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વલ્લભ દુધાત્રાએ પી.આઈ.ને આમ ન કરવા વિનંતી કરી હતી જોકે એ ડિવિઝનના પી.આઈ. ટસના મસ થયા ન હતા અને ફરાળ કરી રહેલા લોકોને દૂર કરી તેમજ વાહનો હટાવીને તેઓની વચ્ચેથી જ પસાર થઈ રવાના થઈ ગયા હતા.

આ ઘટના અંગે ભાજપ આગેવાન જીતુ મહેતાએ જણાવ્યું હતું કે વર્ષોથી શ્રાવણ મહિનાના દર સોમવારે ભાવિકોને ફરાળી ચેવડો અને દહીંનું ફરાળ કરાવવામાં આવે છે. આ વર્ષે પણ સોમવારે ફરાળનું આયોજન કરવામાં આવ્યું હતું.રામનાથપરા મંદિર અને તેની આસપાસમાં હજારો લોકો જેમાં મહિલા અને બાળકો પણ હતા તેઓ ફરાળ કરી રહ્યા હતા ત્યારે એક શેરીમાંથી એ ડિવિઝનના પી.આઈ. સરકારી જીપ લઈને નીકળ્યા હતા.ભીડ વધુ હોવાથી તેઓ આગળ વધી શકે તેમ ન હતા. આથી તેમની સાથે રહેલા સ્ટાફને નીચે ઉતારીને ફરાળ કરી રહેલા લોકોને દૂર કર્યા હતા અને વાહનો પણ હટાવ્યા હતા. કેટલાક પાથરણાવાળાઓને પણ ધમકાવ્યા હતા.

આ અંગે જાણ થતાં પોતે પી.આઈ. પાસે દોડી ગયા હતા અને જણાવ્યું હતું કે અહીંયા શ્રાવણ માસ દરમિયાન પોલીસ કમિશનર દરજ્જાના અધિકારી આવે છે તો તેઓ પણ ચાલીને જ બંદોબસ્ત સહિતની કાર્યવાહી નિહાળે છે.લોકોને ફરાળ કરી લેવા દો ત્યારબાદ તમે જીપ લઈને નીકળી જજો, તેવી વિનંતી કરી હતી. રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વલ્લભ દુધાત્રાને પણ જાણ થતાં તેઓ પણ ઘટનાસ્થળે આવ્યા હતા અને પી.આઈ.ને વિનંતી કરી હતી કે તમે જે કરી રહ્યા છો તે ખોટું છે. જોકે પી.આઈ. ટસના મસ થયા ન હતા અને ફરાળ કરી રહેલા હજારો લોકોની વચ્ચેથી જ જીપ કાઢી હતી. જીતુ મહેતાએ જણાવ્યું હતું કે આટલા વર્ષોમાં ક્યારેય આવું નથી થયું. પી.આઈ.ને અનેક વખત વિનંતી કરી પરંતુ તેઓ સત્તાના મદમાં હતા. આ સમયે ત્યાં ઉપસ્થિત લોકોમાં રોષ પણ હતો આથી શહેર ભાજપ પ્રમુખને આ ઘટનાની જાણ કરવામાં આવી હતી. તેઓએ જણાવ્યું હતું કે મંગળવારે ભાજપ કાર્યાલયે આવીને આખી ઘટના શું હતી તેની જાણકારી બાદ શું કરવું તેનો નિર્ણય લેવાશે.

### રા.લો. સંઘ ચૂંટણીમાં ભાજપ હાઈકમાન્ડ માટે મોટો પડકાર

# લોધિકા સંઘની ચૂંટણીમાં 'પાર્ટી લાઈન' બહાર પરિણામના એંધાણ?

## 2-3 બેઠકો પર 'બળવો' પરિણામ બદલી શકે !




**સિટી ન્યૂઝ@રાજકોટ**


રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. પાંચ બેઠકો પર ચૂંટણી જંગના સમીકરણો સતત બદલાઈ રહ્યા છે અને ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે પણ પડકાર ઊભા થવાના એંધાણથી સ્થાનિક રાજકારણમાં ચર્ચા તેજ બની છે.પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીની બેઠક સૌથી વધુ ચર્ચામાં છે. એક જૂથ રૈયાણી અને બાબુ નસીતને હરાવવા માટે સક્રિય થયું હોવાની ચર્ચા વચ્ચે મતદારોને પોતાની તરફ ખેંચવા માટે બંને જૂથો વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે.આ ચૂંટણીને લઈને ભાજપ હાઈકમાન્ડ જો ગંભીરતાથી ધ્યાન નહીં આપે તો પાર્ટી માટે મોટું રાજકીય જોખમ ઊભું થઈ શકે છે, તેવી ચર્ચા સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.પાર્ટીએ નક્કી કરેલા ઉમેદવારો પૈકી બેથી ત્રણ બેઠકો પર નવાજૂનીના એંધાણ મળી રહ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. સત્તાવાર ઉમેદવારો સામે અસંતોષ, જૂથવાદ અને આંતરિક સમીકરણો ચૂંટણીનું ગણિત બદલી શકે તેવી સ્થિતિ સર્જાઈ છે.પૃથ્વીસિંહ જાડેજા (ઘોઘુભા) અને વિજય સખીયા વચ્ચે પણ મતદારો પર પકડ મજબૂત કરવા માટે રસાકસી ચાલી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.રાજકોટ યાર્ડના ચેરમેન જયેશ બોઘરાની મંડળીના એક સભ્યને હરીફ જૂથે પોતાની તરફ ખેંચી લીધા બાદ સમીકરણોમાં વળાંક આવ્યો હતો. જોકે, ત્રીજા દિવસે બોઘરા પોતાના સમર્થકને હરીફ જૂથની છાવણીમાંથી પરત ખેંચી લાવ્યા હોવાની ચર્ચા છે. પરિણામે ફરી બંને જૂથ વચ્ચે કસોકસનો મુકાબલો જામ્યો છે. અરવિંદ રૈયાણીના ગ્રુપ નંબર-૧ના ચાર પૈકી ત્રણ મતદારો ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાની ચર્ચાએ પણ રાજકીય ગરમાવો વધાર્યો છે. જો આ સ્થિતિ યથાવત્ રહે તો રૈયાણી માટે પોતાની બેઠક જાળવી રાખવી પડકારજનક બની શકે છે.રૈયાણી વિરુદ્ધના મોરચાને બે ધારાસભ્યોના પરદા પાછળથી આશીર્વાદ હોવાની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં છે. જોકે, આ દાવાની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.હલેન્ડા બેઠક પર ભાજપના સત્તાવાર ઉમેદવાર મનાતા મહેશ આસોદરિયા (રાદડિયા જૂથ) સામે પડકાર ઊભો થયો હોવાની ચર્ચા છે અને અહીં બળવાના એંધાણ જોવા મળી રહ્યા છે.બીજી તરફ કસ્તુરબાધામ (ત્રંબા બેઠક)*માં પણ જીત મેળવવા માટે બે જૂથો આમને-સામને આવી ગયા છે. બંને પક્ષો પોતાના સમર્થકોને એકત્રિત કરવામાં સક્રિય બન્યા છે.

### ભાજપે સત્તાવાર ઉમેદવાર તરીકે રૈયાણીની જાહેરાત કરી હતી

# અરવિંદ રૈયાણીને હરાવવાનો ખેલ ?

## હરિફ ઉમેદવાર 3 મતદારોને લઈ શનિદેવના મંદિરે જઈને વીડિયો બનાવ્યો

રાજકોટ લોધિકા ખરીદ વેંચાણ સહકારી સંઘની ચૂંટણીમાં ભાજપના બે જૂથ આમને સામને આવી જતા જબરી રસાકસી સર્જાઈ છે, આગામી તા.૮ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણી પૂર્વે અવનવા દાવપેચ ખેલાઈ રહ્યા છે, દરમિયાન તાજેતરમાં મતદારોને દબાવવા પ્રયાસ થઈ રહ્યા અંગેનો વીડિયો વાયરલ થતાં ચકચાર મચી છે.રા.લો. સંઘની કુલ ૧૬ બેઠકમાંથી ૧૧ બિનહરીફ થઈ ગઈ છે,બાકીની પાંચ બેઠક ત્રંબા, માધાપર, પાડાસણ, કુવાડવા અને ખોખડદળ ઉપર સીધો જંગ છે.કુવાડવા બેઠક ઉપર રાજ્યના પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સામે નીતિન ચોવટિયા મેદાનમાં છે, જે પ્રતિષ્ઠાનો જંગ બન્યો છે. નીતિન ચોવટિયાએ ત્રણ મતદારો સાથે શનિદેવના મંદિરે જઈને વીડિયો બનાવ્યો છે જેમાં એવો કથિત આક્ષેપ કર્યો છે કે કુવાડવા બેઠકના ત્રણ મતદારોએ સમજૂતી કરીને નીતિન ચોવટિયાને ઉમેદવાર બનાવ્યા હતા, પણ ચોથા મતદાર અરવિંદ રૈયાણી એડી ચોટીનું જોર લગાવી મતદારોને દબાણ કરી રહ્યા છે. વીડિયોમાં મતદારે પોતે ભાજપના આજીવન સમર્થક હોવાનું કહી પ્રદેશ ભાજપના હોદ્દેદારોને એવી અપીલ કરી છે કે આ બાબતે પ્રદેશ કક્ષાએથી પક્ષ દરમિયાનગીરી કરે, તદ્ઉપરાંત તેમણે શનિદેવની સાક્ષીએ એકજૂટ રહેવાનો સંકલ્પ લીધો હોવાનું પણ વીડિયોમાં જણાવ્યું છે. ભાજપે બુધવારે જ કુવાડવાથી અરવિંદ રૈયાણીને સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યા હતા, પણ હરીફ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચવાનો ઈન્કાર કરતા બળવાની સ્થિતિ બની છે.



## ધાર્મિક આસ્થા સાથે ખિલવાડ; જૈન સ્વિટ્સમાંથી મળી આવી મકાઈના લોટવાળી પેટીસ

# રાજકોટમાં ફરાળના નામે ફ્રોડ સાથે ભેળસેળનો કાળો કારોબાર !






## ફૂડ વિભાગનો સપાટો, 44 પેઢીઓમાં દરોડા પાડી 52 કિલો અખાદ્ય જથ્થાનો નાશ કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પવિત્ર તહેવારોના દિવસોમાં ફરાળના નામે લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થતા હોવાની આશંકા વચ્ચે રાજકોટ મહાનગરપાલિકા (RMC) ના ફૂડ વિભાગે શહેરમાં લાલ આંખ કરી છે. ફરાળી પેટીસ અને અન્ય ફરાળી ખાદ્યચીજોમાં સ્ટાર્ચ કે અન્ય રો-મટિરિયલની ભેળસેળ રોકવા તેમજ ગંદકી કરતા એકમો સામે કડક કાર્યવાહી કરવા ફૂડ વિભાગ દ્વારા મેગા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેલન્સ ડ્રાઈવ અંતર્ગત કુલ ૪૪ જેટલી પેઢીઓમાં ઘનિષ્ઠ તપાસ કરવામાં આવી હતી, જેના કારણે ભેળસેળિયા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ આકરા ચેકિંગ દરમિયાન ફૂડ વિભાગની ટીમે પર કિલો જેટલો વાસી અને અખાદ્ય જથ્થો પકડી પાડી તેનો ઘટનાસ્થળે જ નાશ કર્યો હતો. હાઈજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ અને લાયસન્સના અભાવે ૩ પેઢીઓને કડક નોટિસ ફટકારવામાં આવી છે અને કુલ રૂ. ૩,૫૦૦નો વહીવટી દંડ વસૂલવામાં



આવ્યો છે. ખાસ કરીને 'જૈન સ્વિટ નમકીન & સ્નેક્સ'માંથી મકાઈ અને બટેટાના સ્ટાર્ચવાળો ૩૨ કિલો અખાદ્ય માવો ઝડપાયો હતો, જ્યારે 'કૃષ્ણમ કાઠિયાવાડી'માંથી વાસી સબ્જી અને બાંધેલા લોટ સહિતનો ૨૦ કિલો જથ્થો નાશ કરી દંડ વસૂલવામાં આવ્યો હતો.

માત્ર નાશ અને દંડ પૂરતી જ કાર્યવાહી સીમિત ન રાખતા, ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ એક્ટ (FSS-એક્ટ) હેઠળ વિવિધ ફરસાણ અને મીઠાઈની દુકાનોમાંથી કુલ ૧૭ શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા છે. જેમાં ફરાળી પેટીસનો લોટ, તીખા ગાંઠિયા, પાપડી, સેવ, શક્કરપારા, ગુલાબ પુરી અને ખારા સકરપારા જેવા લુઝ ફરસાણનો સમાવેશ થાય છે. શ્રી લક્ષ્મી સ્વીટ, હર ભોલે ફરસાણ, જલારામ ફરસાણ અને ચામુંડા ફરસાણ સહિતની અનેક જાણીતી પેઢીઓમાંથી આ સેમ્પલ લઈ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

આ ઉપરાંત, નાગરિકોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ફૂડ વિભાગ દ્વારા ગુરુ પ્રસાદ ચોક, રૈયા રોડ, કાલાવડ રોડ અને ૧૫૦ ફૂટ રીંગ રોડ સહિતના વિસ્તારોમાં આવેલી વધુ ૨૯ જેટલી પેઢીઓ પર સ્થળ તપાસ કરવામાં આવી હતી. જેમાં ડેરી ફાર્મ, પ્રોવિઝન સ્ટોર, પાન પાર્લરથી માંડીને જાણીતી રેસ્ટોરન્ટ્સ જેવી કે બર્ગર કિંગ, સેલિબ્રેશન ફેમિલી રેસ્ટોરન્ટ અને પટેલ વિહાર રેસ્ટોરન્ટનો પણ સમાવેશ થાય છે. તંત્રની આ ઝુંબેશ સ્પષ્ટ સંકેત આપે છે કે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા અને અખાદ્ય સામગ્રી વેચનારાઓ સામે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં.

## પોરબંદર LCBએ ડુપ્લિકેટ ઘીનું મોટું કૌભાંડ ઝડપી પાડ્યું




# સૌરાષ્ટ્રમાં નકલી ઘીના ગોરખધંધાનો પર્દાફાશ

### 850 કિલોથી વધુ નકલી અને વનસ્પતિ ઘીનો જથ્થો સીલ, લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા તત્વો સામે પોલીસની લાલ આંખ




**સિટી ન્યૂઝ@પોરબંદર**

પોરબંદર જિલ્લામાં જનતાના આરોગ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા તત્વો પર પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) એ કડક કાર્યવાહી કરી છે. જૂનાગઢ રેન્જના ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને પોરબંદર એસપી ભગીરથસિંહ જાડેજાની સૂચના હેઠળ કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તારના છાંયા ગાંધીઆશ્રમ પાસે એક મકાનમાં દરોડો પાડીને નકલી ઘી બનાવવાનું કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું છે.

એલસીબીને મળેલી ગુપ્ત બાતમીના આધારે છાંયા ગાંધીઆશ્રમ પાસે ધીરુભાઈ ઓડેદરાના ભાડાના મકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. અહીંથી નાગાજણ અરજણભાઈ દાસા (ઉ.વ. ૫૦) નામનો શખ્સ શંકાસ્પદ રીતે ભેળસેળયુક્ત ઘી તૈયાર કરી સંગ્રહ કરતો પકડાયો હતો. પોલીસે સ્થળ પરથી ૧૫ કિલોની ક્ષમતાવાળા શંકાસ્પદ ઘીના ૯ ડબ્બા (કુલ ૧૩૫ કિલો) અને 'FRESH CO' વનસ્પતિ ઘીના ૪૯ બોક્સ (કુલ ૭૩૪ કિલો) જપ્ત કર્યા છે. આ મામલાની જાણ થતા તાત્કાલિક ફૂડ સેફ્ટી ઓફિસર વી. જે. ભાટુએ શંકાસ્પદ ઘીના સેમ્પલો લઈ તપાસ અર્થે મોકલી આપ્યા છે. હાલમાં આ તમામ જથ્થો સીલ કરી આરોપી વિરુદ્ધ ફૂડ એન્ડ ડ્રગ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, એલસીબી દ્વારા અગાઉ પણ કીર્તિમંદિર વિસ્તારમાંથી નકલી ઘી, કમલાબાગ વિસ્તારમાંથી ગેરકાયદેસર દારૂની ફેક્ટરી અને કુતિયાણામાંથી નકલી દૂધ બનાવવાનું કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું હતું.

# રાજકોટ મનપાનું મહાકૌભાંડઃ ગરીબો છત માટે રઝળે છે અને લાડકાઓને પધરાવી દેવાયા બબ્બે આવાસ !

## સચોટ પુરાવાઓ સામે આવવા છતાં ઉચ્ચ અધિકારીઓના આંખ આડા કાનઃ મ્યુનિ.કમિશનર અજાણ કે પછી કાર્યવાહી કરવામાં પાછીપાની?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આવાસ યોજનામાં વધુ એક ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. એક તરફ શહેરમાં હજારો ગરીબ અને બેઘર લોકો પોતાના હકના ઘર માટે વલખાં મારી રહ્યા છે, તો બીજી તરફ મનપાના બાબુઓની મિલીભગતમાં ૧૧ જેટલી વ્યક્તિઓને બે-બે સરકારી આવાસ ફાળવી દેવામાં આવ્યા હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે. અગાઉ હાર્દિક જોશી નામના વ્યક્તિને બે આવાસ મળ્યાની ઘટના સામે આવ્યા બાદ, હવે વધુ ૧૦ લોકોના નામ સચોટ પુરાવા સાથે સામે આવતા મનપામાં ભારે ખળભળાટ મચી ગયો છે. કુલ ૧૧ વ્યક્તિઓને ૨૨ આવાસ પધરાવી દઈને ગરીબોના હક પર સીધી તરાપ મારવામાં આવી છે.
આ સમગ્ર કૌભાંડે મનપાની વેરિફિકેશન સિસ્ટમની પોલ ખોલી નાખી છે. સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે એક જ નામની વ્યક્તિને અલગ-અલગ બે જગ્યાએ આવાસ ફાળવવામાં આવ્યા ત્યારે આવાસ વિભાગના લેભાગુ અધિકારીઓ શું કરી રહ્યા હતા? આ માત્ર સિસ્ટમની નબળાઈ છે કે પછી ટેબલ નીચેથી વહીવટ કરીને ચોક્કસ 'સિસ્ટમ' ગોઠવવામાં આવી છે? આશ્ચર્યની વાત એ છે કે આટલા મોટા કૌભાંડના સચોટ પુરાવાઓ હોવા છતાં ઉચ્ચ અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. શું રાજકોટના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા આ સમગ્ર મામલાથી સાવ અજાણ છે કે પછી ભીનું સંકેલવાના પ્રયાસો થઈ રહ્યા છે?
આ કૌભાંડમાં ખુલ્લા પડેલા નામો અને સ્થળોની વિગતો ચોંકાવનારી છે. હાર્દિક જોશી (મવડી અને લાઈટ હાઉસ પ્રોજેક્ટ) ઉપરાંત અન્ય ૧૦ લોકોને પણ બબ્બે મકાનોની લ્હાણી થઈ છે. જેમાં જયેશકુમાર નગવાડરિયા, બીનાબેન જેઠવા અને અલકાબેન કોટકને રાણી ટાવર તથા હેવલોક એપાર્ટમેન્ટ પાસે બબ્બે આવાસ ફાળવાયા છે. કમલજીતસિંહ ઝાલા, ગગજીભાઈ મીઠાપરા, ભાવનાબેન ઉપાધ્યાય અને રચના શેઠને લાઈટ હાઉસ પ્રોજેક્ટ અને પુનિત પાર્ક (વાવડી) ખાતે બે-બે આવાસ અપાયા છે. આ ઉપરાંત મનીષાબેન જોટંગીયા (સ્માર્ટ ઘર અને લાઈટ હાઉસ), પ્રવિણસિંહ ગોહિલ (સ્માર્ટ ઘર અને રાણી ટાવર) તથા વાલીબેન મકવાણા (પુનિત પાર્ક અને સ્માર્ટ ઘર) ના નામે પણ અલગ-અલગ બે આવાસ બોલી રહ્યા છે.
આ તમામ ૧૧ નામો અને તેમને ફાળવાયેલા આવાસોની વિગતોએ મનપાના કહેવાતા પારદર્શક વહીવટના લીરેલીરા ઉડાડી દીધા છે. કોના આશીર્વાદથી આ ખેલ ખેલાયો અને ગરીબોના મકાનો કોના ખિસ્સા ભરવા માટે અન્યને પધરાવી દેવાયા, તેની તટસ્થ તપાસ થાય તે અત્યંત જરૂરી છે. જો આ મામલે ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો મનપાના ભ્રષ્ટ અધિકારીઓ અને વગદાર માથાઓની સંડોવણી બહાર આવી શકે તેમ છે. જનતા હવે તંત્ર દ્વારા કડક અને પારદર્શક કાર્યવાહીની રાહ જોઈ રહી છે.

### આવાસ વિભાગનાં ચેરમેન દિલીપ લુણાગરીયાએ કહ્યું

## તમામના એક-એક આવાસ રદ કરાશે

આવાસ કૌભાંડ મામલે જે લાભાર્થીને બે બે આવાસ મળેલા છે તે લાભાર્થી કોર્પોરેશન ખાતે પહોંચ્યા હતા. એક આવાસ પરત આપવા લાભાર્થી મનીષાબેન જોટંગીયા પતિ વિનુભાઈ પહોંચ્યા આવાસ વિભાગના ચેરમેન પાસે. મનીષાબેન જોટંગીયાને એક આવાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં મળેલ છે તો બીજું આવાસ સીતાજી ટાઉનશિપમાં મળ્યું છે. લાભાર્થી જે તે સમયે અધિકારી કૌશિક ઉનાવાને મળ્યા હતા. આવાસ વિભાગના ચેરમેન દિલીપ લુણાગરિયાએ કહ્યું બે બે આવાસ હોય તે તમામને ફોન કરીને એક એક આવાસ રદ કરાશે. સમગ્ર મામલે ક્યાં ક્યાં અધિકારીઓ ની સંડોવણી છે તે મામલે આવાસ વિભાગના ચેરમેને તપાસના આદેશ આપ્યા.



## 11 વ્યક્તિઓને 22 આવાસની ફાળવણી થતાં ખળભળાટ મનપાની સિસ્ટમમાં 'સેટિંગ' કે વેરિફિકેશનમાં મોટી ચૂક?

### કયા અને કોને બે-બે આવાસ ફાળવ્યા? તેની સંપૂર્ણ માહિતી

૧ ) હાર્દિક અશોકભાઈ જોશી
એક આવાસ મવડી વિસ્તાર , બીજું આવાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં

૨) જયેશકુમાર વસંતરાય નગવાડરિયા
એક આવાસ રાણી ટાવર પાસે , બીજું આવાસ હેવલોક એપાર્ટમેન્ટ પાસે

૩) કમલજીતસિંહ ભૂપતસિંહ ઝાલા
એક આવાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં , બીજું આવાસ પુનિત પાર્ક પાસે વાવડી વિસ્તાર

૪) મનીષાબેન વિનોદભાઈ જોટંગીયા
એક આવાસ સ્માર્ટ ઘર પ્રોજેક્ટ , બીજું આવાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં

૫) બીના ભીખુભાઈ જેઠવા
એક આવાસ રાણી ટાવર પાસે , બીજું આવાસ હેવલોક એપાર્ટમેન એપાર્ટમેન્ટ પાસે

૬) ગગજીભાઈ જગાભાઈ મીઠાપરા
એક આવાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં , બીજું આવાસ પુનિત પાર્ક પાસે વાવડી વિસ્તાર

૭) પ્રવિણસિંહ જોરૂભા ગોહિલ
એક આવાસ સ્માર્ટ ઘર પ્રોજેક્ટમાં , બીજું આવાસ રાણી ટાવર પાસે

૮) અલકાબેન ભાવેશભાઈ કોટક
એક આવાસ રાણી ટાવર પાસે , બીજું આવાસ હેવલોક એપાર્ટમેન્ટ પાસે

૯) ભાવનાબેન ભરતભાઈ ઉપાધ્યાય
એક આવાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં, બીજું આવાસ પુનિત પાર્ક પાસે વાવડી વિસ્તાર

૧૦) વાલીબેન પ્રવીણભાઈ મકવાણા
એક આવાસ પુનિત પાર્ક પાસે વાવડી વિસ્તાર,બીજું આવાસ સ્માર્ટ ઘર પ્રોજેક્ટમાં

૧૧) રચના હિરેન શેઠ
એક આવાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં, બીજું આવાસ પુનિત પાર્ક પાસે વાવડી વિસ્તાર



## ચાની ચૂસકી મોંઘી : હવે ચાની કિટલીએ મહેમાનોની આગતા-સ્વાગતા કેવી રીતે કરવી?

# રાજકોટમાં આખી ચા 30ની ભાવ વધારો લાગુ

## ખાંડ, દૂધ અને ચાની ભૂક્કીના ભાવો સતત વધતા લેવાયો નિર્ણય




**સિટી ન્યૂઝ@રાજકોટ**

મોંઘવારીનો માર હવે રાજકોટવાસીઓની રોજિંદી ચાની ચુસકી પર પણ પડ્યો છે. રાજકોટમાં આજથી ચાના ભાવમાં વધારો લાગુ કરવામાં આવ્યો છે. નવા ભાવ મુજબ અગાઉ ૧૦માં મળતી અડધી ચા હવે ૧૫ અને ૨૦ની આખી ચા હવે ૩૦માં મળશે.

ચાના ભાવમાં વધારા પાછળ ખાંડ સહિત ચા બનાવવામાં વપરાતી સામગ્રીના વધેલા ભાવ જવાબદાર હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. તાજેતરના અહેવાલો મુજબ ખાંડના ભાવમાં નોંધપાત્ર વધારો થતાં ચાની કિટલી અને હોટલ સંચાલકો માટે જૂના ભાવે ચા વેચવી મુશ્કેલ બની હતી.

રાજકોટમાં રોજબરોજ ચા પીનારા લોકો માટે આ ભાવવધારો સીધો માસિક ખર્ચમાં વધારો કરશે. અગાઉ ચા પાછળ મહિને આશરે ૧,૫૦૦નો ખર્ચ થતો હોય તો હવે આ ખર્ચ ૨,૨૦૦થી વધુ થઈ શકે છે, જેના કારણે સામાન્ય અને મધ્યમવર્ગના પરિવારના બજેટ પર વધારાનો બોજ પડશે.

ચાના ભાવ વધતા રાજકોટવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે. રોજની ચા હવે વધુ મોંઘી પડતા લોકોએ રમૂજી અંદાજમાં કહ્યું કે, “હવે ખર્ચો કાઢવા તો કર્તા પણ ફરજિયાત કરવી પડશે!”


ચાની એક નાની ચુસકી માટે પણ વધારાના રૂપિયા ચૂકવવાના થતાં મોંઘવારીની અસર હવે સામાન્ય માણસની રોજિંદી આદતો સુધી પહોંચી હોવાનું ચિત્ર સામે આવ્યું છે.




**સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને PMએ કહ્યું વૈશ્વિક સંકટમાં ભારતે 7.8% આર્થિક વૃદ્ધિ કરી**

# સોનાની ખરીદી ટાળો, દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવો: PMની દેશવાસીઓને અપીલ

## 7.8% આર્થિક વૃધ્ધિને લઈને દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા, મોદીએ કહ્યું આ સિધ્ધિ દેશવાસીઓની ઈચ્છાશક્તિ, મહેનત અને સામૂહિક તાકાતનું પરિણામ છે



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

પીએમ નરેન્દ્ર મોદીએ દેશના ૭.૮% આર્થિક વૃદ્ધિને લઈને દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે આ સિદ્ધિ દેશવાસીઓની ઈચ્છાશક્તિ, મહેનત અને સામૂહિક તાકાતનું પરિણામ છે.

તેમણે મંગળવારે સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરીને આ વાત કહી. પીએમએ ફરીથી લોકોને સોનાની ખરીદીને લઈને અપીલ કરી. તેમણે કહ્યું, જો જરૂર ન હોય તો સોનું ખરીદવું ન જોઈએ. આવી જ અપીલ ૧૧ મેના રોજ કરવામાં આવી હતી.

પીએમ મોદીએ કહ્યું- દેશની અંદર પણ કેટલાક લોકો નિરાશા ફેલાવવા અને જૂઠના સહારે માહોલ ખરાબ કરવામાં લાગેલા છે. આ તમામ પડકારોને પાર કરીને ભારતે ૭.૮%નો વિકાસ દર હાંસલ કર્યો છે. દેશે આ જ ગતિ જાળવી રાખવી પડશે અને આગળ પણ ઝડપથી વિકાસ કરવો પડશે.

તેમણે કહ્યું કે, વિદેશમાં ફરવા માટે યાત્રાઓ કરવા અને વિદેશમાં લગ્ન કરવાથી બચવું જોઈએ. લોકોએ મેક ઇન ઇન્ડિયાના મંત્ર સાથે આગળ વધવું જોઈએ. જો જરૂર ન હોય તો સોનું ન ખરીદવું જોઈએ. દેશમાં જેટલો વધુ સ્વદેશી અને આત્મનિર્ભરતા પર ભાર મૂકવામાં આવશે, તેટલી જ મજબૂતીથી ભારત આગળ વધશે.

પીએમ મોદી ભારતના વિદેશી મુદ્રા ભંડારને બચાવવા માટે આ અપીલ કરી રહ્યા છે. ભારત પોતાના વપરાશનું લગભગ ૯૯% સોનું વિદેશોમાંથી ખરીદે છે. ૨૦૨૫-૨૬માં સોનાનું આ આયાત બિલ લગભગ ૬.૪ લાખ કરોડ રૂપિયાનું હતું. વિદેશોમાંથી ખરીદવામાં આવતા સામાનના કુલ ખર્ચમાં ૯% હિસ્સેદારી સાથે સોનું બીજા નંબરે છે. હાલમાં સોનાની કિંમત લગભગ ૧.૫૨ લાખ ડોલર પ્રતિ કિલો છે. આ કિંમતો પર સોનું ખરીદવાથી ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ડોલર ઝડપથી ઘટશે. સોનાની વધેલી કિંમતોને કારણે ગોલ્ડ આયાતકારો હાથ પાછા ખેંચી રહ્યા છે અને ઓછું સોનું ભારત આવી રહ્યું છે. જો તમે સોનું નહીં ખરીદો, તો ભારતનું ઈમ્પોર્ટ બિલ ઘટશે. આનાથી ફોરેન રિઝર્વમાં ડોલર સ્થિર રહેશે અને રૂપિયો ઝડપથી નબળો નહીં પડે.

**નવો રેકોર્ડ : છેલ્લે ભારતમાં 1901ની સાલમાં ઓગસ્ટમાં 28.1 ગરમી હતી 2026માં રેકોર્ડ તૂટ્યો**



# 125 વર્ષમાં સૌથી ગરમ ઓગસ્ટ મહિનો

## ■ 2001 પછી 2026માં ઓગસ્ટમાં નોંધાયેલો આ સાતમો સૌથી ઓછો વરસાદ છે

## ■ સપ્ટેમ્બરમાં વરસાદ નહીં પડે તો અનેક રાજ્યમાં દુકાળ જેવી સ્થિતિ ઉભી થઈ શકે છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

હવામાન વિભાગે જણાવ્યું હતું કે પેસિફિક મહાસાગરમાં સક્રિય અલ નીનોને કારણે સપ્ટેમ્બરમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની ધારણા છે અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની ધારણા છે. IMD અનુસાર, દેશમાં ઓગસ્ટમાં ૨૧૩.૩ મીમી વરસાદ પડ્યો હતો, જે સામાન્ય કરતાં ઓછો હતો. ૨૦૦૧ પછી ઓગસ્ટમાં નોંધાયેલો આ સાતમો સૌથી ઓછો વરસાદ છે.

મૃત્યુંજય મહાપાત્રાએ સમજાવ્યું કે હાલમાં, વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ મજબૂત રહે છે. મધ્ય અને પૂર્વીય વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં વધુ છે. આગામી મહિનાઓમાં આ વધુ મજબૂત થવાની ધારણા છે. IMD અનુસાર, ઓગસ્ટમાં ચાર ઓછા દબાણવાળા વિસ્તારો બન્યા અને કુલ ૨૬ દિવસ સક્રિય રહ્યા. જો કે, આ વિસ્તારોમાંથી થયેલો વરસાદ મુખ્યત્વે ગંગાના મેદાનો સુધી મર્યાદિત હતો. તેના પરિણામે દેશના અન્ય ઘણા ભાગોમાં વરસાદની ઘટ જોવા મળી.

૧૯૭૧-૨૦૨૦ ના ડેટાના આધારે, સપ્ટેમ્બર વરસાદ માટે LPA આશરે ૧૬૭.૯ મીમી છે. પ્રાદેશિક રીતે, દેશના ઘણા ભાગોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની ધારણા છે. જોકે, ઉત્તરપશ્ચિમ, ઉત્તરપૂર્વ, પૂર્વ, પૂર્વ-મધ્ય અને દક્ષિણપૂર્વ દ્વીપકલ્પીય ભારતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ વરસાદ પડી શકે છે. વરસાદની શ્રેણીઓ (સામાન્યથી વધુ, સામાન્ય અને સામાન્યથી નીચે) ની સંભાવના-આધારિત આગાહીઓ દર્શાવે છે કે વરસાદ મોટાભાગે સામાન્ય કરતાં ઓછો રહેશે.

તાપમાન અંગે દેશના મોટાભાગના ભાગોમાં માસિક સરેરાશ મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની ધારણા છે. ઉત્તરપશ્ચિમ, પશ્ચિમ-મધ્ય અને ઉત્તરપૂર્વ ભારતના કેટલાક ભાગો સિવાય, જ્યાં તાપમાન સામાન્ય અથવા સામાન્યથી નીચે રહેવાની શક્યતા છે, મોટાભાગના પ્રદેશોમાં માસિક સરેરાશ લઘુત્તમ તાપમાન પણ સામાન્યથી વધુ રહેવાની ધારણા છે.

IMD અનુસાર, વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરમાં હાલમાં એક મજબૂત અલ નીનો સ્થિતિ યથાવત છે, અને મધ્ય અને પૂર્વીય વિષુવવૃત્તીય પેસિફિકમાં સમુદ્ર સપાટીનું તાપમાન સામાન્યથી વધુ છે. આગામી મહિનાઓમાં આ પરિસ્થિતિઓ વધુ મજબૂત થવાની ધારણા છે. હાલમાં હિંદ મહાસાગરમાં એક તટસ્થ હિંદ મહાસાગર દ્વિધ્રુવીય પ્રવર્તે છે. IMD ના મોનસુન મિશન કપલ્ડ ફોરકાસ્ટ સિસ્ટમ (MMCFS)ની આગાહીઓ સૂચવે છે કે તટસ્થ IOD સ્થિતિ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેવાની શક્યતા છે.

## લોકમેળા સમિતિ, રાજકોટ તથા જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ દ્વારા આયોજિત

# ‘વિરાસતથી વિકાસ લોકમેળો-2026’

### -:: જાહેર નિમંત્રણ ::-

**તા.૦૨/૦૯/૨૦૨૬થી તા.૦૬/૦૯/૨૦૨૬, સમયઃ સવારે ૯:૦૦થી રાત્રે ૧૧:૦૦**

**સ્થળઃ– રેસકોર્ષ ગ્રાઉન્ડ, રાજકોટ**

**ઉદઘાટન સમારોહ સ્થળઃ શ્રી રમેશ પારેખ ઓપન થીએટર, રેસકોર્ષ ગ્રાઉન્ડ, રાજકોટ**

**તા.૦૨/૦૯/૨૦૨૬ સમય સાંજે ૪:૩૦ વાગે ઉદઘાટન કાર્યક્રમમાં પધારવા જાહેર નિમંત્રણ છે.**



## વિરાસતથી વિકાસ લોકમેળો-૨૦૨૬નું વિશેષ આકર્ષણ

**INDIAN NAVY BAND PERFORMANCE**

**તા.૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૬, સાંજે ૪:૩૦ વાગે**

**તા.૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૬, સાંજે ૭:૦૦ વાગે**

### સ્થાનિક કલાકારો દ્વારા કાર્યક્રમ

તા.૦૩/૦૯/૨૦૨૬ થી તા.૦૬/૦૯/૨૦૨૬, દરરોજ બપોરે ૩:૦૦ થી સાંજે ૮:૦૦ વાગ્યા સુધી

### –: દરરોજ સાંજે ૮–૦૦ થી ૧૧–૦૦ વાગ્યા સુધી નામાંકિત કલાકારો દ્વારા કાર્યક્રમ :–

તા.૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ : શ્રી ગોપાલ ભરવાડ

તા.૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૬: શ્રી રાજભા ગઢવી

તા.૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ : સુશ્રી સાંત્વની ત્રિવેદી

તા.૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૬: શ્રી ઉદય ધાંધલ

તા.૦૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ : શ્રી સાગર કાચા અને શ્રી દિવ્યેશ જેઠવાની જોડી

### -: નિમંત્રક :-

## ડો. ઓમ પ્રકાશ

**(આઈ.એ.એસ.)**

**અધ્યક્ષ, લોકમેળા સમિતિ અને કલેકટર, રાજકોટ જિલ્લા**



## લોકમેળામાં મહાલતા આટલું તો કરશો જ

» કચરો જ્યાં ત્યાં ન ફેંકતા, ડસ્ટબીનમાં જ કચરો નાંખો.

» કોઈપણ બીનવારસી વસ્તુઓને અડકશો નહીં તેમજ તાત્કાલિક આ અંગે પોલીસ કન્ટ્રોલરૂમને જાવા કરશો.

» શંકાસ્પદ હિલચાલો જણાતા પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરશો અને કાર્યવાહી થાય ત્યાં સુધી તેના પર નજર રાખશો.

» અન્ય કોઈ પ્રકારની ફરીયાદ/રજુઆત માટે સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ(પોલીસ કન્ટ્રોલ રૂમની બાજુમાં) ખાતે જાણ કરશો.

» ઈમરજન્સી માટે આરોગ્ય સ્ટાક પોલીસ હેડકવાર્ટર તરફના ગેઈટ પાસે ઉપલબ્ધ છે. ડયુટી સ્ટાફને સહકાર આપશો.

» ધકકા મુકકી નહી કરતાં લોકમેળો શાંતિથી માણીએ.

» કોઈપણ ઈલેક્ટ્રીક પોલ કે વાયરીંગથી દુર રહેશો કોઈપણ જગ્યાએ ખુલ્લુ કે ભયજનક વાયરીંગ ધ્યાને આવતા કન્ટ્રોલ રૂમમાં જાશ કરશો.

» વિખુટા પડેલા બાળકો કે વ્યક્તિઓ માટે પોલીસ કન્ટ્રોલ રૂમ ખાતે જાહેરાતની વ્યવસ્થા રાખેલ છે ત્યાં જાણ કરશો.

» કોઈપણ ગૃપમાંથી તમે છુટા પડો તો પોલીસ કન્ટ્રોલ રૂમ સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ પાસે પહોંચીને જાણ કરશો.

» બગડેલી અથવા અખાદ્ય જણાતી ચીજવસ્તુઓ ન ખાશો.

» પીવાના પાણી માટે વિનામુલ્યે વ્યવસ્થા રાખવામાં આવેલ છે તેનો ઉપયોગ કરશો.

» લોકમેળામાં પરવાનગી સિવાયના વાહન પ્રવેશ ઉપર પ્રતિબંધ છે આપના તમામ વાહનો નિયત થયેલ કી પાર્કિંગના સ્થળે જ પાર્ક કરશો.

» રાઈડ્સમાં બેસતા સાવધાની અને સાવચેતી રાખવી જેથી અકસ્માત નિવારી શકાય.

» તમાકુ અથવા તેની બનાવટોનુ લોકમેળાના સ્થળે વેચાણ કરી શકાશે નહી.

» રાજકોટ મહાનગરપાલિકાના જાહેરનામા મુજબ પાણીના પાઉચ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ ફરમાવેલ હોય, જેથી લોકમેળામાં પાણીના પાઉચ, પ્રતિબંધિત પ્લાસ્ટિકની ઘેલી કે ઝબલા કે અન્ય પ્રતિબંધિત ઉત્પાદનોનો ઉપયોગ કરવો નહી.

» પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ ધ્વારા બહાર પાડવામાં આવેલ તમામ જાહેરનામાઓનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.

## ‘દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ’માં ઈસુદાન ગઢવીનું એલાન

# સરકાર ખેડૂતોની પડખે નથી એટલે આંદોલન કરવું પડે છેઃ ઈસુદાન

## ભાજપના નેતાઓને કંપની, ગ્રાન્ટ, ટેન્ડર દેખાય છે ફક્ત વરસાદનો નહીં સારા નેતાઓઓ પણ દુષ્કાળ પડ્યો છેઃ ગોપાલ ઈટાલિયા




» કાલે કેબિનેટમાં દુષ્કાળ જાહેર નહીં થાય તો આંદોલનનો બીજો તબક્કો શરૂ થશે : આપ

» સરકાર મદદ કરવાને બદલે સરપંચો અધિકારીઓ અને પોલીસને ધમકાવી રહી છે : આપ

સિટી ન્યૂઝ@પોરબંદર

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ખંભાળિયા ખાતે આયોજિત દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ માં મીડિયા સમક્ષ જામનગર, દ્વારકા અને પોરબંદર સહિત રાજ્યના અછતગ્રસ્ત વિસ્તારોની ગંભીર પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજે જ્યારે કુદરત સાથ નથી આપી રહી ત્યારે સરકારે ખેડૂતોની પડખે ઊભા રહેવું જોઈએ, પરંતુ કમનસીબે સરકારે પણ ખેડૂતોને આકાશ અને જમીન વચ્ચે નિરાધાર છોડી દીધા છે. અત્યારે જામનગર, દ્વારકા અને પોરબંદર જિલ્લામાં લાખો એકર જમીન અને લાખો ખેડૂતોની હાલત અત્યંત ખરાબ છે, સત્યાગ્રહના ચોથા દિવસે હજારો ખેડૂતો સ્વયંભૂ આંદોલનમાં જોડાઈ રહ્યા હોવા છતાં સરકારના પેટનું પાણી હલતું નથી. ખેડૂતો કોઈ વૈભવી માંગણીઓ નથી કરી રહ્યા, માત્ર પોતાના હકના વળતરની માંગ કરી રહ્યા છે. પરંતુ સરકાર ખેડૂતોને દુષ્કાળગ્રસ્ત રાહત આપવાના બદલે સરપંચો, કર્મચારીઓ, અધિકારીઓ અને પોલીસને ધમકાવીને આ



આંદોલનને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. હાલ ખેતરોમાં ચોમાસુ પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે, બિયારણનું નુકસાન થયું છે અને બોર-કૂવાના પાણી સુકાઈ રહ્યા હોવાથી શિયાળુ વાવણીની પણ કોઈ શક્યતા નથી. ખેડૂતોના ખિસ્સા ખાલી છે અને તેઓ કરજના ડુંગર તળે દબાયેલા છે, છતાં સત્તાધારી નેતાઓ આ મુદ્દાને ભટકાવવાના અને જ્ઞાતિવાદના વાડામાં વહેંચવાના પાપિયા પ્રયાસો કરી રહ્યા છે. ઈસુદાન ગઢવીએ તમામ ધારાસભ્યોને પત્ર લખીને મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવા અપીલ કરી છે અને સરકારને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આવતીકાલની કેબિનેટ બેઠકમાં રાજ્યને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં નહીં આવે, તો તેઓ બપોરે ૨ વાગ્યા પછી આંદોલનના બીજા તબક્કાની જાહેરાત કરશે. અંતમાં તેમણે તમામ ખેડૂતોને ભાવુક અપીલ કરતા કહ્યું હતું કે, કોઈ પણ ખેડૂત હિંમત ન હારે કે નિરાશ થઈને ખોટું પગલું ન ભરે; જ્યાં સુધી તેમના શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી તેઓ ખેડૂતોના ખાતામાં હકનું વળતર ન જમા થાય ત્યાં સુધી લડતા રહેશે.સત્યાગ્રહ છાવણી ખાતે મીડિયા સમક્ષ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતને બાદ કરતા લગભગ સમગ્ર ગુજરાતમાં નહિવત અથવા એકદમ ઓછો વરસાદ થયો છે. જેના કારણે ખેડૂતોનો પાક સુકાઈ રહ્યો છે. ખેડૂતે બિયારણ, ખાતર, પાણી, દવા, મજૂરી બધાનો ખર્ચો કરી નાખ્યો છે હવે જો પાક સુકાઈ જાય તો ગુજરાતભરના ખેડૂતોને કરોડોનું નુકસાન થાય એમ છે, એટલે સરકાર દુષ્કાળ જાહેર કરે અને ખેતી કરનાર લોકોને તથા ભાગ્યાઓને, મજૂરોને સરકાર મદદ કરે તો એક આર્થિક સંકટ ટાળી શકાય એમ છે. આ જ માંગ સાથે આમ આદમી પાર્ટીના નેતા અને ગુજરાતભરના ખેડૂતોનો અવાજ ઉઠાવનાર ઈસુદાન ગઢવીએ દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ શરૂ કર્યો છે. આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહે છે અને પોતાનો સુર પુરાવી રહ્યા છે. ઈસુદાનભાઈને જે સુકાઈ રહેલો પાક દેખાય છે એ ભાજપના નેતાઓને કેમ નથી દેખાતો? ભાજપના નેતાઓને કંપની, ગ્રાન્ટ અને ટેન્ડર દેખાય છે એટલા માટે મેં આ કાર્યક્રમમાં કહ્યું પણ ખરું કે ફક્ત વરસાદનો નહીં પરંતુ સારા નેતાઓનો પણ દુષ્કાળ પડ્યો છે.




# દિકરીએ 'બોયકટ' લૂક રાખતા પિતા-કાકાએ ગળું દબાવી મારી નાંખી

## મોટી પુત્રીને છોકરાઓ જેવા વાળ કપાવા માથું દિવાલ સાથે અથડાવી ગળું દબાવી દીધું

**સિટી ન્યૂઝ@ગ્વાલિયર**

મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લામાં, કાકા અને પિતાએ તેમની મોટી પુત્રીને છોકરાઓ જેવા વાળ કાપવા અને કામ કરવા બદલ લાકડીથી માર માર્યો. તેઓએ તેનું માથું દિવાલ સાથે અથડાવીને તેનું ગળું દબાવીને હત્યા કરી. તેઓએ નાની પુત્રીને પણ ખેંચીને માર માર્યો, તેનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો. સગીર છોકરી બેભાન થઈ ગઈ. આ ઘટના ડાબરાના પટરિયા પુરા ગામમાં બની હતી. મૃતકની ઓળખ અનુ ઉર્ફે નંદિની યાદવ (૨૧) તરીકે થઈ છે. તેના પિતા ભગવાન સિંહ યાદવ અને તેમના ભાઈ સંતોષ સિંહ યાદવ પર હત્યાનો આરોપ છે. ભગવાન સિંહે તેમની પત્નીને પણ એક રૂમમાં બંધ કરી દીધી હતી અને માર માર્યો હતો, અને છોકરીના દત્તક ભાઈને પણ માર માર્યો હતો. અનુ, જેને નંદિની તરીકે પણ ઓળખવામાં આવે છે, તે કર્ણાટકના વિજયપુરામાં એક મોલમાં કામ કરતી હતી. તે રક્ષાબંધન માટે ઘરે આવી હતી. તેનો પરિવાર બહાર કામ કરવા અને છોકરાઓ જેવા વાળ કાપવાથી તેના પર નારાજ હતો. પોલીસની પ્રારંભિક તપાસમાં આ પરિબળોને હત્યાના હેતુ તરીકે ઓળખવામાં આવ્યા છે.

સોમવારે બપોરે ભગવાન સિંહ અને સંતોષ ઘરે પહોંચ્યા. તેમણે પહેલા ૧૭ વર્ષની નાની દીકરી પર હુમલો કર્યો. તેમણે તેને ઘસડીને માર માર્યો અને ગળું દબાવવાનો પ્રયાસ કર્યો. તેની માતાએ દરમિયાનગીરી કરીને તેને બચાવી લીધી. સગીર લગભગ ૩૦-૪૦ મિનિટ સુધી બેભાન રહી. આ દરમિયાન, નંદિની તેના દત્તક ભાઈ મનમોહન પાંડે સાથે બીજા ઘરે હતી. એવો આરોપ છે કે તેના પિતા અને



કાકાએ પહેલા મનમોહન પર હુમલો કર્યો હતો. ભગવાન સિંહે તેનું માથું દિવાલ સાથે ઘણી વાર અથડાવ્યું હતું. આ દરમિયાન, તેને ચહેરા અને ગરદન પર ઈજા થઈ અને તે બેભાન થઈ ગયો. ત્યારબાદ બંને માણસોએ નંદિનીને માર માર્યો, તેનું માથું દિવાલ સાથે અથડાવ્યું અને લાકડીથી વારંવાર માર માર્યો. ત્યારબાદ તેઓએ સ્કાર્ફ વડે તેનું ગળું દબાવીને હત્યા કરી. પોલીસ તપાસમાં નંદિનીની ૧૭ વર્ષની બહેન સાથે સંકળાયેલો એક જૂનો કેસ પણ બહાર આવ્યો. સગીર બે વાર ઘરેથી ગુમ થઈ ગઈ હતી, અને પોલીસે બંને વાર તેને શોધી કાઢી હતી. ઘટના દરમિયાન, નંદિનીની માતાને પણ એક રૂમમાં બંધ કરીને માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ હત્યાના સમાચાર આખા ગામમાં ફેલાઈ ગયા. હત્યા બાદ ભગવાન સિંહ અને સંતોષ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. માહિતી મળતાં જ પિછોર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ શિવમ સિંહ રાજાવત પોલીસ ટીમ સાથે ગામમાં પહોંચ્યા. પોલીસે નંદિનીના મૃતદેહને કબજે લીધો, પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો અને આરોપીઓની શોધ શરૂ કરી.

## મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાની ઘટના

# લગ્ન ન તથાં 29 પુરુષોએ આપઘાત કર્યો

## 8 મહિનામાં 383 પુરુષોએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી દીધું

**સિટી ન્યૂઝ@જલગાંવ**

પોલીસના જણાવ્યા અનુસાર, ૨૯ પુરુષોએ કરેલી આત્મહત્યા માટે લગ્ન સંબંધિત સમસ્યાઓ જવાબદાર હતી. આ આંકડા બહાર આવ્યા, એ પછી જલગાંવમાં એક મુદ્દો ચર્ચાના ચગડોળે ચઢ્યો છેઃ "વર્તમાન સમયમાં પુરુષોને કન્યા નથી મળતી." પણ અમે જ્યારે જલગાંવ જિલ્લાનાં વિવિધ ગામોનો પ્રવાસ ખેડ્યો, ત્યારે આ મામલાની વધુ જટિલ વિગતો સામે આવી હતી. મેં જ્યારે લગ્ન કરવા ઈચ્છુક યુવાનો, તેમના પરિવારો, મહિલાઓ અને આ વિષય પર અભ્યાસ કરી રહેલા સંશોધકો સાથે વાત કરી, ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે, આ સવાલ લાગે છે એટલો સરળ નથી. કારણ કે, જલગાંવમાં લગ્ન એ કેવળ બે વ્યક્તિઓ વચ્ચે લેવાતો નિર્ણય નથી. તે રોજગારી, જમીન, જ્ઞાતિ, પારિવારિક જવાબદારીઓ, સ્થળાંતર, મહિલાઓની બદલાઈ રહેલી અપેક્ષાઓ તથા સમાજ દ્વારા પુરુષો પાસેથી સેવવામાં આવતી અપેક્ષાઓનું એક ગૂંચળું બની ગયું છે. જલગાંવમાં અમે વિશાલ પાટિલને મળ્યા હતા. તેઓ ૩૦ વર્ષના છે અને પ્રોફેસર છે. લગ્ન અંગેનો તેમનો દ્રષ્ટિકોણ ઘણા યુવાન પુરુષોના અનુભવો જેવો જ છે.

તેઓ કહે છે, "મારાં માતા-પિતા પણ ઈચ્છતાં હતાં કે હું લગ્ન કરી લઉં, પણ હું થોડા સમયથી મારાં લગ્ન પાછાં ઠેલી રહ્યો છું. હું મારી કારકિર્દી પર ધ્યાન આપવા માગું છું. હું આર્થિક રીતે સ્વનિર્ભર બનવા માગું છું. મને કોઈ એવી સ્ત્રી મળી જાય, જે મને સમજે અને જેને હું મારી જીવનસંગિની માનું, ત્યારે જ હું લગ્ન કરીશ. તેની સાથે જ તેઓ નોંધે છે કે, સમાજે લગ્ન માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી છે. વિશાલના જ શબ્દોમાં, "ભારતીય સમાજમાં એવી અપેક્ષા સેવવામાં આવે છે કે, ૨૪, ૨૫ કે ૨૬ વર્ષની વયે લગ્ન થઈ જવાં જોઈએ અથવા ૨૮ કે ૨૯ વર્ષની વયે તો લગ્ન થઈ જ ગયાં હોવાં જોઈએ. એક વખત ૩૦ વર્ષની વય પાર કરી દીધા પછી લોકો તમને અલગ રીતે જોવા લાગે છે. આ દબાણ ફક્ત લગ્ન પૂરતું નથી. જો તમે લગ્ન ન કરો, તો ધીમે-ધીમે કશુંક ખૂટતું હોવાની લાગણી પણ મનમાં જન્મવા લાગે છે.



### 26નો કાળો સંયોગ; ઈતિહાસમાં 26મી તારીખે લખાઈ વિનાશની અનેક કહાનીઓ

# વિશ્વની અનેક મોતની તબાહીઓ 26 તારીખે જ બની !




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

તારીખ ૨૬ ઓગસ્ટ વાર બુધવાર... નેપાળ આ દિવસ અને તારીખને ક્યારેય ભૂલી શકશે નહીં. આ તારીખે પાડોશી દેશ પર એવો ઘા કર્યો જે કદાચ ક્યારેય ઓછો નહીં થાય. નદીમાં આવેલા વિનાશક પૂરે એક જ ક્ષણમાં બધું જ નષ્ટ કરી દીધું. હજારો લોકોના જીવ ગયા છે, તો કેટલાક લોકો પોતાનો જીવ બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ સમગ્ર ઘટનામાં એક સામાન્ય વાત એટલે કે તારીખ ૨૬ છે.મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાથી લઈને ગુજરાતમાં આવેલા ભૂકંપ અને જાપાનમાં આવેલા સુનામી સુધી, નેપાળમાં આવેલા પૂરે ભૂતકાળની દુર્ઘટનાઓ યાદ કરે તો સૌથી કોમન વાત છે તે તારીખ ૨૬.૨૫ ઓગસ્ટ મંગળવાર સુધી, નેપાળમાં બધું રાબેતા મુજબ હતું. લોકો તેમના રોજિંદા કામકાજમાં વ્યસ્ત હતા, બાળકો શાળામાં હતા. કોઈને ખ્યાલ નહોતો કે બીજા દિવસે કોઈ આપત્તિ બધું જ તબાહ કરી દેશે. સૂત્રો અનુસાર, નેપાળમાં આવેલા પૂરમાં ૯૩૯ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. મૃત્યુઆંક વધી રહ્યો છે. લગભગ ૩,૯૨૫ લોકો હજુ પણ ગુમ થયાના અહેવાલ છે અને તેમની શોધ ચાલી રહી છે. હવે ૨૬ મી તારીખ વિશે વાત કરીએ. ૨૬ મી ઓગસ્ટે નેપાળમાં આવેલા પૂરે ફરી એકવાર પ્રશ્ન ઉઠાવ્યો છે કે શું ૨૬ મી તારીખ ખરેખર વિચિત્ર સંયોગ છે કે નહીં? આ પ્રશ્ન એટલા માટે ઉભો થાય છે કારણ કે વિશ્વભરના ઘણા દેશોમાં આ તારીખે આફતોનો અનુભવ થયો છે. જેમાં બધું જ તબાહ થઈ ગયું છે. આ તારીખે કેટલીક ઘટનાઓ બની છે, જેના કારણે આ તારીખ લોકોના મનમાં કોતરાઈ ગઈ છે.નેપાળમાં આ દુર્ઘટના ૨૬ મી તારીખે બનેલી આફતોના દુઃખદ ઈતિહાસમાં છે.

## 26 તારીખની કરુણ ઘટનાઓ પર એક નજર

- ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ નેપાળ પૂર આપત્તિઃ હિમનદી ફાટવાથી ભોટેકોશી નદીમાંથી પાણી અને કાટમાળનો અચાનક પ્રવાહ આવ્યો, જેના કારણે નેપાળના રાસુવા જિલ્લા અને નીચાણવાળા વિસ્તારોમાં વિનાશક પૂર આવ્યું.
- ૨૬ ઓક્ટોબર, ૨૦૧૫ હિંદુકુશ ભૂકંપઃ ૨૬ ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ હિંદુકુશ પ્રદેશમાં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનાથી અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઉત્તર ભારતના કેટલાક ભાગો પ્રભાવિત થયા હતા.
- ૨૬ મે ૨૦૨૬, યોગ્યાકાર્તા અને ઇન્ડોનેશિયામાં ભૂકંપઃ ઇન્ડોનેશિયાના જાવા ટાપુ પર યોગ્યાકાર્તા નજીક ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેના કારણે ભારે વિનાશ થયો હતો. હજારો ઘરો અને ઇમારતોને નુકસાન થયું હતું.
- ૨૬ જુલાઈ, ૨૦૦૫ મુંબઈમાં પૂરઃ મહારાષ્ટ્રના મુંબઈમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, જેના કારણે વિનાશક પૂર આવ્યું હતું. મુંબઈ શહેરમાં ૨૪ કલાકમાં આશરે ૯૪૪ મીમી વરસાદ પડ્યો હતો. જેના કારણે રસ્તાઓ, ઘરો અને રેલ્વે ટ્રેક ડૂબી ગયા હતા.
- ૨૬ ડિસેમ્બર, ૨૦૦૪ હિંદ મહાસાગર ભૂકંપ અને સુનામીઃ ઇન્ડોનેશિયાના સુમાત્રાના કિનારે ૯.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે હિંદ મહાસાગરના કિનારે આવેલા દેશોમાં વિનાશક સુનામી આવી. ઇન્ડોનેશિયા, શ્રીલંકા, ભારત અને થાઈલેન્ડ સૌથી વધુ પ્રભાવિત થયા હતા.
- ૨૬ ડિસેમ્બર, ૨૦૦૩ ઈરાનમાં ભૂકંપઃ ઈરાનના બામ શહેર પર ૬.૬ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેનાથી ઐતિહાસિક શહેર અને આસપાસની વસાહતોનો મોટાભાગે નાશ થયો હતો. હજારો ઇમારતો ધરાશાયી થઈ હતી.
- ૨૫-૨૬ માર્ચ, ૨૦૦૨ અફઘાનિસ્તાન ભૂકંપઃ ૨૫-૨૬ માર્ચ, ૨૦૦૨ ની રાત્રે ઉત્તર અફઘાનિસ્તાનમાં અનેક ભૂકંપના આચકા આવ્યા હતા. જેનાથી બાગલાન પ્રાંતના કેટલાક ભાગોને ગંભીર અસર થઈ હતી.
- ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ ગુજરાત ભૂકંપઃ આ દિવસે, ગુજરાતમાં વિનાશક ભૂકંપ આવ્યો હતો. જેનાથી રાજ્યના મોટા ભાગો, ખાસ કરીને કચ્છ પ્રદેશને ગંભીર અસર થઈ હતી.
- ૨૬ એપ્રિલ, ૧૯૯૦ ચીન ભૂકંપઃ ચીનના કિંઘાઈ પ્રાંતમાં ૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેના કારણે ગોંગે વિસ્તારમાં વ્યાપક નુકસાન થયું હતું.
- ૨૬ નવેમ્બર, ૧૯૮૭ ઇન્ડોનેશિયામાં ભૂકંપ અને સુનામીઃ ઇન્ડોનેશિયાના પેન્ટાર વિસ્તારમાં ૬.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે સુનામી આવી હતી.
- ૨૬ મે, ૧૯૮૩ જાપાનના સમુદ્રમાં ભૂકંપ અને સુનામીઃ ઉત્તરી જાપાન નજીક જાપાનના સમુદ્રમાં ૭.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેના કારણે સુનામી અકીતા અને આઓમોરી પ્રીફેક્ચરના દરિયાકાંઠાના વિસ્તારોમાં આવી. આ સુનામીમાં મિલકતને વ્યાપક નુકસાન થયું હતું.

### કર્ણાટકના બેલગાવીની ઘટના

# મિત્રએ વધારે ચિકન ખાઈ લેતા બીજા મિત્રએ હત્યા કરી નાંખી

## રજાના દિવસે દારૂ અને ચિકન પાર્ટી કરી રહ્યા હતા





## આરોપીએ બિલ્ડિંગ પરથી પડી ગયાનો દાવો કર્યો હતો

**સિટી ન્યૂઝ@કર્ણાટક**

કર્ણાટકના બેલગાવીમાં મિત્રએ વધુ ચિકન ખાધું, તો મિત્રએ તેની ચાકુ મારીને હત્યા કરી દીધી. કર્ણાટકના બેલગાવીમાં બે મિત્રો સીતારામ અને અરુણ પાર્ટી કરી રહ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે એકબીજા કરતાં વધુ ચિકન ખાવા બાબતે ઝઘડો થયો. ઝઘડો એટલો વધી ગયો કે એકે ગુસ્સામાં બીજાના છાતીમાં ચાકુ મારી દીધું. હુમલામાં સીતારામનું મોત થયું.ઘટના બાદ આરોપી અરુણ, સીતારામને હોસ્પિટલ લઈ ગયો, જ્યાં તેણે મિત્રના બિલ્ડિંગ પરથી પડી જવાનો દાવો કર્યો. બંને બેલગાવીની સ્ટીલ કંપનીમાં કામ કરતા હતા. શરૂઆતમાં આરોપીએ હત્યાને અકસ્માત બતાવવાનો પ્રયાસ કર્યો. તેણે સીતારામ બિલ્ડિંગ પરથી પડી ગયા હોવાનો દાવો કર્યો. ગંભીર ઈજાઓને કારણે સીતારામનું મૃત્યુ થયું. બંને ઉત્તર પ્રદેશના પીલીભીત જિલ્લાના કબીરગંજ ગામના રહેવાસી હતા. પોલીસે મામલાની તપાસ કરી અને આરોપીની પૂછપરછ કરી, તો અરુણે ચાકુ મારવાની વાત કબૂલી લીધી.

## પોલીસે પૂછપરછ કરતા અરુણે ચાકુ મારવાની વાત કબૂલી લીધી

### મેંગલુરૂનો ચોંકાવનારો બનાવ

# બે ભાઈ વચ્ચે એક ફોન, નાના ભાઈએ ફોન લેતા મોટાભાઈએ ચપ્પુ મારી દીધું

## ડોકટરોએ મૃત જાહેર કર્યો




**સિટી ન્યૂઝ@કર્ણાટક**

કર્ણાટકના મેંગલુરુમાં રવિવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યાની છે. જ્યાં બે ભાઈઓ વચ્ચે ફોનને લઈને ઝઘડો થયો હતો. આ દરમિયાન નાના ભાઈ રાજુએ મોટા ભાઈ આદિવેપ્પા પર ચપ્પુ વડે હુમલો કર્યો.
મોડી રાત્રે જ્યારે તેમની માતા દુકાન બંધ કરીને ઘરે પાછી ફરી, ત્યારે આદિવેપ્પાનો લોહીલુહાણ મૃતદેહ પડ્યો હતો. આદિવેપ્પાને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો. પરિવાર કોટ્ટાર ક્રોસ પાસે ભાડાના મકાનમાં રહેતો હતો. પોલીસે ઘટનાસ્થળની તપાસ કરી, તો જાણવા મળ્યું કે બંને ભાઈઓ પાસે એક જ ફોન હતો. જેના કારણે ઝઘડો થયો. ત્યારબાદ આરોપી રાજુની ધરપકડ કરવામાં આવી.

## નદીઓમાં નળસ્તર વધતા ફરી પૂરનું એલર્ટ



# નેપાળમાં મૃત્યુઆંક 1000ને પાર

## હવે

# રેગચાળો ફાટવાનો ખતરો

### હજુ 4000 લોકો લાપતા, પૂરગ્રસ્ત વિસ્તારોમાં નેપાળી સેનાનું બચાવ અભિયાન પૂરજોશમાં ચાલ્યુ

**સિટી ન્યૂઝ@કાઠમાંડુ**

નેપાળમાં નદીઓનું જળસ્તર વધ્યા બાદ ૭ જિલ્લામાં પૂરનું નવું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અધિકારીઓએ રસુવા, નુવાકોટ, ધાદિંગ, ગોરખા, તનહું, નવલપરાસી અને ચિતવન જિલ્લાઓમાં નદી કિનારે આવેલા વિસ્તારો માટે ચેતવણી જાહેર કરી છે. ૨૬ ઓગસ્ટના રોજ તિબેટમાં ગ્લેશિયર તૂટ્યા બાદ નેપાળના ઘણા વિસ્તારોમાં અચાનક પૂર અને ભૂસ્ખલન થયું હતું. આ આફતમાં મૃત્યુઆંક ૧ હજારને પાર કરી ગયો છે. નેપાળમાં ૯૮૭ અને તિબેટમાં ૧૬ લોકોના મોત થયા છે. ચિતવનમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૩૨૧ મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે ૪૪૦૦ થી વધુ લોકો ગુમ છે. નેપાળમાં ૨૬ ઓગસ્ટે આવેલી ભયાનક પૂર દરમિયાન એક શાળાના પ્રિન્સિપાલના સમયસર લીધેલા નિર્ણયથી લગભગ ૯૦૦ વિદ્યાર્થીઓના જીવ બચી ગયા. ત્રિશુલી સેકન્ડરી સ્કૂલના પ્રિન્સિપાલ રાજેન્દ્ર દવાડીને પૂરની ચેતવણી મળતા તેમણે તરત જ શાળા ખાલી કરાવી દીધી અને વિદ્યાર્થીઓને ઊંચી જગ્યાએ મોકલી દીધા.

શાળામાં કુલ ૧,૬૪૩ વિદ્યાર્થીઓ ભણતા હતા. દુર્ઘટના સમયે લગભગ ૯૦૦ વિદ્યાર્થીઓ કેમ્પસમાં હાજર હતા. દવાડી વિદ્યાર્થીઓ સાથે નજીકની ટેકરી પર પહોંચ્યા. થોડી જ વાર પછી પાણી, કાદવ, ખડકો અને કાટમાળનો તેજ પ્રવાહ શાળાની આખી ઇમારતને વહાવી ગયો. શાળાના બે કર્મચારીઓ સમયસર બહાર નીકળી શક્યા નહીં અને હજુ પણ ગુમ છે. નેપાળમાં મૃત્યુઆંક ફરી વધ્યો છે. મંગળવારે બપોરે ૧ વાગ્યા સુધીના આંકડા મુજબ માત્ર નેપાળમાં ૧૦૦૩ લોકોના મોત થયા છે. જ્યારે, તિબેટમાં અત્યાર સુધીમાં ૧૬ મોત થયા છે.

ચીન નેપાળમાં DNA તપાસ કરનાર નિષ્ણાતોની ટીમ મોકલશે. તેનો હેતુ પૂરથી મૃત્યુ પામેલા એવા લોકોની ઓળખ કરવામાં મદદ કરવાનો છે, જેમની ઓળખ થઈ શકી નથી. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને મંગળવારે આ માહિતી આપી. ચીન નેપાળને DNA તપાસના ઉપકરણો, ડ્રોન અને પાણી શુદ્ધ કરવાના ઉપકરણો સહિત જરૂરી સામાન પણ મોકલશે. નેપાળ પૂર માં ૫ વર્ષની મનીષા ૬૦ કલાક સુધી કાટમાળ નીચે ફસાયેલી રહી. રેસ્ક્યુ ટીમે તેને રસૂવા જિલ્લામાં જીવતી બહાર કાઢી.

તેના પિતા એ જણાવ્યું કે પૂર આવ્યા ના થોડા જ સેકન્ડ માં તેમનું ઘર તણાઈ ગયું હતું અને તેમને લાગ્યું હતું કે દીકરી હવે બચી નહીં હોય. બાળકીને પછી હેલિકોપ્ટરથી કાઠમંડુની હોસ્પિટલ લઈ જવાઈ, જ્યાં તેની હાલત હવે સ્થિર છે.

નેપાળમાં પૂર પછી મૃતદેહોની ઓળખ કરવી મુશ્કેલ બની ગઈ છે. પોખરાની એક હોસ્પિટલમાં રાખવામાં આવેલા મૃતદેહ નંબર ૧૦૦૩ પર ત્રણ પરિવારોએ દાવો કર્યો છે. હવે તેની ઓળખ DNA ટેસ્ટથી થશે. મોટી સંખ્યામાં પરિવારો હવે તેમના ગુમ થયેલા સ્વજનોની ઓળખ માટે DNA રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે. કેટલાક સ્વજનો ફોટા, કપડાં, ઘરેણાં, ટેટૂ અને શરીરના નિશાનોના આધારે ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.





## બીજા લગ્ન પણ તૂટી ગયા

# બાદશાહે જૂનમાં લગ્ન કર્યા જૂલાઈમાં ડખ્ખા હવે છૂટાછેડા !

સિટી ન્યૂઝ@મુંબઈ

રેપર બાદશાહ અને પંજાબી એક્ટ્રેસ ઈશા રિખીએ ૫ મહિનાના લગ્નજીવનનો અંત લાવી દીધો છે. જૂન મહિનામાં ચોરી છૂપે બાદશાહે બીજા લગ્ન કર્યા હતા. જોકે, સોમવારે રાત્રે બંનેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરીને છૂટાછેડાની પુષ્ટિ કરી.

બાદશાહ અને ઈશાએ પોતાની પોસ્ટમાં કહ્યું કે, આ નિર્ણય બંનેની પરસ્પર સંમતિથી લેવામાં આવ્યો છે. બંનેએ ચાહકો અને મીડિયાને આ સમયે તેમની ગોપનીયતાનું સન્માન કરવા અને કોઈપણ પ્રકારના અનુમાન ન લગાવવા માટે વિનંતી કરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી બંનેના સંબંધોમાં ખટપટના સમાચાર આવી રહ્યા હતા. ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં શું લખ્યું પોસ્ટમાં બાદશાહે લખ્યું કે, તે અને ઈશા રિખી પરસ્પર સન્માન સાથે અલગ-અલગ રસ્તાઓ પર આગળ વધી રહ્યા છે. બાદશાહે લખ્યું, 'અમારો આ નિર્ણય પરસ્પર સહમતિથી લેવામાં આવ્યો છે. અમે બધાને વિનંતી કરીએ છીએ કે આ સમયે અમારી ગોપનીયતાનું ધ્યાન રાખે. આ મુદ્દે અમારું આ પહેલું અને છેલ્લું નિવેદન છે, તેથી અમારા સંબંધો વિશે આગળ કોઈ અનુમાન ન લગાવવામાં આવે.' ઈશા રિખીએ પણ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ જ નિવેદન શેર કર્યું છે. જુલાઈથી અણબનાવના સમાચાર સામે આવી રહ્યા હતા બાદશાહ અને ઈશા રિખીના સંબંધોમાં તણાવના સમાચાર જુલાઈ મહિનામાં આવવાની શરૂઆત થઈ હતી. ૨૬ જુલાઈએ ઈશાએ બાદશાહ સાથે પોતાની ઘણી તસવીરો અને વીડિયો શેર કરતા એક પોસ્ટ લખી હતી. તેમાં તેણે 'દરેક તોફાન એક શીખ છે' લખીને દિલ તૂટવાનો ઈમોજી લગાવ્યો હતો.

## ટોક્સિક હટાવીને તેને સ્ક્રીન આપવામાં આવી

# નિમ કરોલી બાબાની કૃપા; 2 કરોડની 'હનુમાન અંશ' 45 કરોડને પાર

### પહેલા વિકમાં દેશભરમાં માત્ર 1.08 કરોડનો બિઝનેસ કર્યો હતો, પછી થયો ચમત્કાર






સિટી ન્યૂઝ@મુંબઈ

આ દિવસોમાં ત્રણ મોટી ફિલ્મો 'આવરાપન ૨', 'ટોક્સિક' અને 'બંટવારા ૧૯૪૭' સિનેમાઘરોમાં છે. ત્રણેય ફિલ્મોમાં મોટી સ્ટારકાસ્ટ છે, કોઈમાં સની દેઓલ, કોઈમાં KGF સ્ટાર યશ અને એકમાં ઈમરાન હાશ્મી. બોક્સ ઓફિસ ક્લેશમાં 'આવરાપન ૨' અને 'ટોક્સિક' આગળ નીકળી ગઈ અને 'બંટવારા ૧૯૪૭' પાછળ રહી ગઈ. આ દરમિયાન એક છોકરીનો સિનેમાઘરોમાં ઊભી રહીને રડતો વીડિયો વાયરલ થયો. દરેકે માન્યું કે છોકરી આ ત્રણેયમાંથી કોઈ એક ફિલ્મની ટિકિટ ન મળવાને કારણે ભાવુક થઈ ગઈ હતી. પરંતુ પૂછવામાં આવતા તેણે કહ્યું- 'હું ફિલ્મ 'હનુમાન અંશ' જોવા આવી હતી, પરંતુ ટિકિટ ન મળી.

આશ્ચર્યની વાત એ છે કે, જ્યાં 'ટોક્સિક' જેવી ૫૦૦-૧૦૦૦ કરોડમાં બનેલી ફિલ્મોના સિનેમાઘરો ખાલી પડ્યા છે, ત્યાં માત્ર ૨ કરોડમાં બનેલી 'હનુમાન અંશ' હાઉસફુલ કેવી રીતે થઈ.

આ ફિલ્મના હીરોનું નામ પણ પહેલા કોઈએ સાંભળ્યું ન હતું અને ડિરેક્ટરનું પણ નહીં. ફિલ્મનું ન તો ભવ્ય પ્રમોશન કરવામાં આવ્યું અને ન તો તેના ફર્સ્ટ લુક, ટીઝર અને ટ્રેલરના કોઈ સમાચાર હતા. તેમને ફિલ્મના જ સોશિયલ મીડિયા હેન્ડલ પરથી પોસ્ટ કરવામાં આવ્યા હતા.

નીમ કરોલી બાબા પર બનેલી આ ફિલ્મ શરૂઆતના ૨ અઠવાડિયા સુધી કોઈ કમાણી કરી શકી નહીં, પરંતુ ચોથા અઠવાડિયે કંઈક એવું થયું કે 'ટોક્સિક' જેવી મોટી ફિલ્મ સાથે ટક્કર હોવા છતાં તેણે ૮૦૦ ટકા નફો કમાઈને ૪૨ કરોડનું કલેક્શન કર્યું. મોટી-મોટી ફિલ્મો હટાવીને હવે તેને સ્ક્રીન્સ આપવામાં આવી રહી છે. ટિકિટ બુકિંગ પ્લેટફોર્મ પર પણ તેની બુકિંગ વધુ છે.

## વારંવાર લેફ્ટ-રાઈટ જવાનું કહેતા નારાજ થઈ

# કરીના પાપારાઝી પર ગૂસ્સે ભરાઈ

સિટી ન્યૂઝ@મુંબઈ

એક્ટ્રેસ કરીના કપૂર ખાન તેની આગામી ફિલ્મ 'દાયરા'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં પાપારાઝી પર ભડકી ગઈ. મુંબઈમાં આયોજિત આ ઈવેન્ટ દરમિયાન જ્યારે તે પાપારાઝીને પોઝ આપી રહી હતી, ત્યારે ભડકી ગઈ હતી. વાસ્તવમાં, ઈવેન્ટ દરમિયાન કરીના પોઝ આપી રહી હતી. ફોટો ક્લિક કરતી વખતે પાપારાઝી કરીનાને વારંવાર જમણી બાજૂ અને ડાબી બાજુ થવા માટે કહી રહ્યા હતા. વારંવાર ઍંગલ બદલવાની સૂચનાથી કરીના અસ્વસ્થ થઈ ગઈ. તેના ચહેરા પર નારાજગી સ્પષ્ટપણે દેખાઈ.

નારાજ થયેલી કરીનાએ પાપારાઝીને ઠપકો આપતા કહ્યું કે, 'ક્યારેક અહીં, ક્યારેક ત્યાં, મેં હીલ્સ પહેરી છે.' તેણે પાપારાઝીને રોકતા કહ્યું કે, તે હીલ્સ પહેરીને વારંવાર ફરી શકતી નથી.

ટ્રેલર લોન્ચના આ જ ઈવેન્ટમાં રક્ષાબંધન એડવર્ટાઈઝમેન્ટમાં એક્ટ્રેસ ક્રિતી સેનનના કપડાંને લઈને



શરૂ થયેલા વિવાદ પર કરીના કપૂરે પ્રતિક્રિયા આપવાનો ઈનકાર કરી દીધો હતો.

કરીનાને આ વિવાદ અને એક્ટ્રેસિસની સોશિયલ મીડિયા ટ્રોલિંગ પર પ્રશ્ન પૂછવામાં આવ્યો, તો તેણે આ પ્રશ્ન પર મૌન સેવ્યું. કરીનાએ આ પ્રશ્નનો જવાબ બાજુમાં બેઠેલી ડિરેક્ટર મેઘના ગુલઝારને આપવા કહ્યું.

## ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયાએ ડેમોમાંથી પાણી છોડવા સિંચાઈ મંત્રીને પત્ર લખ્યો

# ખેડૂતોના ઉભા પાકને બચાવવા ધારાસભ્ય મેદાને

## તાત્કાલિક ટેક્નિકલ મંજૂરી આપી કેનાલ અને નદીમાં પાણી છોડવા સરકારને ખાસ ભલામણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી-ઉપલેટા વિસ્તારમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વિકટ પરિસ્થિતિમાં સ્થાનિક ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા ખેડૂતોની વ્હારે આવ્યા છે. ધારાસભ્યશ્રીએ ગત ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાજ્યના પાણી પુરવઠા અને જળ સંપતિ વિભાગના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલને એક મહત્વપૂર્ણ પત્ર લખીને સિંચાઈ માટે તાત્કાલિક પાણી છોડવાની માંગ કરી છે. આ વિસ્તારના ખેડૂતો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર નિર્ભર છે અને પૂરતા વરસાદના અભાવે ભૂગર્ભ જળસ્તર પણ સતત ઊંડા જઈ રહ્યા છે, જેના કારણે ખેડૂતોને પાક બચાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. ખેડૂતોના સુકાતા પાકને નવું જીવતદાન આપવા માટે કાલાવડ પાસેથી પસાર થતી સૌની યોજના લિંક-૩



માંથી પાણી છોડીને સ્થાનિક જળાશયો ભરવાની રજૂઆત કરાઈ છે. પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ધોરાજી-ઉપલેટા વિસ્તારના મહત્વના ડેમો જેવા કે ફોફળ-૧, ભાદર-૨, મોજ, ફુલઝર અને વેણુ-૨ માંથી કેનાલ મારફતે તેમજ નદીમાં સિંચાઈ માટે પાણી છોડવામાં આવે તો જ ચોમાસુ પાકને બચાવી શકાય તેમ છે. રાજ્ય સરકાર હંમેશા ખેડૂતોના હિત માટે કટિબદ્ધ રહી છે, ત્યારે ખેડૂતોની આ જીવાદોરી સમાન માંગણીને ધ્યાને લઈને સંબંધિત અધિકારીઓને આ અંગે તાત્કાલિક જરૂરી ટેકનિકલ મંજૂરી અને અમલીકરણ માટે આદેશ આપવા વિનંતી કરાઈ છે. હાલની વરસાદ ખેંચાવાની સ્થિતિને જોતા તાત્કાલિક ધોરણે ડેમોમાંથી પાણી છોડવામાં આવે તો જ ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન થતું અટકાવી શકાશે તેવી ધારાસભ્ય દ્વારા હકારાત્મક અને ઝડપી નિર્ણયની અપેક્ષા સાથે ખાસ ભલામણ કરવામાં આવી છે.

## મુખ્ય સુત્રધાર સાથે પોલીસકર્મીએ ફોન પર વાતચીતનો ખુલાસો

# ભાવનગર લઠ્ઠાકાંડમાં પોલીસ કર્મચારી રાજદીપસિંહ ગોહિલની ધરપકડ

## SMCની કાર્યવાહીથી અન્ય પોલીસ બેડામાં ફફડાટ

**સિટી ન્યૂઝ@ભાવનગર**


લઠ્ઠાકાંડ મામલે હવે મોટા સમાચાર સામે આવ્યા છે. લઠ્ઠાકાંડની તપાસ દરમિયાન પોલીસ કર્મચારીની સંડોવણી સામે આવતા સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સમગ્ર મામલે પોલીસ કર્મચારી રાજદીપસિંહ ગોહિલની ધરપકડ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.પ્રાથમિક માહિતી મુજબ, ડુપ્લિકેટ દારૂમાં ભેળસેળ કરીને તૈયાર કરવામાં આવેલા ઝેરી દારૂના કારણે ભાવનગરમાં લઠ્ઠાકાંડ સર્જાયો હતો.આ સમગ્ર મામલાની તપાસ દરમિયાન પોલીસ કર્મચારીની ભૂમિકા સામે આવતા SMCએ રાજદીપસિંહ ગોહિલને ઝડપી લીધો છે.ધરપકડ બાદ આરોપી પોલીસ કર્મચારી રાજદીપસિંહ ગોહિલને આજે સાંજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. કોર્ટમાં તેની રિમાન્ડની માંગ કરવામાં આવે છે કે નહીં અને તપાસમાં વધુ કયા ખુલાસા થાય છે તેના પર હવે સૌની નજર છે.ભાવનગર લઠ્ઠાકાંડ બાદ ગેરકાયદે દારૂના નેટવર્ક અને તેની સાથે સંકળાયેલા લોકો સામે તપાસ તેજ કરવામાં આવી છે. આ દરમિયાન પોલીસ કર્મચારીની સંડોવણી સામે આવતા સમગ્ર પોલીસ તંત્રમાં પણ ખળભળાટ મચ્યો છે.

# વડાપ્રધાન મોદી 8 સપ્ટેમ્બરે ગુજરાતમાં

## વડોદરા અને નવસારીમાં 873 કરોડથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

**સિટી ન્યૂઝ@ભાવનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે, જ્યાં તેઓ વડોદરા અને નવસારી ખાતે કરોડો રૂપિયાના વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રવાસ દરમિયાન વડોદરા મહાનગરપાલિકા અને વુડાના કુલ ૭ કામો સહિત રેલવે અને નેશનલ હાઈવે ઓથોરિટીના વિવિધ પ્રકલ્પો જનતાને સમર્પિત કરાશે. આ મુલાકાતને લઈને સ્થાનિક વહીવટી તંત્ર અને રેલવે વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા



૯૦.૧૬ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા ૩ વિકાસકામોનું લોકાર્પણ થશે, જેમાં ગોલ્ડન, આજવા અને વાઘોડિયા જંક્શન પર વરસાદી ગટર (૩૦.૨૮ કરોડ), ભાયલીમાં પાણીની ટાંકી અને નેટવર્ક (૩૨.૬૧ કરોડ) તથા આજવા સરોવર ખાતે પોન્ટુન સુવિધા (૨૭.૦૭ કરોડ) સામેલ છે. આ ઉપરાંત ૩૨.૯૩ કરોડના ખર્ચે બનનારી પાલિકાની નવી કચેરીના કામનું ખાતમુહૂર્ત પણ કરાશે.વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (VUDA) અંતર્ગત ૨૨૭.૩૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ખાનપુર-સેવાસી EWS આવાસો અને ૧૧ ગામોની નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરવામાં આવશે.

## ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડે નિયમો ફેરફાર કર્યા

# નિયમમાં ઔદ્યોગિક વિસ્તારો સિવાયના ઉદ્યોગોના નામફેર માટે જમીનના દસ્તાવેજો ફરજિયાત

સિટી ન્યૂઝ@ગાંધીનગર




ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઔદ્યોગિક એકમો દ્વારા કરવામાં આવતી નામફેરની અરજીઓ પર ઝડપથી અને પારદર્શક રીતે નિર્ણય લેવાય તે હેતુથી રજૂ થતા દસ્તાવેજોની યાદીમાં મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વહીવટી તંત્રમાં 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' અંતર્ગત ત્વરિત નિર્ણયો લેવાય તે માટે નીતિગત સ્તરે આ ફેરફારો કરવામાં આવી રહ્યા છે.

નવા નિયમો અનુસાર, ઔદ્યોગિક વિસ્તાર સિવાયના સ્થળોએ આવેલા ઉદ્યોગોના નામફેરની અરજીઓ સાથે જમીન સંબંધિત દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. આના ભાગરૂપે, ઔદ્યોગિક સિવાયના વિસ્તારોમાં મોટા પાયે ધમધમતા ઉદ્યોગોની સ્થાપના અને તેની કાયદેસરતાની બાબત તંત્રને ઉપલબ્ધ થાય તે માટે જીપીસીબી દ્વારા આ નિર્ણય લેવાયો છે.

જો કોઈ ખાણકામનો પ્રોજેક્ટ હોય, તો અરજી સાથે ખાણ વિભાગની લીઝની મંજૂરી જોડવી અનિવાર્ય છે, તેમજ ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ વિભાગ તરફથી અપાયેલી લીઝની મંજૂરી પણ રજૂ કરવી પડશે.

અરજી સાથે નવા માલિકનું નામ, સરનામું અને આધાર કાર્ડ જોડવાનું રહેશે.જો સંબંધિત વિસ્તાર ઔદ્યોગિક વિસ્તાર હોય, તો જીઆઈડીસી અથવા નોટિફાઈડ એરિયા બોર્ડ-કોર્પોરેશનનો એલોટમેન્ટ લેટર આપવાનો રહેશે.

જો વિસ્તાર ઔદ્યોગિક ન હોય, તો રજિસ્ટર્ડ સેલ ડીડ (દસ્તાવેજ), સાત-બારાનો ઉતારો અને ગામ નમૂના નંબર-૨ આપવાના રહેશે. જો મિલકત ભાડે કે લીઝ પર અપાયેલી હોય, તો લીઝ એગ્રીમેન્ટ તથા જરૂરિયાત મુજબ એનસીએલટી ઓર્ડર અને બેંકની હરાજીનો માલિકી હક સિદ્ધ કરતો પત્ર પણ રજૂ કરવો પડશે.

આ તમામ દસ્તાવેજોની પૂર્તતા બાદ જ જીપીસીબી દ્વારા નામફેરની અરજી પર આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંકુશમાં રહે અને વહીવટી સરળતા જળવાઈ રહે.

## સુરતમાં મસ્તી કરતા ભાઈ-બહેનને માતાએ ટોકતા સગીરને માઠું લાગતા ગળાફાંસો ખાધો

# સુરતમાં ધોરણ-8ના વિદ્યાર્થીનો આપઘાત





સિટી ન્યૂઝ@સુરત

સુરતના ભેસાણ ગામમાં રહેતા અને મોરાભાગળ સ્થિત સ્વામિનારાયણ સ્કૂલમાં ધોરણ ૮માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય કિશોરે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે. ઘરમાં ભાઈ-બહેન વચ્ચે સામાન્ય મસ્તી અને ઝઘડો થતાં માતાએ બંનેને ઠપકો આપ્યો હતો. જે બાદ માતા પોતાના પાન કાર્ડ અને આધાર કાર્ડનું કામ પતાવીને ૧૫થી ૨૦ મિનિટમાં ઘરે પરત ફરી ત્યારે પુત્રને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી. માસૂમ પુત્રના આ અંતિમ પગલાથી સમગ્ર પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટના અંગે દુખ વ્યક્ત કરતાં મૃતક કિશોરના સંબંધી રાકેશભાઈએ જણાવ્યું હતું કે, નોર્મલી ઘરમાં બંને ભાઈ-બહેન થોડો ઝઘડો કરતા હતા, એટલે બેને ઠપકો આપ્યો હતો. મારી બેન આધાર કાર્ડ-પાન કાર્ડ સુધારવા આપ્યું હતું તે લેવા ગઈ અને પરત આવી ત્યાં છોકરાએ ગળે ફાંસો ખાઈ લીધો હતો. હું બધા મા-બાપને મેસેજ આપવા માંગું છું કે તમારા છોકરાઓને ફોનથી દૂર રાખો અને સાચવો, બસ.

## એસિડ અટેકની ઘટના બનતા સુપ્રિમકોર્ટ

# એસિડના વેંચાણ ઉપર પ્રતિબંધ મૂકશે ?

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

એસિડ હુમલાના કેસોની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે રિટેલ સ્ટોર્સમાં એસિડના વેચાણ પર સખત પ્રતિબંધ મૂકવાની અથવા સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાની શક્યતા પર વિચાર કર્યો. બેન્ચે સંબંધિત અધિકારીઓ પાસેથી જવાબો માગ્યા.

એસિડ હુમલા સંબંધિત જાહેર હિતની અરજી (PIL) ની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે રિટેલ સ્ટોર્સમાં એસિડના વેચાણ પર સખત પ્રતિબંધ મૂકવાની અથવા સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાની શક્યતા પર વિચાર કર્યો.

કોર્ટે સંબંધિત અધિકારીઓ પાસેથી જવાબો માંગ્યા. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે બિન-સરકારી સંસ્થાઓ (NGO) એસિડ હુમલાના



પીડિતોને પરંપરાગત સારવાર પદ્ધતિઓથી બચાવવા અને આ મુદ્દા વિશે જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

સુનાવણી દરમિયાન, એક અરજદારે કોર્ટને જાણ કરી કે વર્તમાન સરકારી માર્ગદર્શિકા જૂની છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર સતત કાર્યવાહીનું વચન આપે છે, પરંતુ ઇચ્છિત કાર્યવાહીનો અભાવ છે. અરજદારે સમજાવ્યું કે તે ૧૭ વર્ષ પહેલાં એસિડ હુમલાનો ભોગ બન્યો હતો અને હજુ પણ ઊંઘની ગોળીઓ લે છે. તેમણે જણાવ્યું હતું કે આવા હુમલાની માનસિક અને શારીરિક અસર અત્યંત ગંભીર હોય છે અને વ્યક્તિનું આખું જીવન બરબાદ કરી શકે છે. તેમણે કોર્ટને એ પણ જણાવ્યું કે તેઓ ૧૪ વર્ષના બાળક સહિત ત્રણ અન્ય પીડિતોને ઓળખે છે. અરજદારે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ પીડિતો માટે છેલ્લી આશા છે.

સુનાવણી દરમિયાન, કોર્ટે એમ પણ કહ્યું કે બિન-સરકારી સંસ્થાઓ (NGO) એસિડ હુમલાના પીડિતોની સારવાર અંગે જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ખાસ કરીને, તેમણે સારવારની પરંપરાગત પદ્ધતિઓના ઉપયોગ સાથે સંકળાયેલા જોખમો વિશે જાગૃતિ લાવવાના મહત્વ પર ભાર મૂક્યો. સુપ્રીમ કોર્ટ ટૂંક સમયમાં ખુલ્લા બજારમાં એસિડના વેપાર અને વેચાણને પ્રતિબંધિત અને કડક બનાવશે.

### ભાદરની પૂનમ મહામેળાને લઈને વહીવટી તંત્રની તૈયારીઓ પૂરજોશમાં

# અંબાજીમાં ભાદરવી પૂનમના સેવા કેમ્પો માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ

### » 20 સપ્ટેમ્બરથી 26 સપ્ટેમ્બર સુધી મેળો યોજાશે

સિટી ન્યૂઝ@અંબાજી



મા અંબાના પવિત્ર ધામ અંબાજી ખાતે આગામી સમયમાં યોજાનાર લોકપ્રિય ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૬ને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓ ઉમટતા આ મહામેળાને સફળ બનાવવા તથા શ્રદ્ધાળુઓની સુવિધા માટે અંબાજી આવતા સેવા કેમ્પોના આયોજન અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે મહામેળા દરમિયાન સેવા કેમ્પ શરૂ કરવા ઈચ્છુક સંસ્થાઓ, મંડળો અને ટ્રસ્ટો માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે.

આગામી ભાદરવી પૂનમ મહામેળો આગામી ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી યોજાનાર છે. આ સાત દિવસીય મહામેળામાં ગુજરાત જ નહીં પરંતુ દેશ-વિદેશથી લાખોની સંખ્યામાં માઈભક્તો અંબાજી માતાના દર્શનાર્થે પદયાત્રા કરીને આવે છે. પદયાત્રીઓની સેવા માટે રસ્તામાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. અંબાજી મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મહામેળા દરમિયાન જે સંસ્થાઓ, ટ્રસ્ટો કે મંડળોએ સેવા કેમ્પ યોજવા હોય તેમણે ફરજિયાતપણે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.

આ માટે અંબાજી મંદિર ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ www. ambajitemple.in પર ખાસ ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આયોજકોએ રજિસ્ટ્રેશન ફોર્મ તેમજ ફાયર સેફ્ટીનું સ્વ બાંહેધરી પત્રક પ્રિન્ટ કરીને SDM કચેરી, દાંતા ખાતે સમયસર જમા કરાવવાનું રહેશે.

ત્યારબાદ એસ.ડી.એમ. કચેરી દ્વારા સેવા કેમ્પના પ્રસ્તાવિત સ્થળ અને રજૂ કરાયેલા દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવશે. તમામ નિયમો અને શરતોનું યોગ્ય પાલન કરનાર અધિકૃત સેવા કેમ્પોને જ તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવશે. યાત્રાળુઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તંત્ર દ્વારા કેટલીક માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવી છે.

### ચેક બાઉન્સ થતાં એક્શનની તૈયારીમાં બેંક

# રામ મંદિરના નામે મહિલાએ 4 કરોડનો ચેક દાનમાં આપ્યો, ખાતામાં ફક્ત 3 રૂપિયા નિકળ્યા

### ખાતામાં પૂરતી રકમ ન હોવા છતાં આટલી મોટી રકમનો ચેક કેમ આપવામાં આવ્યો : ખુલાસો મંગાયો

સિટી ન્યૂઝ@અયોધ્યા





અયોધ્યામાં રામ મંદિર સાથે જોડાયેલા ચેક બાઉન્સ થવાનો એક આશ્ચર્યજનક કિસ્સો સામે આવ્યો છે. ચેન્નાઈની એક મહિલા ભક્તે રામ મંદિરના કર્મચારીઓની સુવિધા માટે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ૪ કરોડનો ચેક આપ્યો હતો. જ્યારે ટ્રસ્ટે ચેક જમા કરાવ્યો, ત્યારે ચકાસણીમાં ખાતામાં ફક્ત ૩ જ હોવાનું બહાર આવ્યું. પૂરતી રકમ ન હોવાને કારણે ૪ કરોડનો ચેક બાઉન્સ થઈ ગયો. મહિલા શ્રદ્ધાળું ઈચ્છતી હતી કે તેનું ૪ કરોડનું દાન ખાસ કરીને રામ મંદિરના કર્મચારીઓ માટે સુવિધાઓ માટે ખર્ચવામાં આવે. આના માટે તેણે ટ્રસ્ટ પાસેથી આ અંગે લેખિત ખાતરી માંગી હતી; જો કે, ટ્રસ્ટે આવી લેખિત ગેરંટી ન આપી હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન, મહિલાએ મંદિરને ૧૦,૦૦૦નું દાન પણ આપ્યું હતું. ૪ કરોડનો ચેક બાઉન્સ થયા બાદબેંક ચેક જાહેર કરનાર મહિલાને નોટિસ મોકલવાની તૈયારી કરી રહી છે. નોટિસમાં તેમના ખાતામાં પૂરતી રકમ ન હોવા છતાં આટલી મોટી રકમનો ચેક કેમ આપવામાં આવ્યો આ સંબંધમાં ખુલાસો માંગવામાં આવી શકે છે. ચેક બાઉન્સ થવાના કેસોમાં નિયમો અનુસાર કાનૂની કાર્યવાહીનું પણ પ્રાવધાન છે.

### માણાવદરના પીપલાણા સ્વામિનારાયણ મંદિરની ઘટના

# સ્વામિનારાયણ મંદિરમાં ગેસના બાટલાની કાળાબજારી?





### » તપાસમાં 90 હજારની કિંમતના ગેસ સિલિન્ડરનો જથ્થો સીઝ કર્યો

સિટી ન્યૂઝ@માણાવદર

માણાવદર તાલુકાના પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડરનું વધુ ભાવે વેચાણ કરી કાળાબજારી કરવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયા બાદ માણાવદર મામલતદારની ટીમે દરોડો પાડી ૯૦ હજારનો ગેસ સિલિન્ડરનો જથ્થો કબ્જે કર્યો છે. જાગૃત નાગરિકોએ મંદિર પરિસરમાં ચાલતા કાળાબજારની પોલ ખોલ સ્વામિનારાયણ મંદિરના મહંત અને સેવક દ્વારા ખુલ્લેઆમ ૯૬૦ ના ભાવે મળતો ગેસનો બાટલો ગેરકાયદેસર રીતે ૧૨૫૦ની ઊંચી કિંમતે ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને વેચવામાં આવતો હતો. એક જાગૃત નાગરિકો દ્વારા મંદિર પરિસરમાં ચાલતા આ કાળાબજારની પોલ ખોલવામાં આવી હતી. એટલું જ નહીં, વાયરલ થયેલા વીડિયોમાં ચોક્કસ જ્ઞાતિના લોકો પાસેથી પૈસા હાથોહાથ સ્વીકારવાને બદલે જમીન પર રખાવીને લેવામાં આવતા હોવાનું પણ સામે આવ્યું હતું. આ સિવાય મહંત દ્વારા વીડિયોમાં એવું પણ કબૂલ કરવામાં આવ્યું હતું કે તેઓ જૂનાગઢ, માણાવદર અને વંથલીથી આ ગેસના બાટલા મેળવતા હતા. મામલતદારે સ્વામિનારાયણ મંદિરમાં દરોડો પાડ્યો સોશિયલ મીડિયામાં મેસેજ અને વીડિયો પ્રસારિત થતાં જ તંત્ર હરકતમાં આવ્યું હતું.

### કોંગ્રેસે સરકાર પાસે શ્વેતપત્ર માંગ્યું; RTIમાં મોટો પર્દાફાશ

# યુવાઓની નોકરીના ભોગે નિવૃત્તિ પછી સરકારી નોકરીનો ખેલ

**અમદાવાદ AMCમાં છેલ્લા 3 વર્ષમાં 210 થી વધુ નિવૃત્ત અધિકારીઓને કોન્ટ્રાક્ટ પર રખાયા**

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલનો આક્ષેપઃ સમગ્ર રાજ્યમાં 10 હજારથી વધુ નિવૃત્તો સરકારી નોકરીમાં કાર્યરત હોવાની આશંકા

સિટી ન્યૂઝ@અમદાવાદ

ગુજરાતમાં એક તરફ લાખો શિક્ષિત યુવાનો સરકારી નોકરી માટે વર્ષો સુધી તૈયારી કરીને નિરાશામાં ભટકી રહ્યા છે, ત્યારે બીજી તરફ સત્તાધીશો દ્વારા નિવૃત્ત થઈ ચૂકેલા માનીતા અધિકારીઓને કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ફરી નોકરી પર રાખવાનો એક બહુ મોટો અને વ્યવસ્થિત ખેલ ચાલી રહ્યો છે. રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે RTI દ્વારા પ્રાપ્ત વિગતોના આધારે AMC અને રાજ્ય સરકારની રોજગારી નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે અને સમગ્ર મામલે 'શ્વેતપત્ર' જાહેર કરવાની ઉગ્ર માંગ કરી છે.RTI હેઠળ મળેલી સત્તાવાર માહિતી મુજબ, માત્ર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં (AMC) વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન ૨૧૦ થી વધુ નિવૃત્ત કર્મચારીઓ અને



અધિકારીઓને ફરીથી કોન્ટ્રાક્ટ આધારિત નોકરીમાં લેવામાં આવ્યા છે. જો વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધીનો ડેટા જોઈએ તો AMC માં ૧૦૦૦ થી વધુ નિવૃત્તો કામ કરી રહ્યા છે. હદ તો ત્યારે થાય છે જ્યારે ૨૦૧૫ માં નિવૃત્ત થયેલા કેટલાક અધિકારીઓ ૨૦૨૬ માં પણ મલાઈદાર પોસ્ટ પર ચીપકીને બેઠા છે.હેમાંગ રાવલે જણાવ્યું કે, જો માત્ર AMC માં આ હાલત હોય, તો રાજ્યના અન્ય વિભાગો, બોર્ડ-નિગમો અને પંચાયતોમાં આશરે ૧૦ હજારથી વધુ નિવૃત્ત લોકો સરકારી વ્યવસ્થામાં કાર્યરત હોઈ શકે છે.

આ પુનર્નિયુક્તિમાં પગાર નક્કી કરવાની પદ્ધતિ પણ અત્યંત શંકાસ્પદ છે. કોઈને ફિક્સ પગાર, કોઈને છેલ્લા બેઝિકના ૩૫ ટકા, તો કોઈ માનીતાને 'પે માઈનસ પેન્શન' મુજબ ચૂકવણું થાય છે. ઉદાહરણ તરીકે, ૧.૫૦ લાખ પગાર પર નિવૃત્ત થયેલા અને ૭૦ હજાર પેન્શન મેળવતા અધિકારીને ૮૦ હજાર રૂપિયા પગાર તરીકે ચૂકવાય છે. આટલું જ નહીં, આવા અધિકારીઓને સરકારી વાહન, બંગલો, મોબાઈલ અને પટાવાળા જેવી સરકારી સુવિધાઓ પણ મફતમાં આપવામાં આવે છે.

**પગાર નક્કી કરવામાં વહાલા-દવલાની નીતિઃ 35 ટકા બેઝિક કે પે માઈનસ પેન્શન પદ્ધતિમાં કોની મરજી ચાલે છે?**

**નિયમિત કર્મચારીઓને પ્રમોશન અને બેરોજગાર યુવાનો માટે તાત્કાલિક કાયમી ભરતી શરૂ કરવા કોંગ્રેસની આકરી માંગ**

## 10 વર્ષમાં 200 કરોડનો ધુમાડો? તાત્કાલિક વિશેષ ઓડિટ કરાવો

કોંગ્રેસની આશંકા છે કે છેલ્લા દસ વર્ષમાં માત્ર AMC માં જ નિવૃત્ત અધિકારીઓના પગાર અને અન્ય સુવિધાઓ પાછળ ૨૦૦ કરોડ રૂપિયાથી વધુનો ધુમાડો થયો છે. આ નાણાંનો ઉપયોગ બેરોજગાર યુવાનો માટે નવી ભરતી કરવા પાછળ થવો જોઈતો હતો. સરકાર સમક્ષ સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે છેલ્લા ૧૦ વર્ષનો તમામ ડેટા જાહેર કરવામાં આવે. જે જગ્યાઓ ખાલી છે ત્યાં નિયમિત કર્મચારીઓને સિનિયોરિટી મુજબ પ્રમોશન આપવામાં આવે અને ખાલી જગ્યાઓ પર તાત્કાલિક નવી ભરતીની જાહેરાત કરવામાં આવે. ગુજરાતના યુવાનો નોકરી માંગે છે, કોઈની મહેરબાની નહીં.

## જવાબદારી કોની? ભ્રષ્ટાચાર થાય તો વસૂલાત ક્યાંથી કરશો?

કોંગ્રેસે એક બહુ ગંભીર મુદ્દો ઉઠાવતા સવાલ કર્યો છે કે, AMC નું વાર્ષિક બજેટ ૧૮૫૦૦ કરોડ રૂપિયાનું છે. ભૂતકાળમાં હાટકેશ્વર બ્રિજ જેવા અનેક કૌભાંડો સામે આવ્યા છે. જો કોઈ નિવૃત્ત અને કોન્ટ્રાક્ટ પર રાખેલો અધિકારી નાણાકીય ગેરરીતિ કરે, તો તેની પાસેથી નુકસાનની વસૂલાત કઈ રીતે થશે? કાયમી કર્મચારીની જેમ તેના પર સખત કાયદાકીય કાર્યવાહી કરવી કાયદાકીય રીતે મુશ્કેલ બને છે.

### રાજકોટમાં ગરીબ મુસાફરોને લૂંટતી રિક્ષા ગેંગ ફરી સક્રિય

# લેપટોપ લેવા આવેલા જામનગરના ખેડૂતના 50 હજાર સેરવી લીધા

### ઊલટીનું બહાનું કરી કામ ઉતાર્યું : એક શખ્સ પોલીસના સકંજામાં

સિટી ન્યૂઝ@રાજકોટ




જામનગરના જામજોધપુરના વાંસજાળિયા ગામે રહેતા મહેન્દ્રભાઇ હમીરભાઇ મકવાણા નામના ખેડૂતે બી ડિવિઝન પોલીસમાં ૫૦ હજારની ચોરી અંગે રીક્ષા ગેંગના ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર ફરિયાદીની ગત તા.૨૬-૮ના રોજ પોતાની દીકરી દીન્તાના અભ્યાસ માટે લેપટોપ લેવાનું હોવાથી રૂ.૫૦ હજાર રોકડા લઇને રાજકોટના મોરબી રોડ ખાતે રહેતા કૌટુંબિક ભાઇ ભાવેશભાઇ મકવાણાના ઘેર રોકાયા હતા અને ત્યાંથી બીજા દિવસે તા.૨૭-૮ના રોજ દીકરી દીન્તાને લેપટોપ લેવા સાથે લઇ જવા ત્રંબા આર.કે. યુનિવર્સિટી જવા માટે કુવાડવા રોડ રણછોડદાસબાપુ આશ્રમ પાસે ઊભા હતા ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી તરફથી એક રિક્ષા આવી હતી અને તેમાં અગાઉથી જ બે શખ્સ બેઠા હતા.ફરિયાદીને રિક્ષા ચલાવનારે અગાઉ આગળના ભાગે બેસાડ્યા હતા અને ત્યારબાદ પાછળ બેસી જવાનું કહેતા તે પાછળની સીટમાં બેસી ગયા હતા.આ રિક્ષાચાલક કુવાડવા રોડ પારેવડી ચોક તરફ રિક્ષા ચલાવીને જતા હતા ત્યારે પાછળ ફરિયાદીની બાજુમાં બેઠેલો શખ્સ ઊલટી-ઊબકા કરવા લાગ્યો હતો અને ત્યારબાદ બપોરે પોણા બારેક વાગ્યાની આસપાસ પટેલ વાડી પાસે રિક્ષાચાલકે રિક્ષા ઊભી રાખી હતી અને તમારો કંઇક સામાન રસ્તામાં પડી ગયેલ છે તમે નીચે ઉતરીને લઇ લ્યો તેમ કહેતા ફરિયાદી રિક્ષામાંથી ઉતરીને જોતા હતા તે દરમિયાનમાં રિક્ષાચાલક તરત જ ચાલ્યો જતા ફરિયાદીએ ખિસ્સા ચેક કરતા તેમાંથી રૂ.૫૦ હજાર ગાયબ હતા. આમ આરોપીઓએ ઊલટી કરવાનું બહાનું કરી ફરિયાદીના ખિસ્સામાંથી રૂ.૫૦ હજાર સેરવી લીધા હતા.પોલીસે આ ઘટનામાં એક શખ્સને ઝડપી લીધો છે અને મુખ્ય સૂત્રધાર સહિત બે શખ્સની શોધખોળ આદરી છે. તેમજ ચોરી કરાયેલા મુદ્દામાલ કબજે કરવા કવાયત હાથ ધરી છે.

# રાજકોટમાં કાર લોન ટ્રાન્સફરના બહાને મહિલાને રૂ. 11.96 લાખની છેતરપિંડી

સિટી ન્યૂઝ@રાજકોટ

### » ટોપ-અપ લોન કરાવી અને અલગ-અલગ સમયે રૂપિયા મેળવી લેતા તાલુકા પોલીસમાં ફરિયાદ

રાજકોટમાં કાર લોન પોતાના નામે ટ્રાન્સફર કરાવવાના બહાને મહિલાને ટોપ-અપ લોન કરાવી તેમજ અલગ-અલગ સમયે રૂપિયા મેળવી કુલ રૂ.૧૧.૯૬ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બોરલા ગામની ડૉ. અંકિતાબેન હરદીપભાઈ વ્યાસ (ઉ.વ.૩૬)એ તાલુકા પોલીસ મથકમાં પ્રશાંત શૈલેષભાઈ ઠાકર, જીગર બુદ્ધદેવભાઈ ગોંડલિયા સહિતના સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, પ્રશાંત ઠાકરે તેના ભાઈ જીગરભાઈ સાથે મળી ડૉ. અંકિતાબેનનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ રાજકોટમાં એજન્ટ વત્સલ કાપડીની ઓફિસે બોલાવી તેમના ડોક્યુમેન્ટ મેળવી લોન એગ્રીમેન્ટ તૈયાર કરાવવામાં આવ્યું હતું. બાદમાં રૂ.૧૧,૨૬,૯૬૭ની લોન મંજૂર કરાવી મહિલાના નામે મારુતિ સુઝુકી અર્ટિગા કાર ખરીદવામાં આવી હતી.ત્યારબાદ કાર લોન પોતાના નામે ટ્રાન્સફર કરાવવાના બહાને પ્રશાંતે મહિલાને રૂ.૫,૨૦,૬૦૯ની ટોપ-અપ લોન કરાવી હતી. આ ઉપરાંત અલગ-અલગ સમયે રૂ.૩ લાખ પણ મેળવી લીધા હતા. રૂપિયા પરત માગતા રૂ.૧ લાખ પરત આપ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ ઉપરાંત કાર લોનના રૂ.૬,૪૮,૭૯૫ અને ટોપ-અપ લોનના રૂ.૩,૪૭,૬૧૯ના હપ્તા ભરાયા ન હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે રાજકોટ તાલુકા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં તહેવારો ટાણે જ તસ્કરો બેફામ: બે ઘરના તાળા તોડી 4.44 લાખની ચોરી

### વીરડા વાજડી ગામે બંધ મકાન અને મવડીના ગોડાઉનમાંથી સોના-ચાંદી, રોકડ, કેબલની ઉઠાંતરી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં તહેવાર ટાણે જ તસ્કરો બેકાબુ બન્યા હોય તેમ રાજકોટમાં બે સ્થળોએ ચોરીને અંજામ આપ્યો છે વીરડા વાજડી ગામે બંધ મકાનના તાળા તોડી ૨,૯૯,૮૦૦ની મતાની અને મવડીના ગોડાઉનમાંથી ૧.૪૪ લાખના કેબલની ચોરીની ઘટના તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

રાજકોટમાં તહેવાર નિમિત્તે પરિવાર સાથે બહાર ગયેલા યુવાનના ઘરને તસ્કરે નિશાન બનાવ્યું હતું. દરવાજાનું તાળું તોડી અંદર ઘૂસેલા તસ્કરે કબાટ અને લોકર ખોલી સોનાના દાગીના, ચાંદીની વાટકી-ચમચી, રોકડ સહિત કુલ રૂ.૨.૯૯ લાખનો મુદ્દામાલ ચોરી લીધો હતો. એટલું જ નહીં, તસ્કર રસોડામાંથી રૂ.૨,૮૦૦નો તેલનો ડબ્બો તથા પરિવારના જરૂરી દસ્તાવેજો અને સોના-ચાંદીના બિલ પણ લઈ ગયો હતો રાજકોટના વીરડા વાજડી ગામે રહેતા અતુલભાઈ પરમાર ૩૦ ઓગસ્ટે સવારે પરિવાર સાથે જન્માષ્ટમી નિમિત્તે કાકાના ઘરે ગયા હતા. બીજા દિવસે પાડોશીનો ફોન આવ્યો કે ઘર ખુલ્લું છે. ૪ ગ્રામની સોનાની બૂટી રૂ.૪૮ હજાર, ૭.૨૫ ગ્રામની સોનાની ચેઇન રૂ.૮૭ હજાર, ૫૦૦ ગ્રામની ચાંદીની બે વાટકી-બે ચમચી રૂ.૧ લાખ અને રૂ.૬૨ હજાર રોકડા ગાયબ હતા. રાજકોટ તાલુકા પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે જયારે રાજકોટના મવડી બાયપાસ રોડ પર સોલાર સિસ્ટમના ગોડાઉનને તસ્કરોએ ત્રણ વખત નિશાન બનાવી રૂ.૧.૪૪ લાખના કોપર વાયર ચોરી લીધા હતા. ફરિયાદ મુજબ, ૧૬ ઓગસ્ટે ગોડાઉન બંધ કર્યા બાદ બીજા દિવસે ૩૮ કિલો એસી-ડીસી કેબલના કોપર વાયર રૂ.૧૧,૪૦૦ના ગાયબ હતા. ત્યારબાદ ૨૩ ઓગસ્ટેગોડાઉન બંધ કરાયું અને ૨૪મીએ ખોલતાં ૧૪૯૦ મીટર એસી કેબલ રૂ.૯૬,૮૫૦નો માલ મળ્યો નહોતો. ૩૦ ઓગસ્ટે ફરી ગોડાઉન બંધ કર્યા બાદ ૩૧મીએ ૬૫૦ મીટર ડીસી કેબલ રૂ.૩૫,૭૫૦નો જથ્થો ગાયબ હતો. આમ કુલ રૂ.૧.૪૪ લાખના વાયર ચોરાયા હતા. રાજકોટ તાલુકા પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## પડધરીમાં જમ્પરમાંથી 3.43 લાખના કેબલની ચોરી

પડધરીના વણપરી ગામે ટોલ પ્લાઝા નજીક ૩૩ કે.વી. સબ સ્ટેશનની બાજુમાં સાઇટ પર ચોરીની ઘટના બની હતી. તા.૨૭ ઓગસ્ટની રાત્રે ૯થી તા.૨૮ ઓગસ્ટની સવારે ૭ વાગ્યા દરમિયાન અજાણ્યો તસ્કર લોખંડના પોલ પર ચઢી ગયો હતો. તેણે મશીન વડે જમ્પરમાંથી એલ્યુમિનિયમનો વાયર કાપી આશરે ૧૨૦૦ મીટર વાયર ચોરી લીધો હતો. ચોરાયેલા વાયરનો કુલ કિંમત રૂ. ૩,૪૩,૨૦૦ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ અંગે જામનગરના બેડ ગામના અજયસિંહ કેશુભા જાડેજાએ પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં નવું એક્ટિવા ખરીદી ચા પીવા નીકળેલા બે મિત્રોના રિક્ષાની ઠોકરે મોત

## રોડ પર ફંગોળાયા બાદ બે કાર માથે ફરી વળી : બંને પરિવારોમાં ભારે કલ્પાંત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં મોડી રાતે વાહન અકસ્માતના એક બનાવમાં બે મિત્રોના કમકમાટી ભર્યા મોત થયા છે. મોરબી રોડ પર વેલનાથપરામાં રહેતાં ૧૮ અને ૨૩ વર્ષની ઉમરના બે મિત્રો એકટીવા પર બેસી રાતે ચા પીવા માટે નીકળ્યા હતાં ત્યારે રિક્ષાની ઠોકરે એક્ટીવા ચડી જતાં આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. તહેવાર ટાણે જ આ ઘટનાને પગલે બંને પરિવારોમાં કલ્પાંત સર્જાયો છે.


જાણવા મળ્યા મુજબ મોરબી રોડ વેલનાથપરામાં રહેતો દશરથ રાજુભાઇ બજાણીયા ઉ.૧૮ અને બાજુમાં જ રહેતો તેનો મિત્ર ચંદ્રેશ ધર્મેશભાઇ નિમાવત ઉ.૨૩ ગત રાત્રે એક્ટીવામાં બેસીને ઘરેથી ચા પીવા જવાનું કહીને નીકળ્યા બાદ બેડીપરા જુની



પોલીસ ચોકી નજીક પહોંચ્યા ત્યારે સીએનજી રિક્ષાએ ઠોકરે ચડાવતાં બંને વાહન સહિત રોડ પર ફંગોળાઇ જતાં માથા શરીરે ગંભીર ઈજાઓ થઇ હતી. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દશરથ અને ચંદ્રેશ બંનેને દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર દશરથ ત્રણ ભાઇ અને એક બહેનમાં નાનો અને અપરિણીત હતો. તેના પિતા રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે.

જ્યારે મિત્ર દશરથ સાથે મૃત્યુ પામનાર ચંદ્રેશ બે ભાઇમાં મોટો હતો. તેના પિતા નિવૃત જીવન જીવે છે. બંને મિત્રો દશરથ અને ચંદ્રેશ પરાબજારમાં કરીયાણાની દુકાનમાં નોકરી કરતાં હતાં. રાતે બંને ચા પીવા જવાનું કહીને નીકળ્યા બાદ જીવલેણ અકસ્માત નડયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. જન્માષ્ટમીના તહેવારની ખુશીના દિવસોમાં બે પરિવારોએ જુવાનજોધ કંધોતર ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો છે.

# બે લૂંટને અંજામ આપનાર ટોળકી 2.88 લાખના મુદામાલ સાથે ઝબ્બે




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં માલધારી યુવક સહીત બે યુવાનોને આંતરી મારકૂટ કરી લૂંટ ચલાવવા અંગે યુનિવર્સીટી અને તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા બે ગુનાનો ક્રાઇમ બ્રાન્ચે ભેદ ઉકેલી નાખ્યો છે ક્રાઇમ બ્રાન્ચે ચાર શખ્સોની ધરપકડ કરી સોનાના દાગીના, મોબાઇલ, છરી સહીત ૨,૮૭,૬૫૦ રૂપિયાનો મુદામાલ કબ્જે કર્યો છે. રાજકોટના નવા રિંગ રોડ ઉપર આવેલ અટલ સરોવર પાસે માલઢોર ચરાવતા માલધારી પૂનાભાઇ ખોડાભાઈ બાંભવાને મારકુટ કરી ૯૦ હજારની મતાની લૂંટ ચલાવવા અંગે યુનિવર્સિટી પોલીસમાં અને કણકોટ પાસે દેવજીભાઇ મોહનભાઈ જખાનીયાને છરીની અણીએ ૯૨ હજારના સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવવા અંગે તાલુકા પોલીસમાં ગુનો નોંધાયા બાદ આ બંને ગુનાનો ભેદ ઉકેલવા પોલીસ કમિશનર બ્રજેશ ઝા, એડિશનલ સીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાની સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એ એસ ચાવડાની રાહબરીમાં જુદી જુદી ટિમો કાર્યરત હતી દરમિયાન

**» યુનિવર્સીટી-તાલુકામાં નોંધાયેલા બંને ગુનાનો ડીસીબીએ ભેદ ઉકેલી નાખ્યોઃ પકડાયેલા ચારેય હત્યા સહીત ૩૧ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યા છે**

સીસીટીવી આધારે અને સચોટ બાતમી આધારે ઉપરોક્ત લૂંટના બે ગુનાને અંજામ આપનાર હનુમાન મઢી પાસે આવેલ ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં રહેતા ગૌતમ ઉર્ફે કાનો કેશુભાઈ મકવાણા, કણકોટના પાટિયા પાસે રહેતા હિતેન ઉર્ફે હકો રાજુભાઈ ગોહેલ, કોઠારીયા સોલ્વન્ટ ૨૫ વારિયામાં રહેતા નિલેશ ઉર્ફે ભૂરો ગોપાલભાઈ વાઘેલા અને આ જ વિસ્તારમાં રહેતા ભરત ઉર્ફે ભરતો પોપટભાઈ પરમારની ધરપકડ કરી સોનાના દાગીના, ચાર મોબાઈલ, બે એક્સેસ, છરી સહીત ૨,૮૭,૬૫૦ રૂપિયાનો મુદામાલ કબ્જે કર્યો છે પકડાયેલા ચારેય સામે હત્યા સહીત ૩૧ ગુના નોંધાઈ ચુક્યા છે ગૌતમ મકવાણા સામે હત્યા, ધમકી સહીત ૧૦, હિતેન મકવાણા સામે હત્યા સહીત ૩, નિલેશ વાઘેલા સામે ચોરી સહીત ૮ અને ભરત પરમાર સામે ૧૦ ગુના નોંધાઈ ચુક્યા છે.



# ઘંટેશ્વર 25 વારિયામાંથી મહિલા 175 ગ્રામ ગાંજા સાથે ઝડપાઇ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જામનગર હાઇવે પર ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર રેલવે પાટા પાસેથી કૂખ્યાત મહિલાને ગાંધીગ્રામ પોલીસની ટીમે ગાંજા સાથે ઝડપી લીધી હતી. મહિલા ગાંજો કોની પાસેથી લાવી હતી તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં સે નો ટુ ડ્રગ્સ મિશન હેઠળ માદક પદાર્થની હેરફેર અને સેવન કરતાં શખસો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવી છે જે સૂચનાના અનુસંધાને ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઇ એચ.પી.ગઢવીની રાહબરીમાં પીએસઆઇ એસ.વી. ગોહિલ તથા ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, રોહિતદાન ગઢવી અને કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર તથા ચંદ્રસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે જામનગર હાઇવે પર ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટર રેલવે પાટા પાસે

**અગાઉ દારૂ, મારામારી, એનડીપીએસ સહીત 26 ગુનામાં સંડોવણી**

જામવાડી ફોલ્ડિંગ દિવાલ નજીક કવાર્ટર્સમાંથી કુખ્યાત મહિલા ગીતા અરવિંદ મકવાણા (ઉ.વ. ૪૫)ને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધી હતી. મહિલા પોલીસે તેની તલાસી લેતા તેની પાસેથી રૂપિયા ૮,૭૫૦ ની કિંમતનો ૧૭૫ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે મહિલા સામે એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરી હતી માદક પદાર્થના જથ્થા સાથે ઝડપાયેલી ગીતાબેન સામે અગાઉ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫ માં એનડીપીએસનો તેમજ દારૂ-મારામારી સહિતના ૨૬ ગુના નોંધાઈ ચૂક્યા છે. આ મહિલા માદક પદાર્થનો જથ્થો કોની પાસેથી લાવી હતી તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં લગ્નના 25મા દિવસે કન્યા દાગીના-દસ્તાવેજ લઇ નાસી ગઈ

**» 3 લાખ પડાવી વેપારી સાથે લગ્ન કરાર કર્યાઃ ત્રણ મહિલા સહિત 4 સામે ગુનો નોંધાયો**

**» 5 ફેબ્રુઆરીએ કોર્ટ મેરેજ માટે ગયા, પરંતુ દસ્તાવેજ અધૂરા હોવાથી માત્ર કરાર કરાયો**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં લગ્ન માટે યુવતી શોધી રહેલા વેપારીને ચાર શખ્સે એવી રીતે ફસાવ્યો કે લગ્ન તો ન થયા, પરંતુ રૂ.૩ લાખ રોકડા ઉપરાંત સોનાનો દાણો, ચાંદીના સાંકળા અને મહત્ત્વના દસ્તાવેજો પણ ગુમાવવાનો વારો આવ્યો. યુવતી લગ્નના બહાને વેપારીના ઘરે થોડા દિવસ રોકાઈ હતી અને બાદમાં વતન નાગપુર જવાનું કહી નીકળી ગયા બાદ તેનો ફોન બંધ થઈ ગયો હતો. સમગ્ર મામલે માલવિયાનગર પોલીસે ચાર સામે છેતરપિંડી અને કાવતરાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.આ બનાવમાં અંબાજી કડવા પ્લોટ, વ્રજધામ એપાર્ટમેન્ટમાં રહેતા અને વેપાર કરતા અર્જુનભાઈ મુકેશભાઈ મહેતા ઉ.૩૫એ કમલેશ ભટ્ટી, પ્રવિણા, મંગલા દત્તાત્રેય હરિનખેડે(રહે. નાગપુર, મહારાષ્ટ્ર) અને મંગલાના માસી નેહા વામજા સામે માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે અર્જુનભાઈના અગાઉ છૂટાછેડા થયા હોવાથી તેઓ ફરી લગ્ન કરવા માગતા હતા. આ દરમિયાન સગાં સંબંધીએ કનુભાઈનો સંપર્ક કરાવ્યો હતો. કનુભાઈએ પ્રવિણાનો સંપર્ક કરાવ્યો અને પ્રવિણા અલગ-અલગ યુવતીઓના ફોટા-વિગતો મોકલતી હતી. તેમાંથી મંગલાની પસંદગી થતાં ૩ ફેબ્રુઆરીએ મંગલા, કમલેશ, પ્રવિણા અને નેહા વામજા રાજકોટ આવ્યા હતા. લગ્નની વાતચીત દરમિયાન કમલેશએ મંગલાના માતા-પિતા ન હોવાનું કહી તેની માસીને રૂ.૩ લાખ આપવાના રહેશે તેમ જણાવ્યું હતું. ૫ ફેબ્રુઆરીએ કોર્ટ મેરેજ માટે ગયા, પરંતુ દસ્તાવેજ અધૂરા હોવાથી લગ્ન થઈ શક્યા નહોતા. બાદમાં વકીલની ઓફિસે લગ્નનો સમજૂતી કરાર કરાયો હતો. ત્યારબાદ અર્જુનભાઈએ કારમાંથી રૂ.૩ લાખ કાઢી આ કમલેશને આપ્યા હતા મંગલા થોડા દિવસ રાજકોટમાં રહી અને દસ્તાવેજ લેવા નાગપુર જવાનું કહી ૬ મેના રોજ નીકળી ગઈ હતી. ત્યારબાદ તેનો ફોન બંધ આવવા લાગ્યો. અર્જુનભાઈએ કબાટ તપાસતાં છૂટાછેડાના દસ્તાવેજો, લગ્નનો કરાર તથા આપેલા સોનાના દાણો અને ચાંદીના સાંકળા પણ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. આથી યુવાનને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં તેમણે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે માલવિયાનગર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.




# ગાંધીગ્રામમાંથી સોનાનો ચેઇન સેરવી લેનાર બે મહિલા ઝડપાઇ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ગાંધીગ્રામ વિસ્તારમાં એસ કે ચોકમાં ખરીદી કરવા ગયેલા મહિલાની નજર ચૂકવી બે મહિલાઓ દોઢ લાખનો સોનાનો ચેઇન ચોરી નાસી જતા આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી ઉપરોક્ત ગુનાનો ભેદ ઉકેલવાની સૂચના અન્વયે એલસીબી ઝોન ૨ના પીએસઆઈ એસ વી ચુડાસમાની ટિમને બાતમી મળી હતી કે બે મહિલા એક એક્ટિવા લઈને જીવંતીકાનગર મેઈન રોડ ઉપર ઉભી છે અને તેની પાસે ચોરાઉ દાગીના છે આ બાતમી આધારે મહિલા પોલીસ હેતલબેનને સાથે રાખીને દરોડો પાડી બંને મહિલાને અટકાયતમાં લઇ નામઠામ પૂછતાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર સરદારનગરમાં રહેતી નીકિતાબેન અલ્પેશભાઈ સાવલિયા અને શાસ્ત્રીનગર અજમેરામાં રહેતી વૈશાલીબેન દેવનભાઈ કાચા હોવાનું જણાવતા બંને પાસેથી ઉપરોક્ત ગુનામાં ગયેલ દોઢ લાખનો સોનાનો ચેઇન મળી આવતા ચેઇન અને એક્ટિવા સહીત ૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો નીકિતાબેન દારૂ, ચોરી, જુગાર સહિતના ૧૪ ગુનામાં પકડાઈ ચુકી છે જયારે વૈશાલીબેન ચોરીના ચાર ગુનામાં પકડાઈ ચુક્યા છે.

# ગોંડલમાં રક્ષક જ બન્યો ભક્ષક : હોર્ન મારવાની ના પાડતા દંપતિ ઉપર હુમલો

**» બીજીવાર સામા મળશો તો જાનથી મારી નાખીશની ધમકી; ૧૧૨નો સરકારી મોબાઈલ તોડ્યો**

સિટી ન્યૂઝ@ગોંડલ

ગોંડલમાં હોર્ન મારવાની ના પાડવાની બાબતે પોલીસમેન સહિતની ટોળકી દ્વારા દંપતી અને તેમના સબંધી પર હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. કારમાં સવાર પોલીસકર્મીને બિનજરૂરી હોર્ન ન મારવાનું કહેતાં મામલો ઉગ્ર બન્યો હતો. પોલીસમેન સહિત સાત શખ્સોએ દંપતી અને તેમના સબંધીને માર માર્યો હોવાની ફરિયાદ ગોંડલ સીટી પોલીસમાં નોંધાઈ છે. દરમિયાન ૧૧૨ જનરક્ષક પોલીસની ટીમ મદદે પહોંચતા તેમનો સરકારી મોબાઈલ પણ કોઈ શખ્સે ઝૂંટવી જમીન પર પછાડી તોડી નાખ્યો હતો.

ગોંડલના ભગવતપરા ગેટવાળી શેરી નં. ૨૩/૧૪માં રહેતાં નર્મદાબેન મીથુનભાઈ પરમાર (ઉ.વ.૩૫)એ મહેન્દ્ર ઉર્ફે કાલુ ખીમસુરીયા, કપીલ ચાંડપા, માનવ રાજા ખીમસુરીયા, સની ખીમસુરીયા, રવી દુલા પરમાર, મિલન રાજા ખીમસુરીયા અને ગીલી ડાંગર સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, તા. ૩૦ની રાત્રે નર્મદાબેન અને તેમના સબંધી વિશાલભાઈ દાફડા એક્ટિવા પર ગોંડલ રેલવે સ્ટેશન તરફ જતા હતા. માંધાતા સર્કલ પહેલાં બાબા પાનની દુકાન પાસે પાછળથી આવેલી ફોરવ્હીલ કાર હોર્ન મારતી હોવાથી તેમણે સાઈડ આપી હતી. કાર આગળ નીકળ્યા બાદ નર્મદાબેને જોયું તો કાર તેમના વિસ્તારમાં રહેતા અને પોલીસમાં નોકરી કરતા મહેન્દ્ર ઉર્ફે કાલુ ખીમસુરીયા ચલાવતા હતા.

બિનજરૂરી હોર્ન ન મારવા કહેતાં મહેન્દ્ર ઉર્ફે કાલુ ગાળો આપવા લાગ્યા હતા. ગાળો આપવાની ના પાડતાં મહેન્દ્ર તથા કપીલ ઉશ્કેરાઈ ગયા હતા અને બંનેએ નર્મદાબેન તથા વિશાલભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. વિશાલભાઈએ નર્મદાબેનના પતિને જાણ કરી તેમજ ૧૦૦ નંબર પર ફોન કર્યો હતો.

ત્યારબાદ મહેન્દ્ર ઉર્ફે કાલુએ પોતાના મિત્રો બોલાવ્યા હતા. માનવ ખીમસુરીયા, ગીલી ડાંગર, સની ખીમસુરીયા, રવી પરમાર અને મિલન ખીમસુરીયા સહિતના શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા અને નર્મદાબેન, તેમના પતિ તથા વિશાલભાઈ સાથે મારામારી કરી હતી.

દરમિયાન ૧૧૨ જનરક્ષક પોલીસની ગાડી ત્યાંથી પસાર થતાં નર્મદાબેને મદદ માગી હતી. પોલીસની ટીમે ત્રણેયને વધુ મારમાંથી બચાવ્યા હતા. પોલીસકર્મીઓ મોબાઈલમાં વીડિયો ઉતારી રહ્યા હતા ત્યારે ટોળકીમાંથી કોઈ શખ્સે મોબાઈલ આંચકી જમીન પર પછાડી તોડી નાખ્યો હતો.

બાદમાં તમામ શખ્સો જતા રહ્યા હતા. જતા સમયે મહેન્દ્ર ઉર્ફે કાલુએ આ વખતે તો તમે બચી ગયા, બીજીવાર સામા મળશો તો તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ગોંડલ સીટી પોલીસે રાયોટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# SGVP રિબડા ખાતે CBSE ક્લસ્ટર બેડમિન્ટન ચેમ્પિયનશિપનો પ્રારંભ

## સફેદ કબૂતરો ઉડાડી, આતશબાજી અને દીપ પ્રાગટ્ય સાથે રમતોત્સવનો શુભારંભ




**સિટી ન્યૂઝ@રિબડા**

રિબડા ખાતે આવેલી SGVP ઇન્ટરનેશનલ સ્કૂલમાં CBSE ક્લસ્ટર XIII બેડમિન્ટન ચેમ્પિયનશિપ ૨૦૨૬-૨૭નો ભવ્ય પ્રારંભ થયો હતો. CBSE અંતર્ગત યોજાતી ગુજરાત કક્ષાની આ પ્રતિષ્ઠિત બેડમિન્ટન ચેમ્પિયનશિપનું આયોજન ૧થી ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન SGVPના વિશાળ અને સુવિધાસભર કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે.યુવા ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે યોગ્ય મંચ, પ્રોત્સાહન અને માર્ગદર્શન મળે તેમજ વિદ્યાર્થીઓમાં શિસ્ત, આત્મવિશ્વાસ, ખેલદિલી અને ટીમવર્ક જેવા જીવનમૂલ્યોનો વિકાસ થાય તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીના આશીર્વાદ, પૂજ્ય સદગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણા અને રિબડા ગુરુકુલના સંચાલક પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ SGVP સૂર્યા નેશનલ સ્પોર્ટ્સ સ્કૂલ દ્વારા આ મિની ઓલિમ્પિક્સ સમાન રમતોત્સવનું આયોજન કરાયું છે.ચેમ્પિયનશિપના ઉદ્ઘાટન પ્રસંગે શાંતિ અને સૌહાર્દના પ્રતિક સમા સફેદ કબૂતરોને આકાશમાં મુક્ત કરી, ભવ્ય આતશબાજી અને મંગલ દીપ પ્રાગટ્ય સાથે સ્પર્ધાનો વિધિવત્ શુભારંભ કરવામાં આવ્યો હતો. સમગ્ર કેમ્પસમાં વિવિધ શાળાઓના ખેલાડીઓ, પ્રતિનિધિઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિથી ઉત્સાહભર્યો માહોલ સર્જાયો હતો.આ પ્રસંગે રિબડા ગુરુકુળના સંચાલક પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામી તથા પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. આશીર્વચન પાઠવતાં ધર્મવત્સલદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે રમતગમત માત્ર હાર-જીતનો વિષય નથી, પરંતુ બાળકોમાં શિસ્ત, એકાગ્રતા, ટીમવર્ક, આત્મવિશ્વાસ તથા શારીરિક અને માનસિક મજબૂતી કેળવવાનું ઉત્તમ માધ્યમ છે. શિક્ષણની સાથે રમતગમતમાં મેળવેલું કૌશલ્ય જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધવાની પ્રેરણા આપે છે. ઉદ્ઘાટન સમારોહમાં ચીમનભાઈ હીપાણી, શામતભાઈ બાંભવા, શામજીભાઈ ખૂંટ, જયેન્દ્રભાઈ અકબરી, રમેશભાઈ વેકરિયા, રાજેન્દ્ર પંડ્યા, બાબુભાઈ નસિત, જયદીપભાઈ વસોયા અને હાર્દિકભાઈ સોરઠીયા સહિતના સામાજિક, રાજકીય, શૈક્ષણિક તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ખેલાડીઓ સાથે સંવાદ કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

### ગુજરાતભરની CBSE શાળાઓના ખેલાડીઓ વચ્ચે મુકાબલા

CBSE ક્લસ્ટર XIII બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાતની વિવિધ CBSE શાળાઓના મોટી સંખ્યામાં પ્રતિભાશાળી ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આગામી ત્રણ દિવસ દરમિયાન વિવિધ વયજૂથમાં રોમાંચક મુકાબલા યોજાશે. ખેલાડીઓ ચપળતા, ઝડપ, એકાગ્રતા અને રમતકૌશલ્યનું પ્રદર્શન કરશે. આ ચેમ્પિયનશિપ વિદ્યાર્થીઓને સ્પર્ધાની સાથે અન્ય ખેલાડીઓ સાથે પરિચય કેળવવા, નવી પ્રતિભાઓને ઓળખવા અને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા મેળવવાનો અવસર પણ પૂરો પાડશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા SGVP ઇન્ટરનેશનલ સ્કૂલના મેનેજમેન્ટ, શિક્ષકો, સ્પોર્ટ્સ વિભાગ, કોચિંગ ટીમ, વહીવટી સ્ટાફ અને સ્વયંસેવક ટીમ દ્વારા સઘન તૈયારીઓ કરવામાં આવી છે. ખેલાડીઓ, કોચ અને અધિકારીઓ માટે જરૂરી સુવિધાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# સોમનાથમાં પોલીસની સેવાભાવી પહેલ

## કોઈ ભક્ત ભૂખ્યો ન રહેના સંકલ્પ સાથે શ્રદ્ધાળુઓ માટે ફરાળની વ્યવસ્થા

**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ**



પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે વિશ્વવિખ્યાત સોમનાથ મહાદેવના દર્શનાર્થે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. દૂર-દૂરથી આવેલા ભક્તોની ભારે અવરજવર વચ્ચે ગીર સોમનાથ પોલીસે કાયદો-વ્યવસ્થા અને સુરક્ષાની જવાબદારી સાથે સેવાભાવનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સોમનાથ ખાતે દર્શન માટે આવતા કોઈપણ શ્રદ્ધાળુ ભૂખ્યા ન રહે તેવા ઉમદા હેતુથી પોલીસ દ્વારા ફરાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રાવણ માસ દરમિયાન સોમનાથ મહાદેવના દર્શન માટે રાજ્ય સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો પહોંચે છે. ખાસ કરીને સોમવારે ભક્તોની ભારે ભીડ રહેતી હોવાથી સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે વિશેષ આયોજન કરવામાં આવે છે. ત્રીજા સોમવારે પોલીસ દ્વારા કરવામાં આવેલી ફરાળની વ્યવસ્થાએ શ્રદ્ધાળુઓનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. દર્શન માટે લાંબા સમયથી રાહ જોઈ રહેલા તેમજ દૂરના વિસ્તારોમાંથી આવેલા શ્રદ્ધાળુઓને ફરાળનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપવાસી ભક્તો સહિત મોટી સંખ્યામાં લોકોએ આ સેવાભાવી પહેલનો લાભ લીધો હતો. પોલીસકર્મીઓએ સેવાભાવથી શ્રદ્ધાળુઓને ફરાળ પીરસી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સામાન્ય રીતે પોલીસની કામગીરી કાયદો-વ્યવસ્થા જાળવવા, સુરક્ષા વ્યવસ્થા સંભાળવા અને ગુનાઓ સામે કાર્યવાહી કરવા સાથે જોડાયેલી હોય છે. પરંતુ સોમનાથમાં શ્રદ્ધાળુઓની સેવા માટે ગીર સોમનાથ પોલીસે આગળ આવી સામાજિક અને માનવતાભરી જવાબદારી પણ નિભાવી હતી. પોલીસની આ પહેલને શ્રદ્ધાળુઓએ આવકારી હતી અને સેવા કાર્યમાં જોડાયેલા પોલીસકર્મીઓની પ્રશંસા કરી હતી. સેવા, સુરક્ષા અને શ્રદ્ધાના સૂત્રને સાર્થક કરતી આ કામગીરીએ શ્રાવણના પવિત્ર દિવસે માનવસેવાનો સુંદર સંદેશ આપ્યો હતો. સોમનાથ મહાદેવના ચરણોમાં ઉમટેલા ભક્તો માટે પોલીસની ફરાળ વ્યવસ્થા સેવાભાવ અને સંવેદનશીલતાનું અનોખું ઉદાહરણ બની રહી હતી.

# SBI પેન્શનર્સ એસોસિએશનના 42મા સ્થાપના વર્ષમાં મંગલ પ્રવેશ




સિટી ન્યૂઝ@રાજકોટ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત કર્મચારીઓના અધિકાર, કલ્યાણ, સન્માન અને સુરક્ષા માટે કાર્યરત SBI પેન્શનર્સ એસોસિએશન ગાંધીનગર સર્કલ ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાજકોટ યુનિટ તરફથી સ્થાપના દિવસ નિમિત્તે સંગઠનની કામગીરી અને પેન્શનરો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

ગુજરાતમાં ૧૭ હજારથી વધુ નિવૃત્ત બેંક કર્મચારીઓના અધિકાર, કલ્યાણ, સન્માન અને સુરક્ષા માટે સંગઠન કાર્યરત છે. નિવૃત્તિ બાદ પેન્શનરોના આરોગ્ય, આર્થિક સુરક્ષા અને સામાજિક જોડાણને મહત્વ આપી તેમના વિવિધ પ્રશ્નો અને રજૂઆતો બેંક મેનેજમેન્ટ સમક્ષ અસરકારક રીતે રજૂ કરી ઉકેલ લાવવા પ્રયાસ કરવામાં આવે છે. બેંક મેનેજમેન્ટ સાથે સમયાંતરે બેઠકો યોજી પેન્શનરોના કલ્યાણ માટે કામગીરી કરવામાં આવે છે.

સંગઠન માત્ર નિવૃત્ત કર્મચારીઓ પૂરતું સીમિત ન રહેતાં નિવૃત્ત સાથીના અવસાન બાદ તેમના પરિવારના પેન્શનરોને પેન્શન કે અન્ય હક્ક-હિસ્સા મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે પણ કામગીરી કરે છે. સભ્યોના સામાજિક જોડાણ અને આત્મીયતા જળવાઈ રહે તે માટે બેઠકો, અધિવેશનો, સેમિનારો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સન્માન સમારોહ અને પેન્શનર મીટ સહિતના કાર્યક્રમો યોજાય છે.


સંગઠનની પ્રાથમિકતા સભ્ય કલ્યાણની છે. પેન્શન અને મેડિકલ સંબંધિત માહિતી ઉપરાંત જરૂરી ફોર્મ, દસ્તાવેજો અને માર્ગદર્શિકા વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. મેડિકલ સારવાર મોંઘી બની રહી છે ત્યારે પેન્શનરોને સારી તબીબી સુવિધા અને વીમા સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે બેંક મેનેજમેન્ટ તથા સંબંધિત સંસ્થાઓ સાથે સતત સંવાદ કરવામાં આવે છે.

SBI Pensioners Association ગાંધીનગર સર્કલ રાષ્ટ્રીય સ્તરે Federation of SBI Pensioners Association સાથે સંલગ્ન છે. સંગઠન તરફથી પેન્શનરોને સંસ્થા સાથે જોડાયેલા રાખવા માસિક સામયિક પેન્શનર્સ પ્રકાશ પણ પ્રકાશિત કરવામાં આવે છે. અમદાવાદ ઉપરાંત રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર અને ગાંધીનગરમાં સંગઠનની કચેરીઓ કાર્યરત છે.

સભ્ય કલ્યાણ સાથે સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે થેલેસેમિયા બાળકોને દત્તક લેવા, ઉનાળામાં છાશ વિતરણ, વૃદ્ધાશ્રમના વડીલો સાથે ભોજન, નવા કપડાંનું વિતરણ, વૃક્ષારોપણ, રોગ નિદાન કેમ્પ, સાહિત્યિક કાર્યક્રમો, વિદ્યાર્થી સન્માન તથા અનાથ દીકરીઓના લગ્ન માટે સહાય સહિતની પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે.

સંગઠન દ્વારા દર વર્ષે જીવનના ૭૦ વર્ષ પૂર્ણ કરનારા સભ્યો, લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનારા વડીલ દંપતીઓ તેમજ આયુષ્યના ૯૦ વર્ષ પૂર્ણ કરનારા વરિષ્ઠ સભ્યોનું પરંપરાગત રીતે સન્માન કરવામાં આવે છે.

રાજકોટ વિભાગમાં શરદભાઈ દવે, અનુપમ દોશી સહિતના હોદ્દેદારો સંગઠનની કામગીરી સંભાળી રહ્યા છે. સંગઠને આગામી વર્ષોમાં વધુ મજબૂત બને, નવી પેઢીના નિવૃત્ત કર્મચારીઓ સંગઠન સાથે જોડાય અને પેન્શનર કલ્યાણ સાથે જનકલ્યાણની ભાવના વધુ વ્યાપક બને તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી છે.



# બાલાજી હનુમાન મંદિરની સંધ્યા આરતીનો સમય બદલાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટવાસીઓના દુખ દૂર કરતા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં દર્શનાર્થીઓ માટે સંધ્યા આરતીના સમયમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ ખાતે આવેલા બાલાજી હનુમાનજી મંદિર પ્રશાસન દ્વારા આ અંગે સત્તાવાર જાણ કરવામાં આવી છે.મંદિર પ્રશાસન દ્વારા જણાવાયું છે કે આગામી તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬થી દરરોજ બાલાજી દાદાની સંધ્યા આરતી સાંજે ૭:૦૦ કલાકે યોજાશે. અત્યાર સુધીના આરતીના સમયપત્રકમાં ફેરફાર કરી નવો સમય નક્કી કરવામાં આવ્યો છે. મંદિર પ્રશાસને જય બાલાજીના પાવન નાદ સાથે તમામ ભક્તોને નવા સમયની નોંધ લઈ સંધ્યા આરતીમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

# પેન્શનરોના અવસાન બાદ તેના પરિવારને કેન્દ્રના ધોરણે પેન્શન આપવાની માંગણી

## પરિવાર પેન્શનના હક્ક માટે બહેનોએ મંત્રીઓને રક્ષાસુત્ર બાંધી માંગણી દોહરાવી

સિટી ન્યૂઝ@રાજકોટ




રાજ્ય સરકારના કર્મચારીના અવસાન બાદ તેમના પરિવારને કેન્દ્ર સરકારના ધોરણે ફેમિલી પેન્શન આપવાની જોગવાઈનો અમલ કરવાની માંગ ઉઠી છે. આ માંગને લઈને ફેમિલી પેન્શન પાત્ર ગૃપની બહેનોએ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે સરકારના મંત્રીઓને રક્ષાસૂત્ર બાંધી રજૂઆત કરી હતી.કેન્દ્ર સરકારના પેન્શનરોના અવસાન બાદ તેમના અપરિણીત, વિધવા, ત્યક્તા અને ડાયવર્સી પુત્રીઓને ઉંમરની મર્યાદા બાદ પણ ફેમિલી પેન્શન આપવાની જોગવાઈ છે. ગુજરાત સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે નાણાકીય હક્ક-હિસ્સા આપવાનું સ્વીકારવામાં આવ્યું હોવાના પગલે આ જોગવાઈનો અમલ ગુજરાતમાં પણ કરવાની માંગ કરવામાં આવી છે.ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, લીંબડી સહિતના જિલ્લાઓની બહેનોએ ભાગ લીધો હતો. ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળના આદેશ અનુસાર રાજકોટમાં પણ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ અને ભાનુબહેન બાબરીયાને રક્ષાસૂત્ર બાંધી આ પ્રશ્ને રજૂઆત કરવામાં આવી હતી.કાર્યક્રમને રાજકોટ જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ હારિતસિંહ જાડેજા, ઉપપ્રમુખ કે. આર. જિતિયા, ધોરાજી નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ ભરતભાઈ ભાલોડિયા તથા ગાંધીનગર નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ રતનસિંહ વાઘેલાએ સફળ બનાવ્યો હતો.આ અંગે ફેમિલી પેન્શનપાત્ર પુત્રીઓના વોટ્સએપ ગ્રુપના એડમિન નિખિલભાઈ સંઘાણી તથા મીનાબેન ચુડાસમા, રાજેશ્વરીબેન જોશી અને સોનલબેન પરમારની યાદીમાં જણાવાયું છે.

# વિરાસતથી વિકાસ લોકમેળો લૂંટમેળો ન બને તે માટે જિલ્લા કલેકટરને અપાયું આવેદનપત્ર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં તા. ૨ સપ્ટેમ્બરથી રેસકોર્સ મેદાન ખાતે પાંચ દિવસીય "વિરાસતથી વિકાસ લોકમેળો-૨૦૨૬" યોજાવાનો છે. સૌરાષ્ટ્રના ખ્યાતનામ લોકમેળામાં ૧૫ લાખથી વધુ લોકો ઉમટે તેવી શક્યતા વચ્ચે મેળામાં આવનાર પરિવારોને ખાણીપીણી, રમકડાં, ફજર ફાળકા, ચકરડી સહિતના સ્ટોલ પર વધુ ભાવ ચૂકવવા ન પડે અને પાર્કિંગના નામે થતી ઉઘરાણી અટકે તે માટે લોકસંસદ વિચાર મંચ તથા શહેરના જાગૃત નાગરિકો દ્વારા જિલ્લા કલેક્ટરને સંબોધીને નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગાંધીગીરીના ભાગરૂપે નાયબ કલેક્ટરને પુષ્પગુચ્છ અર્પણ કરી ૨૦ મુદ્દાની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં મેળામાં ફરજ પરના અધિકારીઓએ નિયમિત રાઉન્ડ કરવા, તોલમાપ તથા કોર્પોરેશનના અધિકારીઓને સ્ટોલ ચેકિંગની જવાબદારી સોંપવા, ડિસ્પોઝિબલ કપ-ડીશ-ગ્લાસનો ઉપયોગ કરાવવા અને ખાણીપીણીના સ્ટોલ પર ભીના તથા સૂકા કચરા માટે અલગ ડસ્ટબિન ફરજિયાત કરવા માંગ કરાઈ હતી.

રાઇડ્સ અને ખાણીપીણીના સ્ટોલ પર મોટા અક્ષરે ભાવપત્રક દર્શાવવું, ફૂડ લાઇસન્સ વિનાના સ્ટોલને સ્થળ પર જ લાઇસન્સ આપવું, ટ્રાફિકને અડચણરૂપ રેકડી-કેબીન દૂર કરવી, ફ્રી પાર્કિંગ ઝોન અંગે સાઇન બોર્ડ લગાવવાં અને પાર્કિંગના નામે થતી ગેરકાયદે ઉઘરાણી બંધ કરવાવની માંગ કરાઈ હતી.



**લોક સંસદ વિચાર મંચ અને જાગૃત નાગરિકો દ્વારા પુષ્પગુચ્છ (ગુલાબો) અર્પણ કરી ગાંધીગીરી સાથે 20 મુદ્દાની કરવામાં આવી રજૂઆતો**

આ ઉપરાંત ટોલ ફ્રી ફરિયાદ નંબર જાહેર કરવા, હેલ્પલાઇનના રેડિયમ બોર્ડ લગાવવા, સિટી બસના સ્થળ અંગે માઇકથી જાહેરાત કરવા, ગુટખા-ધુમ્રપાન સહિતના નશાકારક પદાર્થો પર પ્રતિબંધનો કડક અમલ કરવા, કંટ્રોલરૂમમાં તમામ પ્રકારની ફરિયાદો સ્વીકારી સમયમર્યાદામાં નિકાલ કરવા અને રાઇડ્સની સલામતી ચકાસણીનું પ્રમાણપત્ર ઉપલબ્ધ રાખવા રજૂઆત કરાઈ હતી. ભીડ સમયે મહિલાઓ, બાળકો અને સિનિયર સિટીઝનોને પ્રાધાન્ય આપવા પણ માંગ કરવામાં આવી છે.

કાર્યક્રમમાં પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, પ્રવીણભાઈ લાખાણી, અશોકભાઈ બુટાણી, મગનભાઈ પટેલ, પૂર્વ ફોજી નટુભા ઝાલા, જેન્તીભાઈ હિરપરા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, વિજયભાઈ પરમાર, કમલેશભાઈ જોટંગીયા, શક્તિસિંહ ઝાલા, જીતુભાઈ કોટેચા સહિતના સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### રંગ સનાતનથી સનાતન સંસ્કૃતિનો મહારંગ

# ધારાસભ્ય ઉદય કાનગડના સહયોગથી રાંધણ છઠ્ઠે ભવ્ય ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ઉજવણીને લઈને પેડક રોડ સ્થિત શ્રી બાલક હનુમાન મંદિર ખાતે આવતીકાલે તા. ૨ સપ્ટેમ્બર, બુધવારના રોજ રાંધણ છઠ્ઠની રાત્રે ૮:૩૦ કલાકે રંગ સનાતન નામનો ભવ્ય ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ધારાસભ્ય ઉદય કાનગડના સહયોગથી શ્રી બાલક હનુમાન મંદિર ટ્રસ્ટ તથા વિધાનસભા-૬૮ ભાજપ પરિવાર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.

ધારાસભ્ય ઉદય કાનગડના સહયોગથી છેલ્લા વર્ષોમાં જન્માષ્ટમી પર્વે વિવિધ થીમ આધારિત કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પ્રથમ વર્ષે શ્રીનાથજીની ઝાંખી, ત્યારબાદ શિવગાથા અને વ્રજલીલા બાદ આ વર્ષે રંગ સનાતનની ભવ્ય પ્રસ્તુતિ કરવામાં આવશે. કાર્યક્રમમાં સનાતન સંસ્કૃતિના વિવિધ રંગોનો સંગમ જોવા મળશે.


રંગ સનાતનમાં ભગવાન શ્રીરામની મર્યાદા, ભગવાન શ્રીકૃષ્ણની વ્રજલીલા અને મહાદેવની ભસ્મ આરતીને સંગીત, કીર્તન, રાસ-નૃત્ય, ધાર્મિક ઝાંખી તથા વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓના માધ્યમથી રજૂ કરવામાં આવશે. એક જ મંચ પર ત્રણેય દિવ્ય આયામોને રજૂ કરી ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાનો સંદેશ આપવામાં આવશે.

જીલ એન્ટરટેઈન્મેન્ટના તેજશ શીશાંગીયાના માર્ગદર્શન હેઠળ આશરે ૪૦ કલાકારો, કસબીઓ અને ગાયકવૃંદની મહેનતથી કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સંગીતસભર પ્રસ્તુતિઓથી શ્રોતાઓ ભક્તિરસમાં તરબોળ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે, રંગ સનાતન માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમ નથી, પરંતુ સનાતન સંસ્કૃતિ, ભક્તિ અને ભારતીય આધ્યાત્મિક પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. ભગવાન શ્રીકૃષ્ણની જીવનલીલા, સનાતન ધર્મની પરંપરા, ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોને સમાજ સુધી પહોંચાડવા તેમજ યુવા પેઢીને ભવ્ય ધાર્મિક-સાંસ્કૃતિક વિરાસત સાથે જોડવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે.

જન્માષ્ટમી પર્વ દરમિયાન પેડક રોડ બાલક હનુમાન મંદિર ખાતે ધજા-પતાકા, આકર્ષક ફ્લોટ, વિવિધ સુશોભન અને રંગબેરંગી રોશનીથી ગોકુળ જેવો માહોલ સર્જાશે. જન્માષ્ટમીની રાત્રે મટકી ફોડ સહિતના વિવિધ કાર્યક્રમો પણ યોજાશે.

રંગ સનાતનના આ ભવ્ય કાર્યક્રમમાં પરિવાર સાથે ઉપસ્થિત રહી ભક્તિ અને સંસ્કૃતિના આ અવસરના સાક્ષી બનવા ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, વિધાનસભા-૬૮ ભાજપ પરિવાર તથા શ્રી બાલક હનુમાન મંદિર ટ્રસ્ટ દ્વારા રાજકોટવાસીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.






# જન્માષ્ટમીએ શ્રી પ્રગટ ચેરિટેબલ ટ્રસ્ટે નિઃશુલ્ક રાશન વિતરણ કર્યું

સિટી ન્યૂઝ@રાજકોટ

શ્રી પ્રગટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ગંગાસ્વરૂપ માતાઓ તથા જરૂરિયાતમંદ લોકો માટે સેવાકીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે લાભાર્થીઓને નિઃશુલ્ક જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦ ગ્રામ તેલ, ૫૦૦ ગ્રામ ખાંડ, ૫૦૦ ગ્રામ ચણાનો લોટ, ૫૦૦ ગ્રામ મેંદાનો લોટ અને ૫૦૦ ગ્રામ મકાઈના પૌવા આપવામાં આવ્યા હતા. શોફટ કોમવાળા મહેશભાઈ તન્ના પરિવાર તરફથી મીઠાઈ તથા ફરસાણનું પણ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.વિતરણ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પૂર્વ ડે. મેયર માવજીભાઈ ડોડીયા, મહેશભાઈ તન્ના પરિવાર, રાઠોડ મશીન ટૂલ્સવાળા અશોકભાઈ રાઠોડ પરિવાર, સત્સંગી સેવક ભૂપેન્દ્રભાઈ કાચા, વેપારી ભાવેશભાઈ મીરાણી, એડવોકેટ કિશનભાઈ રાજાણી, સિવિલ હોસ્પિટલ રામેશ્વર અન્નક્ષેત્રના સેવક રાજુભાઈ ઉમરાણીયા, પંકજભાઈ તાવીયા, મનીષભાઈ મિયાત્રા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ગંગાસ્વરૂપ માતાઓ અને જરૂરિયાતમંદોને તેલ, ખાંડ, લોટ, પૌવા સાથે મીઠાઈ-ફરસાણ અપાયા**

આ ઉપરાંત વોર્ડ નં. ૧૪ના ભાજપ મહામંત્રી માણસુરભાઈ વાળા, વોર્ડ નં. ૧૪ના યુવા ભાજપ પ્રભારી કશ્યપભાઈ ભટ્ટ તથા યુવા ભાજપ મહામંત્રી કાનાભાઈ સોમૈયાના હસ્તે પણ લાભાર્થીઓને સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

માનવ સેવાકીય કાર્યમાં સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ ભટ્ટ, જૈમિલ પંડ્યા, દેવાંગ ભટ્ટ, ચિંતન રાચ્છ, ધર્મેશ રાઠોડ, હર્ષદ રાઠોડ, અભિરાજ જાડેજા, કિર્તીબેન પાનસુરીયા, શોભનાબેન પારેખ, મધુબેન પરમાર, સવજીભાઈ રાઠોડ, બચુ બાપા માખેલા, રાજેશભાઈ ટાંક, પાર્થ અનડકટ, જયેશભાઈ અનડકટ, જયેશભાઈ માવાણી સહિતના કાર્યકરોએ સેવા આપી હતી.

જન્માષ્ટમી પર્વે જરૂરિયાતમંદ પરિવારો અને ગંગાસ્વરૂપ માતાઓને સહાય મળી રહે તે હેતુથી યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમને ઉપસ્થિત મહાનુભાવોએ બિરદાવ્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી પ્રો.જયદિપસિંહ ડોડીયાનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ અને અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર જયદિપસિંહ ડોડીયા આજે તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ૬૨ વર્ષ પૂર્ણ કરી ૬૩મા વર્ષમાં પ્રવેશ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે શિક્ષણવિદો, યુનિવર્સિટીના અગ્રણીઓ અને સામાજિક ક્ષેત્રના શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા છે. પ્રો. ડોડીયા વર્ષ ૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા હતા. અગાઉ રાજકોટની એમ.ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શારદાગ્રામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે સેવા આપી હતી. યુનિવર્સિટીમાં તેમણે સેનેટ, સિન્ડિકેટ, ડીન સહિતની વિવિધ જવાબદારીઓ સંભાળી હતી. વર્ષ ૨૦૧૩માં તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ બન્યા હતા. તેમની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન ૫૦ જેટલા અધ્યાપકોને Ph.D. માટે માર્ગદર્શન આપ્યું હોવાનું જણાવાયું છે. જેમાંથી આશરે ૨૦ અધ્યાપકો વિવિધ યુનિવર્સિટીઓમાં ગાઇડ તરીકે કાર્યરત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનમાં ૨ ટર્મ મહામંત્રી અને ૨ ટર્મ પ્રમુખ તરીકે પણ તેમણે જવાબદારી સંભાળી હતી. જન્મદિવસ નિમિત્તે રાજકોટ તથા જૂનાગઢ ગુરુકુલના સંતો સહિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. પ્રતાપસિંહજી ચૌહાણ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. જગદીશ જોશી, પૂર્વ ઉપકુલપતિ ડો. કલ્પક ત્રિવેદી સહિત અનેક શિક્ષણવિદો અને શુભેચ્છકોએ પ્રો. ડોડીયાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજકોટમાં રામનાથ મંદિર-રિવરફ્રન્ટની થીમથી શક્તિ યુવા ગ્રુપનું આકર્ષણ

## વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત લત્તા શણગાર સ્પર્ધામાં રૂ. 80,000ના ખર્ચે અનોખી કૃતિ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં શક્તિ યુવા ગ્રુપ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે ગ્રુપ દ્વારા લત્તા શણગાર કરવામાં આવે છે, જેમાં જાહેર જનતાને સારો અને સામાજિક સંદેશ મળે તેવી અલગ-અલગ થીમ આધારિત કૃતિઓ તૈયાર કરવામાં આવે છે. થર્મોકોલ, રંગો, લાઈટિંગ સહિતની સામગ્રીના ઉપયોગથી સંદેશસભર અદભૂત નજારો ઉભો કરવામાં આવે છે. વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત લત્તા શણગાર સ્પર્ધામાં આ વર્ષે




શક્તિ યુવા ગ્રુપ દ્વારા રામનાથ મહાદેવ મંદિર તેમજ રિવરફ્રન્ટ પ્રોજેક્ટની થીમ આધારિત લત્તા શણગાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. ૮૦,૦૦૦નો ખર્ચ થયો છે. ગ્રુપના સભ્યોએ પોતાની સર્જનાત્મકતા અને મહેનતથી લત્તાવાસીઓ તથા વિવિધ શણગાર સામગ્રીનો ઉપયોગ કરી રામનાથ મહાદેવ મંદિર અને રિવરફ્રન્ટની સુંદર પ્રતિકૃતિ તૈયાર કરી છે. સમગ્ર આયોજનમાં ધાર્મિક આસ્થા સાથે શહેરના વિકાસ અને સૌંદર્યીકરણની કલ્પનાને સુંદર રીતે રજૂ કરવામાં આવી છે.લત્તા શણગારના માધ્યમથી ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક વારસા, પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ અને શહેરના વિકાસનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શક્તિ યુવા ગ્રુપની આ અનોખી રજૂઆત સ્થાનિક લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. ગ્રુપ દ્વારા જાહેર જનતાને આ પ્રોજેક્ટની મુલાકાત લઈ નિહાળવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વિચરતી-વિમુક્ત જાતિના મુક્તિ દિવસે સમાજ શિક્ષણ શિબિર યોજાઈ

» સરકારી યોજનાઓ, સ્વરોજગાર અને શિક્ષણ અંગે રાજકોટમાં માર્ગદર્શન અપાયું

» કુરિવાજ–અંધશ્રદ્ધા દૂર કરવા અને સમાજમાં એકતા જાળવવા આગેવાનોની અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ





જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિની કચેરી દ્વારા વિચરતી-વિમુક્ત જાતિના મુક્તિ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧-૦૮-૨૦૨૬ના રોજ રાજકોટના જિલ્લા સેવા સદન-૨ના બહુમાળી ભવન ખાતે સમાજ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧થી ૧૨:૩૦ વાગ્યા સુધી યોજાયેલી આ શિબિરમાં વિચરતી-વિમુક્ત જાતિના આગેવાનો તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં એન.એસ. પરમારે ઉપસ્થિત આગેવાનો, લાભાર્થીઓ તથા જિલ્લા નાયબ નિયામકનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ વિચરતી-વિમુક્ત જાતિના આગેવાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

જિલ્લા નાયબ નિયામક ડી.એ. પીપરીયાએ વિચરતી-વિમુક્ત જાતિઓને સરકાર તરફથી મળતા વિવિધ યોજનાકીય લાભો અંગે માહિતી આપી હતી. તેમાં બાલવાટિકાથી વિદેશ અભ્યાસ લોન સુધીની શિષ્યવૃત્તિ યોજનાઓ, કુંવરબાઈનું મામેરું, જાતિ પ્રમાણપત્રો અને આવાસ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમની સ્વરોજગારલક્ષી લોન તથા શૈક્ષણિક અભ્યાસ લોન અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

શિબિરમાં કાંતિભાઈ પરમાર, નરેશભાઈ, પરસોડા છોટુભાઈ, બિપિનભાઈ, રાજકોટ રાવળદેવ સમાજના પ્રમુખ ગોપાલભાઈ બોરાણા તથા વિસાભાઈ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ સમાજમાં રહેલા કુરિવાજો અને અંધશ્રદ્ધા દૂર કરવા, શિક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવા તથા સામાજિક પરિસ્થિતિમાં સુધાર લાવવા માટે અપીલ કરી હતી. સમાજના લોકોને સ્થળાંતર કર્યા વિના કોઈ એક સ્થળે કાયમી સ્થાયી થવા તેમજ સમાજમાં એકતા અને સંગઠનનો ભાવ જાળવી રાખવા અંગે પણ જાગૃતિ આપવામાં આવી હતી. અંતે આર.સી. પટેલે આભારવિધિ કરી હતી. ઉપસ્થિત આગેવાનો તથા લોકોને અલ્પાહાર કરાવી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.







# જન્માષ્ટમી પર્વે રાજકોટમાં સાંવરિયા શેઠના દિવ્ય દર્શન

## જય દ્વારકાધીશ હોટેલ ગ્રુપના આંગણે ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમી પર્વની સતત ૫ વર્ષથી ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષે પણ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. જય દ્વારકાધીશ હોટેલ ગ્રુપ દ્વારા ગુજરાતમાં પ્રથમ વખત સાંવરિયા શેઠનું આબેહૂબ અને દિવ્ય મંદિર તૈયાર કરવામાં આવ્યું છે, જે જન્માષ્ટમી પર્વ દરમિયાન શ્રદ્ધાળુઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

જય દ્વારકાધીશ હોટેલ ગ્રુપના આંગણે યોજાનારા આ આયોજનમાં ધર્મ અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે. શ્રદ્ધાળુઓને સાંવરિયા શેઠના દિવ્ય દર્શન સાથે ધાર્મિક વાતાવરણનો વિશેષ અનુભવ કરાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

જય દ્વારકાધીશ હોટેલની સામે, યુનિવર્સિટી મેઈન રોડ, B.T. સવાણી કિડની હોસ્પિટલ પહેલાં, શ્રી દ્વારકાધીશ માર્ગ, FSLની બાજુમાં, રાજકોટ.

૨ સપ્ટેમ્બર, બુધવારઃ સાંજે ૬:૩૦ કલાકે મહંત પીર યોગીશ્રી શેરનાથ બાપુના હસ્તે ભવ્ય દર્શન, શૃંગાર અને દીપ પ્રાગટ્ય, જ્યારે સાંજે ૭:૩૦ કલાકે ભવ્ય મહાઆરતી યોજાશે.

૩ સપ્ટેમ્બર, ગુરુવારઃ સાંજે ૭:૩૦ કલાકે વિજય ગુરુજીના હસ્તે ભવ્ય મહાઆરતી યોજાશે.

૪ સપ્ટેમ્બર, શુક્રવારઃ સાંજે ૭:૩૦ કલાકે આઈ શ્રી કંચન માં - સોનલધામ મઢડાના હસ્તે ભવ્ય આરતી, રાત્રે ૯:૦૦ કલાકે રાસની રમઝટ અને રાત્રે ૧૨:૦૦ કલાકે ભવ્ય દહીં હાંડી ઉત્સવ યોજાશે.

આ સમગ્ર આયોજનમાં ધાર્મિક સંતો, મહાનુભાવો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. આયોજકો દ્વારા રાજકોટવાસીઓ અને ધર્મપ્રેમી જનતાને પરિવાર સાથે ઉપસ્થિત રહી સાંવરિયા શેઠના દિવ્ય દર્શન તથા જન્માષ્ટમી મહોત્સવનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ધર્મ અને સંસ્કૃતિનો અનોખો સમન્વય, સાંવરિયા શેઠના દિવ્ય દર્શન સાથે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી.

# શ્રીનાથજી ફાર્મમાં પંચામૃત મહોત્સવ, હિંડોળાના દર્શન

» પૂ.પાદ ગો. વ્રજરાજકુમાર મહોદયની નિશ્રામાં છાક મનોરથ યોજાયો

» બાલકૃષ્ણ લાલજી હવેલીના કીર્તન સાથે કાંસ્ય પ્રતિમાઓનું અનાવરણ કરાયું

સિટી ન્યૂઝ@રાજકોટ









સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા સમગ્ર ડેલાવાળા પરિવાર દ્વારા ભાવનગર રોડ ઉપર વિઠ્ઠલવાવ ખાતે આવેલા શ્રીનાથજી ફાર્મમાં પંચામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈષ્ણવાચાર્ય પૂ.પાદ ગો. વ્રજરાજકુમાર મહોદયની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ ધાર્મિક પ્રસંગે વચનામૃતનો લાભ આપવામાં આવ્યો હતો. સાથે પ્રભુના છાક મનોરથ અને ફૂલોના હિંડોળાના દર્શનનું પણ આયોજન કરાયું હતું.

મહોત્સવ દરમિયાન બાલકૃષ્ણ લાલજી હવેલીના કીર્તનનું આયોજન થયું હતું. દરબારગઢ હવેલીના શિરસ્થ કીર્તનકાર ભગવદીયોએ હવેલી કીર્તન રજૂ કરી ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. ત્યારબાદ પૂ. ગો. વ્રજરાજકુમાર મહોદયના વચનામૃતનો ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે ગુણવંતભાઈ ડેલાવાળાના પિતાશ્રી કસ્તુરચંદભાઈ ડેલાવાળા તથા માતુશ્રી મોંઘીબેનની કાંસ્ય પ્રતિમાઓનું અનાવરણ પણ પૂ. ગો. વ્રજરાજકુમાર મહોદયના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રીનાથજી ફાર્મના નવનિર્માણ અને નવીનીકરણની ઉદ્દઘાટનવિધિ પણ તેમના હસ્તે યોજાઈ હતી.

ધાર્મિક કાર્યક્રમમાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, રાજકોટના મેયર ડો. નેહલભાઈ શુક્લ, ગોવિંદભાઈ પટેલ, હરિશભાઈ લાખાણી, ખોડીદાસભાઈ પટેલ, જીતુભાઈ ચંદારાણા, મૌલેશભાઈ પટેલ, કમલેશભાઈ મીરાણી, રાકેશભાઈ પોપટ, નાથાભાઈ કાલરીયા, પ્રતાપભાઈ પટેલ, જગદીશભાઈ કોટડીયા, નલીનભાઈ વસા, શૈલેષભાઈ પાબારી, દિલેશભાઈ પાબારી, રાજદીપસિંહ જાડેજા, તેજશભાઈ ભટ્ટી, રમેશભાઈ જીવાણી, ગોપાલભાઈ સાપરિયા, જયેશભાઈ વસા, પ્રજ્ઞેશભાઈ પટેલ, રાકેશભાઈ દેસાઈ, કાળુભાઈ કાનગડ, ડો. ચંદાબેન શાહ, ડો. માલાબેન કુંડલિયા, અલ્કાબેન કામદાર અને ગીતાબેન હીરાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત સમગ્ર ડેલાવાળા પરિવાર, સરગમ કલબના આમંત્રિત મહેમાનો, કમિટી સભ્યો તથા બાલકૃષ્ણ લાલજી હવેલીના કીર્તનકારોએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમ ભક્તિ અને ધાર્મિક માહોલ વચ્ચે સંપન્ન થયો હતો.



# નિધિ સ્કૂલ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા આજ રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી સ્કૂલના વિદ્યાર્થી ભાઈ બહેનોએ સમૂહમાં કરેલ હતી, આ ઉજવણીમાં વિદ્યાર્થી ભાઈ બહેનો કાન અને ગોપી બનીને આવેલ હતા, અને તેઓને પ્રથમ દ્વિતીય અને તૃતિય ક્રમાંક આપીને તેઓનું સન્માન કરવામાં આવેલ હતું, ત્યારબાદ સમૂહમાં મટકી ફોડ સ્પર્ધા નું આયોજન પણ કરવામાં આવેલ હતું, જેમાં તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધેલ હતો, તેમજ મટકી ફોડ બાદ ,નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના નાદ સાથે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરેલ હતી, ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવેલ હતું, સમગ્ર ભારત વર્ષ અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી નું આકર્ષણ બહુ જ વધારે હોય છે કેમ૦કે ભગવાન શ્રીકૃષ્ણએ તેઓનું અંતિમ ચરણ સૌરાષ્ટ્ર મધ્ય કરેલ હતું, અને સૌરાષ્ટ્ર મધ્ય આવીને વસેલ હતા, આ જન્માષ્ટમી પર્વના કાર્યક્રમમાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ, હેમાલી મકવાણા, દૃષ્ટિ ચાવડીયા, સ્નેહા માકડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ જોડાયેલ હતો, અને આ જન્માષ્ટમી પર્વની ઉજવણી સમૂહમાં કરેલ હતી.

## અવસાન નોંધ



સ્વ. બાલાશંકર મહેતા ના પુત્રવધૂ, છેલશંકર બાલાશંકર મહેતા (રેલ્વેવાળા)ના ધર્મપત્ની, હરીશભાઈ, સ્વ. મીરાબેન, પૂનમબેન, હર્ષાબેન તથા શીતલબેનના માતુશ્રી તેમજ સિદ્ધાર્થભાઈના દાદી અને નટુભાઈ (રેલ્વેવાળા), પ્રવિણભાઈ (રેલ્વેવાળા), શૈલેષભાઈ (રેલ્વેવાળા) તથા મનોજભાઈ (કમાભાઈ)ના મોટા ભાભી સ્વ. અ.સૌ. પ્રેમીલાબેન છેલશંકર મહેતા તા. ૩૧-૮-૨૦૨૬, સોમવારના રોજ કૈલાસવાસ પામ્યા છે.**સદગતનું બેસણું:** તા. ૩-૯-૨૦૨૬, ગુરુવારને સાંજે ૪ થી ૬ કલાકે તેમના નીવાશ સ્થાન અમૃત રેસીડેન્સી-૩, સોસાયટી હોલ,હેડ ગેવર ટાઉનશિપની બાજુમાં, રેલનગર-રાજકોટ ખાતે રાખેલ છે. મો. ૯૨૭૭૭ ૫૫૫૬૬, મો. ૭૦૧૬૯ ૫૪૦૬૬, મો. ૯૯૨૫૫ ૦૦૦૫૫

# બળેવ પર્વ નિમિત્તે હજારો ભુદેવોએ હર હર મહાદેવના નાદ સાથે મોદ્‌ક ગ્રહણ કર્યા

## ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા જ્ઞાતિ ભોજન કાર્યક્રમ સંપન્ન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મૂળ ઝાલાવાડના અને રાજકોટમાં વસવાટ કરતા ભૂદેવોની સંસ્થા ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા શ્રાવણી પર્વ બળેવ અને રક્ષાબંધન નિમિત્તે પરંપરાગત જ્ઞાતિ ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિના અગ્રણીઓ સહિત હજારો ભૂદેવોએ પરિવાર સાથે ઉમંગભેર ભાગ લઈ હર હર મહાદેવના નાદ સાથે મોદકનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

જ્ઞાતિ ભોજન કાર્યક્રમમાં બ્રાહ્મણોને પ્રિય એવા લાડુ-મોદક સહિતના પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ તડગોળના આગેવાનો કશ્યપભાઈ શુક્લ, દર્શિતભાઈ જાની, કમલેશભાઈ ત્રિવેદી, ગૌરાંગભાઈ ઓઝા, હર્ષદભાઈ ઓઝા, અતુલભાઈ વ્યાસ, તેજસભાઈ ત્રિવેદી, જયેશભાઈ જાની, હરિશભાઈ મહેતા, વિજયભાઈ ઓઝા અને દિલીપભાઈ જાની ઉપસ્થિત રહ્યા હતા.



સમાજના વિવિધ સમૂહોનું પ્રતિનિધિત્વ કરતા જયેશભાઈ ઉપાધ્યાય, અનુપમભાઈ દોશી, ડો. તેજશભાઈ પંડ્યા, ડો. રાજેશભાઈ ત્રિવેદી, ઉદ્યોગપતિ મનીષભાઈ ઠાકર, રાહુલભાઈ જોશી, નાગરિક બેન્કના ચેરમેન દિનેશભાઈ પાઠક, પૂર્વ ચેરમેન શૈલેશભાઈ ઠાકર, અગ્રણી એડવોકેટ વિજયભાઈ વ્યાસ અને મહેશભાઈ ત્રિવેદી સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પ્રતિનિધિઓ પરેશભાઈ ઠાકર અને મનીષભાઈ રાડિયા પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસાદ ગ્રહણ કરી કાર્યક્રમના આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા અને સંસ્થાની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી. પ્રમુખ કમલેશભાઈ જોશી અને મહામંત્રી પરાગભાઈ ભટ્ટની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો હરેશભાઈ ભટ્ટ, લલિતભાઈ રાવલ, મહેશભાઈ ત્રિવેદી, રાજુભાઈ દવે, આર.કે. દવે, મહેન્દ્રભાઈ રાવલ, બ્રહ્મદીપના તંત્રી જનાર્દનભાઈ આચાર્ય, સહતંત્રી બાલેન્દુ જાની, પ્રકાશક રાજુભાઈ દવે, રાજેશભાઈ મહેતા, ભૃગુલભાઈ મહેતા, કિશોરભાઈ વ્યાસ, નયનભાઈ ઠાકર, વિનુભાઈ ઠાકર, પ્રફુલભાઈ પંડ્યા, ધર્મેશભાઈ પંડ્યા અને સતિષભાઈ મહેતા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન નિલેષભાઈ ઉપાધ્યાયે કર્યું હતું. જ્ઞાતિ ભોજન કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્યો સહિત આયોજક મંડળે ભારે જહેમત ઉઠાવી હતી. શ્રાવણી પર્વ નિમિત્તે યોજાયેલા આ પરંપરાગત કાર્યક્રમમાં જ્ઞાતિ એકતા, પારિવારિક સ્નેહ અને ધાર્મિક ભાવનાનો માહોલ જોવા મળ્યો હતો.




## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટાઈમ ટેક્નોપ્લાસ્ટ લિ.ને પીએસયુ પાસેથી આશરે રૂ.૮૭.૫૩ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- ઈરઈ નેટવર્ક્સ લિ.ને સોવેરિયન એઆઈ કંપની પાસેથી આશરે રૂ.૧૦૦૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- ઈન્ડો ટેક ટ્રાન્સફોર્મર્સ લિ.ને વારી રિન્યૂએબલ ટેકનોલોજીસ લિ.ને રૂ.૫૪ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- ટાટા પાવર કંપની લિ.એ જણાવ્યું છે કે કંપનીની સબસિડિયરી ટાટા પાવર રિન્યુએબલ એનર્જી લિ. એ તામિલ નાડુના કયાથારમાં વેલ્લાલનકોટ્ટાઈ અને નાલંધુલા ગામોમાં તેના ૧૦૦ મેગાવોટ ગ્રુપ કેપ્ટિવ સોલાર પ્રોજેક્ટ (ટીએનજીસી-૨) સફળતાપૂર્વક કાર્યરત કર્યો છે.
- ઓઈલ ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે મહારત્ન સીપીએસઈ ઓઈલ ઈન્ડિયા લિ.ની સંપૂર્ણ માલિકીની ઓઈલ ગ્રીન એનર્જી લિ. એ સંબંધિત ક્લસ્ટરમાં ઈન્ટિગ્રેટેડ સીબીજી અને વેસ્ટ-ટુ-એનર્જી પ્રોજેક્ટ્સના વિકાસ માટે હરિયાણાની ચાર નગરપાલિકાઓ - ગુરુગ્રામ, ફરીદાબાદ, હિસાર અને અંબાલા સાથે સમજૂતી કરાર કર્યા છે.
- બ્રિગેડ એન્ટરપ્રાઈઝીસ લિ.એ જણાવ્યું હતું કે બ્રિગેડ ગ્રુપે કોઈમ્બતુરમાં પ્રવેશની જાહેરાત કરી છે અને જમીન માલિક સાથે સંયુક્ત વિકાસ દ્વારા સરવનમપટ્ટીમાં ૫.૪ એકર જમીન વિસ્તારમાં ફેલાયેલો રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ શરૂ કરવાની યોજના બનાવી છે.
- ઈએમએસ લિ.ને નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી આશરે રૂ.૨૮.૩૮ કરોડનો વર્ક ઓર્ડર મળ્યો છે.

**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| ESDS SOFTWARE SOLUTION | 28/8 | 01/9 | 408 - 429 | 34 | 14,586 |
| PRIORITY JEWELS | 28/8 | 01/9 | 190 - 200 | 75 | 15,000 |
| PURPLE STYLE LABS | 31/8 | 02/9 | 546 - 575 | 26 | 14,950 |
| RAYS OF BELIEF | 01/9 | 03/9 | 227 - 239 | 62 | 14,818 |
| DEEPA JEWELLERS | 01/9 | 03/9 | 168 - 177 | 84 | 14,868 |

**SME DETAILS**


| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| PALUCK TECHNOLOGIES | 28/8 | 01/9 | 46 - 48 | 6000 | 2,88,000 |
| COMPLETE SPORTS & MANAGEMENT INDIA | 28/8 | 01/9 | 128 - 135 | 2000 | 2,70,000 |
| PHYCHEM TECHNOLOGIES | 31/8 | 02/9 | 51 - 54 | 4000 | 2,16,000 |
| SHANTI INORGANICS | 31/8 | 02/9 | 79 - 83 | 3200 | 2,65,600 |
| ASHUTOSH FIBRE | 31/8 | 02/9 | 87 - 92 | 2400 | 2,20,800 |
| FARM PEACE | 01/9 | 03/9 | 59 | 4000 | 2,36,000 |
| FLY-HI MARITIME TRAVELS | 01/9 | 03/9 | 102 | 2400 | 2,44,800 |

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

# DCPએ બાઈક રોકી ટ્રાફિક કોન્સ્ટેબલને પુછ્યુ, સાબ લો ગાર્ડન જાના હે. કોન્સ્ટેબલે ઈશારો કરી રસ્તો બતાવ્યો




ડીસીપી એચ. કે. સિન્હા પાલડી ચાર રસ્તા વટાવી જલારામ મંદિર તરફ જઈ રહ્યા હતા. આજે પોતે મોટર સાયકલ ચલાવી રહ્યા હતા તેના કારણે તેનો રોમાંચ જ કંઈક જુદો હતો. હજી ૧૨મું ધોરણ પાસ કર્યા પછી પહેલી વખત પપ્પાએ બાઈક આપી હોય તેવુ લાગી રહ્યુ હતું. જો કે ક્યારેક વચ્ચે અચાનક કોઈ આવી જાય ત્યારે તેમને લાગતુ કે તેમનો ડ્રાઈવર કઈ રીતે આવા ટ્રાફિકમાં કાર ચલાવતો હશે? ડીસીપી જલારામ મંદિરનું રેલવે ક્રોસિંગ ક્રોસ કરી સીધા નિકળ્યા, તેમણ આજુબાજુના રસ્તાઓ અને મકાનો જોઈ ખાતરી કરી કે રસ્તા લો ગાર્ડન તરફ જ જઈ રહ્યો છે ને, છતાં મનમાં શંકા થઈ રહી હતી. સરકારી ગાડીમાં તો ડ્રાઈવરને બધા જ રસ્તાની ખબર હતી, તેને માત્ર જગ્યાનું નામ આપો અને બસ ગાડી ત્યાં જ ઉભી રહેતી હતી. જલારામ મંદિર પછીના ચાર રસ્તા ઉપર ટ્રાફિક પોલીસવાળા તો ઉભો હતા પણ ટ્રાફિક લાલ-લીલી લાઈટ જોયા વગર પોતાની ઈચ્છા પ્રમાણે જઈ રહ્યો હતો.સવારના ૮ વાગ્યાથી નોકરી ઉપર ચઢેલો ટ્રાફિક કોન્સ્ટેબલ પણ પોતાની હાજરી પોઈન્ટ ઉપર છે તેવુ બતાડવા માટે ૪ રસ્તા પાસે ખુણા પર શેરડીના સંચાવાળાની ખુરશી ઉપર બેસી રહ્યો હતો. તેને જોતા ડીસીપી એ ટ્રાફિક કોન્સ્ટેબલ પાસે જઈ બાઈકની બ્રેક મારી પુછ્યુ સાબ લો ગાર્ડન જાના હૈ, કોન્સ્ટેબલે હાથનો ઈશારો કરી સીધા જાવ, ફરી ડીસીપી સીધા જવા લાગ્યા. ફરી એક ચાર રસ્તા આવ્યા જ્યા ખુણામાં લખ્યુ હતુ રવિશંકર મહારાજ ગેલેરી, એકાદ બે વખત ડીસીપી એ ડોકી ફેરવી રસ્તાની ખાતરી કરી તેમને લાગ્યુ કે બરાબર કદાચ લો ગાર્ડન આવી ગયુ છે પણ ૧૦૦ મીટર આગળ જતા એક બગીચો દેખાયો, હાશ આવી ગયા, તેથી તેઓ થોડાક આગળ ગયા ત્યા તેમના ડાબા હાથે જીએલએસ લો કોલેજનું બિલ્ડિંગ અને બોર્ડ જોયુ. તેની સાથે બ્રેક કરી બાઈક સાઈડમાં લીધુ અને બાઈક ઉપર બેઠા બેઠા આગળ પાછળ, ડાબે જમણે બધે જોયુ પણ રીઝવાન ક્યાંય દેખાયો નહીં.ડીસીપી બાઈક પરથી ઉતર્યા અને બાઈક સ્ટેન્ડ કરવા લાગ્યા પણ પહેલા તો સ્ટેન્ડ ક્યા છે તે જ દેખાતુ ન હતુ, જો કે પછી સ્ટેન્ડ મળી ગયુ, આવુ બધુ લાંબા સમયથી થઈ રહ્યુ હતું અને આટલા માનસિક દબાણ વચ્ચે પણ તેમને પોતાની ઉપર હસવુ આવતુ હતું. બાઈક સ્ટેન્ડ કરી તે સીટ ઉપર બેસવા ગયા ત્યારે તેમણે જોયુ તો આજુબાજુ ઘણા કોલેજના છોકરા છોકરી મસ્તી કરી રહ્યા હતા. તેમને લાગ્યુ કે આ જિંદગી કેટલી સારી છે. સીટ ઉપર બેસી તેમણે શર્ટના ઉપરના ખીસ્સામાં રહેલો ફોન કાઢ્યો અને રીઝવાન ને જોડ્યો એક રીંગ ૨ રીંગ ૩ રીંગ અને રીંગ જતી રહી, રીઝવાન ફોન કેમ ઉપાડતો નથી. કંઈક લોચો તો નથી પડ્યો તેવા વિચાર આવવા લાગ્યા, આખી રીંગ પુરી થઈ ગઈ. ડીસીપી વિચાર કરવા લાગ્યા જિંદગીમાં પોલીસમાં આવ્યા પછી પહેલી વખત બાઈક ઉપર નિકળ્યો અને આજે જ આ પહેલુ કામ પણ થશે નહીં, પણ ત્યાં જ ડીસીપી ના ફોન ઉપર રીંગ આવી તેમણે સ્ક્રીન ઉપર જોયુ તો રીઝવાન જ હતો.ડીસીપી ફોન ઉપાડતા પુછ્યુ અરે ભાઈ રીઝવાન કહો, અરે મે ભી લો ગાર્ડન હી ખડા હું, પછી પોતાની આસપાસ જોઈ કહ્યુ દેખો મે કોલેજ કે બહાર ખડા હું, મેરી બગલ મેં એક સેન્ડવીચ કા લારી હૈ, ક્યા નામ ઉસકા બોલી તેમણે લારીના બોર્ડ ઉપર નામ વાંચવાનો પ્રયાસ કર્યો, પછી કહ્યુ કર્ણાવતી કચ્છી દાબેલી લીખા હૈ. અને તેમણે ફોન મુક્યો. બીજી જ મિનિટે રીઝાવાન દોડતો આવ્યો, તે પણ ડીસીપી ની રાહ જોઈ રહ્યો હતો. પણ રીઝવાને બાઈકની સીટ ઉપર બેઠેલા ડીસીપી ને જોતા તે બોલ્યો. ઓ સાબ યહ ક્યા, કહી તે હસવા લાગ્યો. તે માની શકતો ન્હોતો કે ક્રાઈમ બ્રાન્ચ ના ડીસીપી એકલા અને તે પણ બાઈક ઉપર આવે. ડીસીપી પણ હસી પડ્યા, ડીસીપી એ કહ્યુ રીઝવાન તુ ક્રાઈમ બ્રાન્ચ આના નહીં ચાહતા, હા તુઝે સબ જાનતે ભી, ઔર આજકલ તો તેરી જમાતવાલે કાફી લોગો કો હમ લેકે આતે હૈ, ઈસીલીય મેં હી ચલા આયા. રીઝવાન બાઈક સામે જોઈ રહ્યો હતો. ડીસીપી સિન્હા એ કહ્યુ મેરે કોન્સ્ટેબલ કા હૈ, લેકીન આજ બાઈક ચલાને કા બડા મઝા આયા. પછી તરત યાદ આવ્યુ તેમ કહ્યુ ચલ બતા ક્યા બાત હૈ, રીઝવા ને વાત શરૂ કરતા દીવાલને અડી આવેલી ચ્હાની લારી તરફ ઈશારો કરતા કહ્યુ સાબ એકાદ ચાઈ ભી હો જાય. ડીસીપી એ હા પાડી, તે બાઈક ઉપરથી ઉતરી કિટલી તરફ ચાલતા ગયા. રીઝવાન



પ્રશાંત દયાળ

દોડતો ગયો અને લારીની આસપાસ પડેલા નાની સાઈઝના પીપડા જેને રોડ સાઈડ બેઠક તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો તે લઈ આવ્યો.એક તેણે બેસવા માટે ડીસીપી ને આપ્યુ અને બીજા ઉપર પોતે બેસતા પહેલા તેણે ચ્હાની લારીવાળાને બે કટીંગનો ઈશારો કર્યો, તે થોડો ડીસીપી તરફ આગળ વધ્યો, આજુબાજુ જોયુ અને પછી કહ્યુ સાબ આપને જો કામ દીયા થા, વો આસાન નહીં હૈ. ડીસીપી ને ખબર હતી કે તમામ બાતમીદાર પોતાનું મહત્વ વધારવા માટે આ પ્રકારે જ વાતની શરૂઆત કરે. જો કે આ વખતે રીઝવાન જે કહી રહ્યો હતો તે વાત પણ સાચી હતી. બોમ્બ બ્લાસ્ટની એક પણ નાની માહિતી મહત્વની સાબિત થવાની હતી. રીઝવાન ડીસીપી નો બાતમીદાર હતો, ઘણી વખત તેણે દારૂ-જુગાર જેવી માહિતી ડીસીપી ને આપી હતી. જો કે ડીસીપી ક્રાઈમ બ્રાન્ચ માં આવ્યા ત્યારે તેમને દારૂ-જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડતી વખતે બહુ થ્રીલ મળતી હતી પણ પછી સમજાયુ કે દારૂ-જુગારના અડ્ડા ઉપર તો સામાન્ય હેડ કોન્સ્ટેબલ પણ રેડ કરી શકે તેમા કંઈ બહાદુરી પણ નથી.જેસીપી વિવેક ગૌડ કહેતા કે દારૂ-જુગાર તો રામાયણ-મહાભારત કાલ સે ચલતા આયા હૈ, આપ ઉસે રોક નહીં શકતે, હા હમે ઉસે ચલને નહીં દેના હૈ, લેકીન પોલીસીંગ કા મતલબ સીર્ફ પ્રોહિબીશન ગેમલીંગ નહીં હૈ. જેસીપીની વાત પછી ડીસીપી એ દારૂ-જુગારની રેડમાં જવાનું બંધ કી દીધુ હતુ, જો કે બાતમીદાર તરીકે દર મહિને રીઝવાન નાની મોટી રકમ ડીસીપી પાસેથી લઈ જતો હતો. ડીસીપી એ રીઝવાન જેવા ૪-૫ બાતમીદારોને આ કામ સોંપ્યુ હતું. રીઝવા ને વાત શરૂ કરી ત્યારે ચ્હા આપવા ટેણીયો આવ્યો એટલે ડીસીપી એ રીઝવાન ના ઘુંટણ ઉપર હાથ મુકી તેને વાત કરતા રોકયો. પ્લાસ્ટીકના કપમાં ચ્હા આવી, ચ્હા પણ ચરણામૃત જેટલી જ હતી, ડીસીપી એ પહેલા ચ્હાના કપ સામે જોયુ અને એક ચુસકી મારી જમીન ઉપર ચ્હાનો કપ મુક્યો. રીઝવાને વાતની શરૂઆત કરી ત્યારે ડીસીપી એ પોતાનો મોબાઈલ ફોન કાઢ્યો અને કોઈને મેસેજ કરવાની શરૂઆત કરી, રીઝવાની વાત ચાલુ કરી અને ડીસીપી ના મેસેજ ચાલુ હતું., જો કે ડીસીપી ના કાન તો રીઝવાન ની વાત જ સાંભળી રહ્યા. ડીસીપી એ મેસેજમાં લખ્યુ આજ સુબહ જો હુવા ઉસકે લીયે સોરી, અડધી મિનીટ પછી વળતો મેસેજ આવ્યો કોઈ બાત નહીં, આપ ચિંતા મત કરના મેં ઉસે હોસ્પિટલ Hospital લેકે ગઈ થી, અબ અચ્છા હૈ, બુખાર ઉતર ગયા, આપ કામ પે ધ્યાન દો મે અખબાર મેં આપકી ફોટો દેખના ચાહતી હું, ડીસીપી એ લખ્યુ love u, સામેથી તરત જવાબ આવ્યુ ૨..૩..૪ મેસેજ વાંચી ડીસીપી હસ્યા અને ફોન ખીસ્સામાં મુકી તેમણે રીઝવાન સામે જોયુ. (ક્રમશઃ)

# સોમનાથ મહાદેવના દર્શને વિરમગામના MLA હાર્દિક પટેલે ધ્વજારોહણ પૂજા કરી

## કોરિડોરના કારણે ટ્રાફિક અને ભીડની સમસ્યામાં રાહત મળ્યાનો ધારાસભ્યનો દાવો

**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ સોમનાથ મહાદેવના દર્શનાર્થે પહોંચ્યા હતા. વિરમગામ વિધાનસભા વિસ્તારના કાર્યકર્તાઓ સાથે સોમનાથ પહોંચેલા હાર્દિક પટેલે દેવાધિદેવ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે તેમણે ધ્વજારોહણ પૂજા પણ કરી હતી. કાર્યકર્તાઓએ હર હર મહાદેવના જયઘોષ સાથે ભક્તિમય વાતાવરણમાં ભાગ લીધો હતો.



સોમનાથના વિકાસ અને તીર્થધામમાં થઈ રહેલા આધુનિક માળખાગત સુવિધાઓ અંગે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશભરના ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોના વિકાસને નવી દિશા મળી છે. સોમનાથ જેવા વિશ્વવિખ્યાત જ્યોતિર્લિંગ તીર્થધામમાં ભક્તોની સુવિધાને કેન્દ્રમાં રાખીને વિકાસકાર્યો થઈ રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

સોમનાથ કોરિડોર અંગે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે કોરિડોર અને અન્ય વિકાસકાર્યોના કારણે અગાઉ જોવા મળતી ટ્રાફિક તથા ભીડની સમસ્યામાં રાહત મળી છે. મોટી સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓને સરળ અવરજવર સાથે વધુ સુવ્યવસ્થિત રીતે દર્શનનો લાભ મળી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. વિકાસકાર્યોના પરિણામે તીર્થયાત્રીઓને શાંતિપૂર્ણ અને સુવિધાજનક વાતાવરણ મળી રહ્યું હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો.

પેપર લીકના મુદ્દે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે યુવાનોના ભવિષ્ય સાથે રમત રમતા અને પરીક્ષા પ્રક્રિયાની વિશ્વસનીયતા સાથે ચેડાં કરતા તત્વો સામે કડક કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે. પેપર લીક જેવી પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકો સામે રૂ. ૧૦ કરોડ સુધીના દંડ અને ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ પ્રકારના કડક કાયદાથી પેપર લીક જેવી ઘટનાઓ પર અંકુશ આવશે અને મહેનતુ વિદ્યાર્થીઓ તથા યુવાનોને ન્યાય મળશે. સરકાર યુવાનોના ભવિષ્યને સુરક્ષિત રાખવા પ્રતિબદ્ધ હોવાનું હાર્દિક પટેલે ઉમેર્યું હતું.



### SCO સમિટમાં મોદીએ કહ્યું યુધ્ધનો ઉકેલ વાટાઘાટોથી નીકળે

# આતંકવાદને જડમૂળથી ખતમ કરવા બધા દેશો એક સાથે રહે; PM મોદી

## શંઘાઈ સહયોગ સંગઠન (SCO) હવે દુનિયાનું સૌથી મોટું ક્ષેત્રીય સંગઠન : પુતિન

**સિટી ન્યૂઝ@બિશ્કેક**



માત્ર આતંકવાદીઓને પકડવા કે મારવા પૂરતું નથી. તેમને પૈસા કોણ આપે છે, ભરતી કેવી રીતે થાય છે અને ક્યાં છુપાય છે, આ આખા નેટવર્કને ખતમ કરવું પડશે. કેટલાક દેશો માટે આતંકવાદ ખોટો અને કેટલાક માટે સાચો ન હોઈ શકે. બધાએ આતંકવાદ વિરુદ્ધ એકસરખી કડક નીતિ અપનાવવી પડશે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની અસર દૂર દૂર સુધી પહોંચે છે. દેશો વચ્ચે વિવાદ થાય ત્યારે યુદ્ધ કરવાને બદલે વાટાઘાટો અને કૂટનીતિથી માર્ગ શોધવો જોઈએ.

મોદીએ કહ્યું કે ભારત માટે SCO અલગ-અલગ દેશોની સભ્યતા, સંસ્કૃતિ અને વિચારોને જોડતું મંચ પણ છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બીજા વિશ્વ યુદ્ધ શરૂ થયાના ૮૭ વર્ષ પૂરા થવાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે આવી વૈશ્વિક ઉશ્કેરણીજનક ઘટનાઓ ન થવી જોઈએ, જે નવા યુદ્ધને જન્મ આપે.

પુતિને કહ્યું કે દેશોએ સાથે મળીને કામ કરવું પડશે, જેથી દુનિયામાં નવા સંઘર્ષોને ભડકતા રોકી શકાય. તેમણે કહ્યું કે વર્તમાન સહયોગ અને પ્રયાસો આ લક્ષ્યને પુરુ કરવામાં મદદ કરશે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની શરૂઆત કેટલાક દેશોના નાના સંગઠન તરીકે થઈ હતી, પરંતુ હવે તે દુનિયાનું સૌથી મોટું ક્ષેત્રીય સંગઠન બની ગયું છે. પુતિન મુજબ, SCOના સભ્ય દેશોમાં દુનિયાની લગભગ અડધી વસ્તી રહે છે અને આ દેશો દુનિયાની કુલ GDPના લગભગ એક-તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે.

મંગળવારે ૨૬મી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટમાં મોદીએ આતંકવાદ વિરુદ્ધ એકજૂટ કાર્યવાહીની જરૂરિયાત જણાવી. તેમણે કહ્યું કે માત્ર આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી અને જવાબી કાર્યવાહીથી કામ નહીં ચાલે, પરંતુ આતંકવાદના સમગ્ર તંત્રને ખતમ કરવું પડશે.

મોદીએ કહ્યું કે આતંકવાદનું ફંડિંગ, આતંકવાદીઓની ભરતી, કટ્ટરવાદ અને સુરક્ષિત આશ્રયસ્થાનોને ખતમ કરવા જરૂરી છે. આ મુદ્દે તમામ દેશોએ એક સૂરમાં વાત કરવી જોઈએ અને બેવડા વલણ માટે કોઈ જગ્યા ન હોવી જોઈએ.

પીએમ મોદીએ કિર્ગિસ્તાનમાં ભારત સાથે જોડાયેલા લોકો સાથે મુલાકાત કરી, જેમાં પ્રવાસી સભ્યો, શિક્ષણવિદો, રિસર્ચરો, ITEC ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને યોગ અભ્યાસકર્તાઓનો સમાવેશ થાય છે. આ SCOના ૨૫ વર્ષ પૂરા થવા પર આયોજિત ઐતિહાસિક સંમેલન છે. યુરેશિયાની સુરક્ષા, વ્યાપાર અને વ્યૂહાત્મક સંતુલનની દ્રષ્ટિએ આ વર્ષનું સૌથી મહત્વપૂર્ણ બહુપક્ષીય સંમેલન માનવામાં આવી રહ્યું છે. સમિટ પછી કિર્ગિસ્તાનની અધ્યક્ષતા સમાપ્ત થશે અને ૨૦૨૬૨૭ની અધ્યક્ષતા પાકિસ્તાનને સોંપવામાં આવે તેવી અપેક્ષા છે. ૨૦૨૭નું SCO શિખર સંમેલન પાકિસ્તાનમાં પ્રસ્તાવિત છે.

### X પર એડિટેડ ફોટો શેર કર્યો

# પાકિસ્તાનના 'હલકટવેળા' SCO સમિટની તસવીરમાંથી મોદીને હટાવ્યા







### મોદી સાથે ઉભેલા ઈરાની રાષ્ટ્રપતિને પણ ન બતાવ્યા

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – **"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય –
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
**આપનો સહકાર જરૂરી**